સ્વ. પૂજ્યપાદ કર્મસિંહજી સ્વામી.
સ્મારક માળા,—મણકો ૪ થો.

સુમન સંચય

સ્તબક ૧ લો.

પ્રસિદ્ધ કર્તા,—શાહ સાકરચંદ મોતીચંદ. કચ્છ-અંજાર.

સંગ્રહ કર્તા,—વિદ્યાર્થી (ભિક્ષુ)

It is not by turning over libraries but by repeatedly perusing and intently contemplating a few great models that the mind is well disciplined.-Macaulay.

ભાવાર્થઃ—પુસ્તકોના ભંડાર ઉથલાવી જવાથી નહિ પણ થોડાઐક મહાન્ નમૂના વખતોવખત ધ્યાન દઇને વાંચવાથી તથા તેનાપર આગ્રહપૂર્વક-વસ્તુના અંતમાં પેસીને-વિચાર કરવાથી સુશિક્ષિત બનેછે.—મેકૉલે.

કીંમત ફક્ત કોરી એક.

સ્વર્ગસ્થ પૂજ્યપાદશ્રી કર્મસિંહજીસ્વામી સ્મારકમાળા—મણકો ૪ થો.

સુમન સંચય.

પ્રથમ સ્તબક.

It is not by turning over libraries but by repeatedly perusing and intently contemplating a few great models that the mind is well disciplined. Macaulay.

ભાવાર્થઃ—પુસ્તકોના ભંડાર ઉથલાવી જવાથી નહિ પણ થોડા એક મહાન્ નમૂના વખતોવખત ધ્યાન દઇને વાંચવાથી તથા તેનાપર આગ્રહપૂર્વક—વસ્તુના અંતરમાં પેસીને—વિચાર કરવાથી મન સુશિક્ષિત બને છે.—**મેકૉલે.**

સંગ્રહ કર્તા,

વિજ્ઞાન ભિક્ષુ — મુંદ્રા (કચ્છ)

પ્રસિદ્ધ કર્તા.

દોશી. સાકરચંદ મોતીચંદ.

કષ્ટમ મુખ્ય પ્રુ—અંજાર (કચ્છ)

કિંમત. કચ્છી કોરી એક.

પ્રથમાવૃત્તિ પ્રત ૧૦૦૦ વીર સંવત્ ૨૪૩૯ (વિક્રમ ૧૯૭૦)

શ્રી સત્યવિજય પ્રિન્ટીંગ પ્રેસમાં સાંકળચંદ હરીલાલે છાપ્યું.
અમદાવાદ.

ॐ

तत् सत् परमात्मने नमः

અર્પણ પત્રિકા.

મુનિગુણગરીષ્ઠ બાલ બ્રહ્મચારી મુનિવર્યશ્રી
અમોલખ ઋષિજીની સેવામાં.
દક્ષિણ હૈદ્રાબાદ.

જ્યાં પૂર્વે કોઇ મુનિઓનું આવાગમન ન હતું તેવા દક્ષિણ
હૈદ્રાબાદ જેવાં ક્ષેત્રમાં કેવળ પરોપકારની ઉચ્ચ ભાવનાથી
અનેક સંકટો સહીને પણ આપ ગુરૂ સહિત વિચરો છો,
જૈનશાસનની ચઢતી થાય તે માટે નિરંતર સદિચ્છાપૂર્વક
સત્પ્રયત્નમાં મંડયા રહો છો, ધર્મના પ્રસાર અર્થે
મહાન શ્રમ વેઠીને બાવીસ નાના મોટા ગ્રંથો
બહાર પાડી હજી પણ તેવીજ પ્રવૃત્તિમાં અખંડ
રીતે મચ્યા રહો છો, એવા એવા આપના
મુનિને ઉચિત અનેક ગુણોથી
આકર્ષાઇ આપનાં ચરણ કમળ
પાસે આ ફુલની છાબ, તેના
પરિમલ પરાગના પ્રસાર અર્થે
સપ્રેમ ધરૂં છું; તેનો
અંગીકાર કરશો.

ગુણાનુરાગી,
વિજ્ઞાન ભિક્ષુ
મુંદ્રા-કચ્છ.

અનુક્રમણિકા.

સુચના.

આ પુસ્તકના પ્રુફ તપાસવામાં દૃષ્ટિદોષથી કે છાપખાનાના માણસોની ગેરસમજથી કોઇ ભૂલ રહી જવા પામી હોય, તો તે માટે વાચક મહાશય ક્ષમા પ્રદાન કરશો એવી આશા છે–પ્રસિદ્ધ કર્તા.

उन्नत जीवन.

(સદા સંસારમાં સુખ દુઃખ સરખાં માની લઈએ—એ રાગ.)

હશે શું મૂઢ એવા માનવી આ અવની પરે,
જીવે પશુ પેર જે ન કાંઈ ઉચ્ચગ્રાહ[1] ધરે. હશે શું...
સહજવૃત્તિને[2] પોષવા જે તે રસ્તે ખુબ,
અનન્ત ચિંતા ધરી મને કરતા નિત્યે ફૂટ.
બનીને સ્વાર્થે અંધ જગત નિજમાં જુએ છે,
પાણીનાં મૂલ્યથી અમૂલ્ય જીવનમણિ ખુએ છે. હશે શું. ૧
જીવે છે મૃગપક્ષીઓ, વનસ્પતિ પણ એમ;
ઉત્પત્તિ વૃદ્ધિ અને વિનાશ ચક્રે તેમ.
અવશે[3] એક રીતે જન્તુ સર્વ એ ફરે છે,
સદા સુખ દુઃખ લાગણી સમી અનુભવે છે. હશે શું. ૨
શાન્ત હૃદયસરિતા વહે ઉન્નતભાવ સદાય.
તેનાં સંતત સ્નાનથી મન બુદ્ધિ સોહાય.
કૃતિ મતિ વાણી જેની નિર્મળી રહી કલ્યાણી,
જીવે છે એજ ખરૂં ધન્ય સફળ જીવન પ્રાણી. હશે શું. ૩

---

૧ ઉચ્ચભાવના. ૨ આહાર, નિદ્રા, ભય, મૈથુન વગેરે. ૩ પરતંત્ર રીતે.

અઢળીક ધન સંપત્તિને ભલે મલ્યા ઇલકાબ.
સુખસંસાર તણાં મળે ધર્મી મનાય આપ.
છતાં એ તુચ્છ જીવ જો ન દૈવી વૃત્તિ[૧] ધરે,
આસુરી વૃત્તિની[૨] હમેશ વૃદ્ધિ જે કરે છે. હશે શું. ૪
ધર્મ વિસારી વિચરે બની ભોગલોલુપ,[૩]
પામર જીવન પશુ સમું જ્ઞાની હો કે ભૂપ.
વિચારી જીવનનું રહસ્ય સુવિવેકથી જે,
કરે છે ચિત્તને વિશુદ્ધ, ખરૂં જીવતો એ. હશે શું. ૫

---

૧ સારી વૃત્તિ. જેવી કે હૃદયશુદ્ધિ, જ્ઞાન, દયા, મૈત્રી, કરૂણા મુદિતા વગેરે. ૨ ખોટી વૃત્તિ, જેવી કે મદ, માન, મોહ, ક્રોધ, લોભ, અહંકાર, ઇર્ષ્યા વગેરે. ૩ વિષયભોગ ભોગવાની લાલસાવાળો.

काव्यनुं स्पष्टीकरण.

મનુષ્ય જન્મે છે, વધે છે, શીખે છે, વ્યવહારમાં પડે છે, સહજ વૃત્તિઓને પોષે છે, પોતાનાં મનોમય જગતમાં સુખદુઃખ માની તેવી તેવી લાગણીઓનો અનુભવ કરે છે, વિવિધ વેષો ભજવે છે, અને કાળ આવતાં મૃત્યુના અભેદ્ય અંધારા પડદા પાછળ છુપાઈ જાય છે. આ મનુષ્યજીવનનું સમગ્ર સ્વરૂપ છે. મનુષ્ય જન્મ પામી પશુઓને પણ સુલભ એવી સ્વાભાવિક પ્રેરણાઓને જ પોષવામાં ઇતિકર્તવ્ય માની પોતે પોતાની માની લીધેલી માનસ સૃષ્ટિના મર્યાદિત પ્રદેશમાં ફરવું, ' હું અને મ્હારૂં 'ની સાંકડી દૃષ્ટિમર્યાદાથી બહાર ન જવું, કશાપણ ઉદ્દેશ વિનાનું જીવન ગાળવું એ બહુ અંશે પ્રાકૃત બુદ્ધિનું પરિણામ છે. જીવવું, જીવનવ્યવહાર ચલાવવો. જીવન સાધનસંપત્તિ હોવી એમાં કાંઈ વિશેષ શ્રેષ્ઠતા કે મહત્તા નથી. પશુ અને વનસ્પતિ વર્ગને પણ એ હોય છે, અને શ્વાસોચ્છ્વાસ તો લુહારની ધમણ પણ લે છે. જીવન એ કુદરતે આપેલી થાપણ છે અને તેનો ઉત્તમ વ્યય કરવો એ જ તેની સફળતા છે. જે જીવનમાં શુભ વિચાર અને શુભક્રિયા દ્વારા શુભવાસના અને ધર્મરૂપી અદૃષ્ટ બંધાતાં નથી પરંતુ અશુભ વિચાર અને ક્રિયાવડે અશુભ વાસનાની વૃદ્ધિ થાય છે, અને અધર્મરૂપી અદૃષ્ટ બંધાય છે તે જીવન અધમ છે. એમાં જીવનનો ઉત્તમ વ્યય નથી. એ પામર છે, પશુ સમ છે, અધોગતિનું કારણ છે. ઉચ્ચાનુગામી વૃત્તિ, શીળ, વિચાર, ક્રિયા અને સાધુ જીવન એ જ ખરૂં જીવન છે; મનુષ્યત્વ એમાં છે; ધર્મ, લાભ, યશ, સફળતા એમાં છે. આ વાત વિશેષ સ્પષ્ટ કરવાને પ્રયાસ કરીએ.

'જેની પ્રાપ્તિમાં મનુષ્ય પોતાના જીવનની સફળતા તથા સકળ કૃતિની કૃતાર્થતા સમજતો હોય, જેની અપ્રાપ્તિ કરતાં પ્રાણાર્પણ પણ વધારે ઇષ્ટ ગણતો હોય તે તેના જીવનની ભાવના થઈ કહેવાય. એને જીવનની ભાવના કહો, જીવનનો આદર્શ કહો, ઉદ્દેશ કહો કે ઉચ્ચગ્રાહ કહો–ગમે તે કહો પણ તે વિનાનું જીવન તો ફુટબૉલના જીવન જેવું છે. કે જે જેમ લાત વાગે છે તેમ ગબડે છે, પરંતુ જેની ગતિ કોઈપણ રીતે હેતુપૂર્વક કે સિદ્ધિસાધક થતી નથી;' આવું જીવન કે જેને કશો પણ ઉચ્ચગ્રાહ નથી તે ઉચ્ચ કહી શકાય નહિ. વિચારપૂર્વક નિરીક્ષણ કરનાર વિવેકી પુરૂષને જણાશે કે મનુષ્યોનો મ્હોટો ભાગ આવું જીવન ગાળે છે. ઉન્નત જીવન ગાળનાર તો વિરલ નીકળે છે. મનુષ્યસ્વભાવનું અવલોકન કરનારને તેમાં બે તત્ત્વ રહેલાં સમજાય છે; એક પશુત્વ અને બીજું મનુષ્યત્વ. આહાર, નિદ્રા, ભય, મૈથુન ઇત્યાદિ પ્રકારનાં ઇન્દ્રિયસુખ મેળવવામાં અને તેમને અનુભવવામાં મનુષ્ય અને પશુ સાધારણ રીતે સમાન મનાય છે પણ મનુષ્યમાં જે બીજું તત્ત્વ રહેલું છે, તેને લીધે તે અન્ય ક્ષુદ્ર પ્રાણીઓ કરતાં અધિક છે. આ તત્ત્વ તે સવિચારત્વ, મનુષ્યત્વ કે ધર્મવૃત્તિ છે. આ તત્ત્વની ખીલવટ જેણે કરી નથી, તેનું જ્ઞાન જે પામ્યો નથી અને પશુભાગને સંતૃપ્ત કરવાની ખટપટમાંજ જે જીવન ગાળે છે તે મૂઢ છે, શીંગડાં અને પૂછડાં વિનાનો પશુ છે, પામર છે. સ્વાભાવિક રીતે જ ભાવીલાભ અને સુખ કરતાં તાત્કાલિક લાભ અને સુખને મનુષ્ય બહુ ચ્હાય છે અને તેથીજ પશુવૃત્તિનું પ્રાબલ્ય વિશેષ છે. પશુત્વભાગ સુખનો તાત્કાલિક અનુભવ કરાવે છે, અને સવિચારત્વ અથવા ધર્મવૃત્તિ આ સુખને નહિવત્ સમજાવનાર છે. આ બે તત્ત્વોનું દ્વંદ્વયુદ્ધ મનુષ્યમાં નિરંતર ચાલ્યાં કરે છે, અને

જ્યાં સુધી એકનો બીજા ઉપર સંપૂર્ણ વિજય નથી થયો, ત્યાંસુધી આ યુદ્ધ પણ શાન્ત થતું નથી.

ખરૂં કહીએ તો આહાર, નિદ્રા આદિ સહજવૃત્તિઓ છે, અને તેમને સંતોષવી એવી આંતર પ્રેરણા છે. તેમના સંતોષમાં એક પ્રકારનો સુખનો અનુભવ થાય છે; અને આ સંતોષ તેના સ્વાભાવિક રૂપમાં નિંદ્ય અથવા અનિંદ્ય નથી. કોઈ પણ કહી શકશે નહિ કે સહજ વૃત્તિઓને સંતોષ પમાડનાર સારૂં અથવા નરસું કરે છે. ભારે પદાર્થોનું નીચે પડવું, પાણીનું સરખી સપાટીએ રહેવું ઈત્યાદિ જેમ સ્વાભાવિક છે, નિયમ-બળ છે તેમજ સહજ વૃત્તિઓનો તેના તેના વિષયોની પ્રાપ્તિથી સંતોષ થવો એ નૈસર્ગિક નિયમ છે. પરંતુ આ સહજવૃત્તિઓ મનુષ્યના સંબંધમાં આવતાં પોતાનાં સહજ શુદ્ધ સ્વરૂપમાં રહેતી નથી. ક્ષુદ્ર પ્રાણીઓમાં સહજ વૃત્તિઓનો ઉદય થતાં તેના વિષયની પ્રાપ્તિ માટે તે પ્રયત્ન કરે છે. અને તે પ્રાપ્ત થતાં તે સહજ વૃત્તિ સંતુષ્ટ થઈ જાણે નિવૃત્ત થતી હોય એમ થાય છે. ગાયને ભૂખ લાગતાં તે ખાવાનું ખોળે છે. અને તે પેટપૂરતું મળ્યું એટલે તેને સંતોષ થાય છે. મનુષ્યમાં સહજ વૃત્તિઓ આથી વિલક્ષણરૂપમાં પ્રતીત થાય છે. અહિં તેમની સ્થિતિનો કાળ માત્ર તેના વિષયની અવધિ સુધી ન રહેતાં વધે છે વધતો જ રહે છે. સ્વાભાવિક આહાર વૃત્તિને જોઈએ તેટલું મળ્યા છતાં તે સંતુષ્ટ થતી નથી અને કૃત્રિમ અશુદ્ધ રૂપ ધારણ કરે છે. ભોજન સામગ્રીઓની ટાપટીપ, તેને ઘડી કાઢવામાં અને મેળવવામાં થતી કડાકૂટ, ચા, નાસ્તા, તરેહવાર ખાણાંઓ એ સર્વથી પણ આહારવૃત્તિ સંતોષ પામતી નથી અને કેમ જાણે મળ્યું ન હોય તેમ વગર જરૂરે પણ કંઈ મિષ્ટ અને સ્વાદિષ્ટ પદાર્થો માટે ઝંખે

છે, પ્રયાસ કરે છે, અને મળે છે ત્યારે પણ તેથી ધરાતી નથી. લોક નિન્દા કરે, શરીરને હાનિ થાય, તાત્કાલિક દુઃખ પડે, તોપણ ગમે તે રસ્તે તેને મેળવવા મથવું એ સ્વાભાવિક નથી, નિર્દોષ નથી, વખાણવાયોગ્ય નથી. ન્યાય-અન્યાય, નીતિ-અનીતિ, ધર્મ-અધર્મ ઇત્યાદિનો કશો વિચાર ન કરતાં પારવિનાની ચિંતા તથા તેની સાથે રહેતી બીજી શોષક વૃત્તિઓ—જેવી કે આશા, વિષાદ, ભય, શંકાને સેવતે રહી કામનાથી પ્રેરાઇને રાગદ્વેષપૂર્વક સહજ વૃત્તિઓને સંતોષ પમાડવામાં મચ્યા રહેવું એ પામર જીવનનું ખાસ લક્ષણ છે. સહજવૃત્તિઓને તેના સહજશુદ્ધરૂપમાં સંતોષ પમાડવી એ કંઇ નિંદ્ય કે અનિંદ્ય નથી એ પૂર્વે કહેલી વાતનું વિસ્મરણ થવું ન જોઇએ. લોભ, મોહ, મદ, મત્સર વ્યભિચાર ઇત્યાદિ જે જે દોષો મનુષ્યમાં જોવામાં આવે છે તે સહજવૃત્તિના અસ્વાભાવિક કૃત્રિમ રૂપના પોષણનાં ચિંતા અને અસંતોષનાં પરિણામ છે. જે મનુષ્ય ધર્મને પોષે નહિ એવા આચાર, વિચાર, વાચન, સંગતિ આદિને સેવે છે, વિષયવાસનાને વધારી તેને તૃપ્ત કરવાને અન્યના સ્વાર્થને હણે છે, તે સ્વાર્થ અંધ મનુષ્યનું જીવન ઉન્નત નથી પણ ક્ષુદ્ર-તુચ્છ-પામર છે. વળી એવા મનુષ્યો પોતાની તૃપ્તિ, સુખ, સગવડમાં જગતની તૃપ્તિ સુખ અને સગવડ માની લે છે, અને પેટ ભરાયું એટલે પાટણ ભરાયું એમ ગણી જગતનાં કલ્યાણ અર્થે કંઇ પણ કરતા નથી. પોતાને મળેલી શક્તિઓનો પરોપકાર કરવામાં વ્યય કરતા નથી. આવા સ્વાર્થ પરાયણ કૃપણ અને સંકુચિત હૃદયવાળા મનુષ્યો રાક્ષસ કરતાં પણ વિશેષ અધમતાસૂચક નામને યોગ્ય છે એમ કહેવામાં શું ખોટું છે વારૂ ? હાથે ચડેલો હીરો હાથે કરીને પાણીની કીમતે ફેંકી દેનાર મૂર્ખશિરોમણિ જ છે. આમ

લખીને લેખક પોતાને સાભિમાન ઉચ્ચ સ્થાને મૂકવાનો પ્રયાસ કરવાની ધૃષ્ટતા કરતો નથી. તેના સ્વપરીક્ષક સ્વભાવથી તેના જીવન વ્યવહારનું સ્વરૂપ અજાણ્યું નથી. જીવન કેવું હોવું જોઇએ અને કેવું ન હોવું જોઇએ એ જ દર્શાવવાનો આ પ્રયાસ છે. સવિચારત્વ—ધર્મવૃત્તિ—દબાતી ચાલે અને કેવળ પશુભાગ પરિપુષ્ટ થાય એવો જીવનવ્યવહાર અનિષ્ટ છે; એવું જીવન પામર છે.

કેટલાક લોકો એમ માને છે કે જીવનવ્યવહારનાં પોતાને જરૂરનાં લાગે તેવાં કામો બજાવવામાં રાત્રિ દિવસ મંડયા રહેવું. અને અધ્યાત્મ ભાગને પોષે તેવા વિચાર વાચનની કડાકૂટથી દૂર રહેવું; એમાં કંઇ જીવનનો અસદ્વ્યય થયો ગણાય નહિ. માનવું તો ઠીક છે. સ્થિતિ અને સંજોગોને આધિન રહી પોતાને ભાગે આવતાં કર્તવ્ય બજાવી છૂટવાં એ વખાણવા યોગ્ય છે; પરંતુ અધ્યાત્મભાગને પોષે એવી કોઈ ઉચ્ચભાવના-ઉચ્ચગ્રાહને લક્ષમાં રાખ્યા વિના, સવિચારત્વ-ધર્મવૃત્તિનું બળ વધારે તેવા સાત્વિક આચાર વિચાર આદિનું સેવન કર્યા વિના યન્ત્રવત્ એકજ બાંધી રીતે ચેષ્ટા થાય, ઘાણીના બળદની પેઠે એના એ માર્ગમાં પરિભ્રમણ થાય. સંસારસુખથી પર એવું કંઇજ નથી એમ સમજી તેનીજ પછવાડે લક્ષ રાખી કૃપણતા, સ્વાર્થ અને સંકોચવૃત્તિથી એ કર્તવ્ય બજાવાય તો તેને ગદ્ધામજુરી સિવાય બીજી કોઈ ઉપમા આપી શકાય એમ નથી. કર્તવ્ય બજાવવાની લાગણીને અમે છેક વખોડતા નથી, પણ ઉચ્ચગ્રાહ વિનાનાં કેવળ સ્વાર્થપર-પોતાના અને પોતાનાં કહેવાતાં અન્ય કુટુમ્બીઓનાં પેટને માટે કરવાનાં કર્તવ્યો કે જે અફટકેજ કરવાનાં હોય છે તેજ--કર્તવ્યો બજાવવાની લુખી ભાવનાને ઉદ્દેશીને એ કહેવું છે. ઘણા વિદ્વાનોનો એવો મત છે

કે શરીરનાં બંધારણમાં અન્નાદિની આવશ્યકતા છે, તેવી રીતે મનુષ્યના અધ્યાત્મભાગની સ્થિતિ સારૂ ધર્મ એક આવશ્યક અંગ છે. અન્નાદિ વિના જેમ શરીરાદિ સૂકાય છે તેમ ધર્મ ભાવનાના પરિપોષણ વિના મનુષ્યનું અધ્યાત્મ જીવન સૂકાય છે. મનુષ્ય જીવનની પશુ જીવનથી વિલક્ષણતા આ ધર્મતત્વમાં રહેલી છે, એટલે એ અધ્યાત્મ ભાગને પોષતાં ધર્મની ભાવનાથી અનિયન્ત્રિત એવી લુખી કર્તવ્યભાવના બહુ પ્રશંસાને પાત્ર નથી. નોકરી, વ્યાપાર અને એવા દ્રવ્યોત્પાદક બીજા ધંધા કે જેમાં પરાર્થ કરતાં સ્વાર્થ ઉપર તરતો હોય તેના માટે કેમ જાણે જીવન હોય તેમ અહોનિશ તેમાંજ રચ્યા પચ્યા રહેનાર લોકોની જીવનપદ્ધતિ સર્વથા ઉચ્ચ અને પ્રશસ્ય હોતી નથી. જેમ ખાવાને માટે જીવન નથી પણ જીવન નભાવવા—ટકાવવા અર્થે ખાવું છે તેમ નોકરી, લક્ષ્મી, રાજ્યસત્તા, અધિકાર આદિને માટે જીવન નથી, પણ જીવનનાં એ ઉપકારક અંગ છે એમ સમજી એનો આવશ્યક હોય તેટલો અને તેવો ઉપયોગ લેવો. ધર્મ વિનાની લુખી કર્તવ્ય ભાવના કે જેમાં મનુષ્યના અધ્યાત્મ ભાગને સંતૃપ્ત કરવાનું બિલકુલ લક્ષ નથી તે ઉપર ઉપરથી ગમે તેટલી મોહક—આકર્ષક હોય તોપણ સર્વથા ગ્રાહ્ય તો નથી જ. કર્તવ્ય બજાવવાં, પણ તેમાં ફલની આસક્તિ કે હુંપણાનું અભિમાન લેશ પણ ન હોવું જોઇએ. પરમાર્થ બુદ્ધિ ઉદ્દેશ્ય તરીકે હોવી જોઇએ. જે કર્તવ્યોમાં પરમાર્થબુદ્ધિને ઉદ્દેશ્યરૂપે સ્થાપવામાં આવતી નથી તે ઉચ્ચ નથી. તેવું જીવન ઉચ્ચ નથી. જો કે પ્રથમ કહ્યા તેવા પામર જીવો પરત્વે આવું જીવન અધિક સારૂં કહી શકાય.

ધર્મ શબ્દથી કોઇ અમુક સંપ્રદાય પંથ વાડો કે અમુક ધર્મનાં કહેવાતાં કર્મો એમ કહેવાનો ભાવ નથી. પણ જીવાત્માના અધ્યાત્મભાગને પોષે–સંતોષે તેવી ધર્મભાવના એમ સમજવું. આ ધર્મભાવનાનું સ્વરૂપ અધ્યાત્મ જીવનના વિકાસ ઉપર આધાર રાખે છે. જીવાત્માના અધ્યાત્મ જીવનનો જેમ જેમ વિકાસ થાય છે તેમ તેમ પ્રથમની ધર્મભાવના પલટાતી જાય છે અને ચઢીઆતી ભાવના તેનું સ્થાન લે છે. આ વિષય અહિં પ્રસ્તુત નથી એટલે એ સંબંધમાં વિશેષ વિસ્તાર કર્યો નથી.

કશા પણ ઉચ્ચગ્રાહ વિનાનું, સહજવૃત્તિઓની કૃત્રિમ હાજતોને ગમે તે રસ્તે પોષવાની કડાકૂટમાં રચીપચી રહેલું, સ્વાર્થપરાયણ જીવન અત્યંત પામર છે. ધર્મભાવનાથી અનિયન્ત્રિત એવી લુખી કર્તવ્યભાવના સર્વથા વખણાવાયોગ્ય નથી; એવું જીવન પણ ઉચ્ચ નથી એ વાત સમજ્યા પછી ઉન્નત જીવનનું સ્વરૂપ નિરખીએ. શ્રીમદ્ ભર્તૃહરિ કહે છે કે:—

मनसि वचसि काये पुण्यपीयूषपूर्णा–
स्त्रिभुवनमुपकारश्रेणिभिः प्रीणयन्तः ।
परगुणपरमाणून्पर्वतीकृत्य नित्यम्
निजहृदि विकसन्तः सन्ति सन्तः कियन्तः ॥

ભાવાર્થઃ—મન, વચન અને કાયામાં પુણ્યરૂપી અમૃતથી ભરેલા, ત્રિભુવનને ઉપકારની પરંપરાથી આનન્દ આપતા અને અન્યના જરા જેટલા ગુણને બહુ મ્હોટો કરી નિત્ય પોતાના હૃદયમાં વિકાસ પામતા સંત પુરૂષો તો વિરલ જ છે.

જેની હૃદયરૂપી નદી દુષ્ટ સંસ્કારો, ભાવનાઓ, વાસનાઓ અને વિકારોથી મેલી ખળભળેલી હોતી નથી, પણ શાન્ત અને

સ્વસ્થ હોય છે, નિત્ય ઉન્નતભાવોનું વહન કરી રહી છે, જેનાં મન અને બુદ્ધિ એવી ભાવનાઓમાં રમણ કરતાં રહી દૃઢ અને તેજસ્વી બનેલાં છે, શાન્ત હૃદય, દૃઢ મન અને તેજસ્વી બુદ્ધિને પરિણામે જેનાં કાર્ય માત્ર કલ્યાણકારક અને શુભ છે, એ સર્વ વડે જેઓ પુણ્યરૂપી અમૃતનો સંચય કરે છે તેજ ખરૂં જીવે છે, તેજ ધન્ય છે અને તેનુંજ જીવન સફળ છે.

ચમત્કાર ઉત્પન્ન કરે—લોકોમાં વાહ વાહ બોલાવે એવો બુદ્ધિ વિભવ કે તર્ક કુશળતા કોઈ મેળવે, કે છએ શાસ્ત્ર ભણી ઉતરે, છતાં જો હૃદયના ભાવ દુષ્ટ હોય તો તેવાં બુદ્ધિ અને મન વાસ્તવિક રીતે શોભતાં નથી, તેમજ તેનાથી થતા નિશ્ચય અને સંકલ્પ અદૃઢ અને મલીન હોઈ બાહ્ય આચાર વિશુદ્ધ હોતો નથી. વ્યાખ્યાન કુશળતા, લેખન ચાતુર્ય, વક્તૃત્વ શક્તિ, કાવ્ય અને સંગીતમાં નિપુણતા એ સહુ બુદ્ધિને અમુક પ્રકારની કેળવણી આપનાં સહેલાઇથી મળી શકે છે. ભોગવાસનાને સંતૃપ્ત કરવાનાં એ સાધન છે અને અમુક દૃષ્ટિએ અમુક મર્યાદામાં તે ગુણો પણ આવશ્યક છે. માણસે એ પણ મેળવવાં જોઇએ. પણ એ મેળવીને એમાંજ સફળતા સમજી અટકી રહેવું એ વખાણવા યોગ્ય નથી. એની સાથે સત્યનિષ્ઠા, સ્વાર્પણ, પ્રેમ, સમદૃષ્ટિ, ન્યાય, સચ્ચારિત્ર એ હોવાં જોઇએ. તે હોય નહિ તો ગમે તેટલો બુદ્ધિવિભવ અને માનસિક સમૃદ્ધિ હોવા છતાં જીવન શુષ્ક—ક્ષુદ્ર—પામર ગણાય છે. આ સદ્‌ગુણો હૃદયની ઉચ્ચ પ્રકારની સ્થિતિ વિના સંભવી શકતા નથી. બુદ્ધિ તેજસ્વી થઇ એટલે આત્મસુધારણા થઇ ચૂકી એમ સમજવું બહુ ભૂલભરેલું છે. બુદ્ધિબલ અને માનસિક સમૃદ્ધિને નિયમમાં રાખનારૂં હૃદયબલ ઉજ્જવલ રીતે પ્રકાશતું હોય તો તેવું જીવન ઉચ્ચકોટિનું મનાય છે. હૃદયપ્રેરિત ન હોય તેવાં બુદ્ધિનાં કાર્યો ઉચ્ચ અસર-

કારક અને પવિત્ર નીવડતાં નથી. સત્સંસ્કારોથી હૃદય સમૃદ્ધ હોય તોજ તેવી પવિત્ર હૃદયગંગામાં સ્નાન કરતાં મનબુદ્ધિ અને તેના કામો દીપી નીકળે છે. શુભ સંકલ્પ, શીળ, દૃઢ મન અને યથાર્થ નિશ્ચય વાળી બુદ્ધિ અને એ બંનેને તેવાં રાખનાર ઉચ્ચ સંસ્કારોથી ભરેલું હૃદય. આ ત્રણનો યોગ જ્યાં છે અને તેને પરિણામે જેની પ્રવૃત્તિ માત્ર શુભ, ન્યાયી, પરોપકારી, પવિત્ર અને સાત્વિક હોય તેવા મનુષ્યનું જીવતર ધન્ય છે. તેજ કૃતાર્થ છે.

શરીર બળને પણ વિસરવું ન જોઇએ. તનશક્તિ આણવી સહેલ છે અને કેવળ શારીરબળ—કામરાગયુક્ત શારીરબળથી યુક્ત જીવન ઉચ્ચ પંક્તિને યોગ્ય નથી, તોપણ અંતરની કરણ-સામગ્રી વિશુદ્ધ હોય તેને માર્ગ આપવાનું કાર્યરૂપે પરિણામ પમાડવાનું સાધન શરીર છે. ધર્મ, અર્થ, કામ અને મોક્ષનાં એક સાધન રૂપ પણ મનાય છે, તો શરીરનું આરોગ્ય અને કામ–રાગથી રહીત બળ પણ ઉચ્ચ જીવનનું ઉપકારક અંગ છે. આવાં શારીરબળનો યોગ આગળ કહેલાં મન, બુદ્ધિ અને હૃદયના ઉત્તમ પ્રકારના યોગ સાથે મેળવો તો દૂધમાં સાકર નાંખ્યા જેવું થશે. એવું જીવન બહુ ઉન્નત પણ વિરલ છે ખરૂં.

લક્ષ્મી, કીર્તિ, અધિકાર, રાજ્યસત્તા વગેરેને ઈશ્વર માફક પૂજતું તેનીજ પાછળ અહોનિશ ભ્રમતું જીવન ઉચ્ચ કેમ ગણાય ? ઇલ્કાબ, ડીગ્રી, અધિકાર, દ્રવ્ય, સત્તા એ જેણે મેળવ્યાં હોય તેના બહારના દેહારાથી અને ઉપર ઉપરનાં સામાન્ય મનુષ્યને આંજી નાંખે તેવાં સુખ અને સુખોત્પાદક સાહિત્યોથી એ જન્મારાને સફળ માનવાની ભૂલ થાય એ સંભવિત છે, તથાપિ વસ્તુતઃ એવું કંઈનથી. એ જીવનને ઉચ્ચ શ્રેણિએ લઇ જવામાં અનુકૂળતા અને સગવડ

કરી આપનારાં કદાચ ગણીએ તો તેમાં બહુ બાધ નથી અને એ દૃષ્ટિએ તે મનુષ્યને આવશ્યક પણ છે ખરાં. એ સર્વ સંસારસુખો અત્યંત કષ્ટે મળનારાં–મળ્યા છતાં પણ ઇચ્છાને તૃપ્ત ન કરનારાં, નિઃસાર, વિરસ, પરિણામશીળ, વિકારી અને અનિત્ય છે. તેમાં રચ્યા પચ્યા રહેવાથી હૃદયમાં ખોટી વાસનાઓ ભરાય છે અને આત્માને ડુબાડે છે એટલે કેવળ એનીજ પ્રાપ્તિમાં સફળતા નથી. તેના ઉપયોગની યથાર્થતા ઉપર જીવનની મહત્તા છે.

ધર્મી કહેવડાવનારા, ધર્મની વાતો કરવામાં કુશળ, સંસાર ચતુર પણ ખરી ધર્મવૃત્તિથી હીન લોકોનું જીવન તુચ્છ છે. ઉચ્ચ સદ્‌વૃત્તિને સ્થાને અસદ્‌વૃત્તિ વર્તતી હોય–વધતી હોય, ભાવ દુષ્ટ હોય, આચાર અશુદ્ધ હોય તો દ્રવ્ય, કીર્તિ, રાજ્યસત્તા, ઈલ્કાબ, ડીગ્રી મેળવ્યાથી, સાધુ–સંન્યાસી કહેવડાવવાથી, આચાર્ય મનાવવાથી, ગ્રંથકાર–કાવ્યકાર સંગીતવેત્તા તરીકે પ્રસિદ્ધિ મેળવ્યાથી, પંડિત શાસ્ત્રીમાં ગણાવાથી જીવન ઉચ્ચ બની શકતું નથી. રાજવૈભવ અને ક્રિયાશૂન્ય લુખું જ્ઞાન પણ જીવનને ઉચ્ચ સ્થિતિએ સ્થાપી શકતાં નથી. એ મલ્યાથી જીવનની સફળતા ગણાતી નથી.

કેવળ સહજવૃત્તિની કૃત્રિમ અશુદ્ધ હાજતોને પૂરી પાડવાની ખટપટમા પડેલું, ચિંતા, ભય વિહ્વળતાથી, રાગદ્વેષ, સુખદુઃખથી ઘડીએ ઘડીએ રંગ બદલતું, કેવળ સ્વાર્થ, સંકોચ, કૃપણતાથી ઉભરાતું, ગતિ ઘણી પણ પ્રગતિ કંઇ જ ન કરતું, હેતુશુન્ય હોવાથી– જીવન ફુટબૉલના દડા જેવું, વનસ્પતિ, કીડા અને પતંગીઆં જેવું તુચ્છ છે–ક્ષુદ્ર છે–પામર છે–નિઃસાર છે–વ્યર્થ છે.

આવાં જીવન કરતાં જે જીવનમાં મન બુદ્ધિને કેળવી બુદ્ધિ વિભવ અને માનસ સમૃદ્ધિ મેળવવામાં આવે છે, સાહિત્ય, વિદ્યા

સુધારા આદિના વિચારો ફેલાવવામાં આવે છે, અધ્યાત્મજીવનને પોષતા ધર્મથી અનિયન્ત્રિત કર્તવ્યભાવનાને અનુસરવામાં આવે છે, તે ઠીક છે, પરંતુ એ જીવનને મત્સર, દુરાગ્રહ, મિથ્યાભિમાન, અસત્ પ્રવૃત્તિમાં અટવાઈ જવાનો સંભવ છે; તથા પરાર્થે સ્વાર્પણ, સત્યનિષ્ઠા, સંયમ જેવા ઉચ્ચ સદ્‌ગુણોને કેવળ બુદ્ધિવિભવ પોષી શકતો નથી એ જોતાં આ જીવન પણ ઉચ્ચ પંક્તિએ આવી શકતું નથી.

સાધુ, સંન્યાસી, આચાર્ય, મહારાજ જેવી પદવી કે ધર્મિષ્ઠ, ભક્ત, પંડિત, શાસ્ત્રી જેવાં ઉપનામ, ડીગ્રી, ઈલ્કાબ મેળવવાથીજ જીંદગીનું સફલપણું નથી. એ નામોમાં કંઈ સાર નથી. નામ માત્ર ધરાવેથી કે વેષ પહેરેથી કંઇ સિદ્ધિ મળતી નથી. તોપણ એવી સ્થિતિવાળાને જીવનની સફલતા કરવાને અનુકૂળ પડે તેવાં સાધનો છે. એટલે તેનો ઉપયોગ યથાર્થ રીતે થતો હોય તો તેવું જીવન ધન્ય છે—નહિતર એ જીવન પણ તુચ્છ છે.—પામર છે.

વિદ્યા, અધિકાર, પદવી વગેરે જીવનનો સદ્‌વ્યય કરવાનાં સાધન છે. મનુષ્ય તેને સાધ્ય માની લે છે એ ભૂલ છે. એ મેળવીને જીવનનો સદ્‌વ્યય કરવાનો છે. તે થાય નહિ તો એ મળ્યા છતાં પણ જીવન તો પ્રાકૃત—પામર—ક્ષુદ્રની ગણનામાં આવે છે.

મન, વચન અને શરીરની શુભ ક્રિયા થાય, અશુભ ક્રિયા ન થાય અને તેથી વિષયવાસનાઓ, અશુભવાસનાઓ અને અધર્મ રૂપી અદૃષ્ટ ન બંધાતાં શુભ વાસના અને ધર્મરૂપી અદૃષ્ટ બંધાય, ત્યારે જ જીવનનો સદ્‌વ્યય થયો ગણાય. હૃદય—પ્રકૃતિ—સ્વભાવ—બુદ્ધિ નિર્મળ—પવિત્ર—વિશુદ્ધ—નિર્મોહી હોય, આચાર પરમ સાત્વિક હોય, તોજ જીવન સફલ થયું ગણાય.

આમ કયારે થાય ? બધી વાતનો આધાર ચિત્ત ઉપર આવીને ઠરે છે. જીવનનો સદ્‌વ્યય કરી તેને સફળ કરવા સારૂ જે પ્રયત્નો કરવાના છે, તે આપણા અંતઃકરણની શુદ્ધિ તથા સંયમ સારૂ જ કરવાના છે. चित्तमेव हि संसारस्तत्प्रयत्नेन शोधयेत् ॥ ચિત્તજ—અંતઃકરણ જ સંસાર છે. તે ચિત્તને પ્રયત્ને કરી વિવેકી માણસે શુદ્ધ કરવું જોઇએ. ચિત્તમાં જ્યાં સુધી દોષ રહ્યા હશે, ત્યાં સુધી જીવનનો સફલ વ્યય થઈ શકશે નહિ. એના મેલ ધોવાય તો જ જીવન સફળ કરી શકાય. ચિત્તમાં રહેલા દોષો એટલે મનુષ્ય સ્વભાવમાં રહેલાં જે સવિચારત્વ અને પશુત્વ તેમાંનું પશુત્વ અર્થાત્ પશુવૃત્તિઓનું પ્રાબલ્ય તેજ દોષ. એ દોષ દૂર થાય, પશુ ભાગ નબળો પડી સવિચારત્વનો જય થાય, તો જીવનની સફળતા સાધી શકાય. બાકી એ પશુવૃત્તિનું જોર હોય, જગતમાં અનેક દોષો ભર્યા પડયા હોય, તો માત્ર બાહ્ય સુખનાં મનાતાં સાધનો જ્ઞાન, અધિકાર, સત્તા આદિથી જીવન ઉચ્ચ બની શકતું નથી. અનેક તીર્થો ફર્યા છતાં, તીર્થ સ્નાન કર્યા છતાં, પણ તુંબડીની કડવાસ જતી નથી. તેમ દ્રવ્ય, અધિકાર, સત્તા, બુદ્ધિવિભવ, સાધુ સંન્યાસી જેવી પદવી, ધર્મ ક્રિયા, ઇલ્કાબ, ડીગ્રી ઇત્યાદિથી ચિત્તના દોષ જતા નથી. એ દોષ ટાળવામાં અનુકૂળતા કરી આપે એવું સામર્થ્ય, એનો ઉપયોગ, સ્હમજણ, વિવેક અને ડહાપણથી થતો હોય તો એમાં છે ખરૂં. તુંબડીને માંહેથી સાફ કરી નાંખી હોય તોજ તેની કડવાશ જાય છે તેમ મનુષ્યનાં ચિત્તને સાફ કરવામાં આવે તો તે શુદ્ધ થઇ દીપી નીકળે છે અને જીવનને ઉચ્ચ કરે છે. ઉચ્ચવૃત્તિવાળા વિચારો, શુભ ક્રિયા અને સાધુજીવન એ મેલરહીત થએલું ચિત્ત સરળ રીતે સાધી શકે છે.

ામ ચિત્તના દોષોને ક્ષીણ કરતે રહી—પશુવૃત્તિને-આસુ-
વૃત્તિને દબાવતા-નિર્બળ કરતા રહી—સવિચારત્વ-ધર્મવૃત્તિ
ધ્યાત્મભાગને પુષ્ટ સબળ કરવો. એમ થઈ શકે તેવી રીતના આ-
ર, વિચાર, વાચન, સંગતિ ઇત્યાદિ રાખવાં. ટૂંકમાં વિવેકપૂર્વક
ત્તને વિશુદ્ધ કરતે રહેવું; એમાં મનુષ્ય જીવનની સફળતા, મહત્તા
ને શ્રેષ્ઠતા છે. તેથી વિપરીત વર્તનમાં નિષ્ફળતા, અધમતા, પામ-
ા, તુચ્છત્વ અને ક્ષુદ્રત્વ છે.

સૂચના:—પ્રત્યેક મનુષ્ય પોતાના વિચારની દુનિયાં રચે છે,
ા દુનિયામાં તે રહે છે, વિચરે છે, વિહરે છે, વિલસે છે, તેનાં
ાજાવેલાં વિચારરૂપો તેની આસપાસ ફરીવળે છે. આ વિચાર
ાના અદૃશ્ય પણ મહાશક્તિ ધરાવતા પડદાઓની પારદર્શકતા
ા વગેરે સ્થિતિના પ્રમાણમાં તે દર્શનશક્તિ પામે છે. આ પડદા
ીને તેની દૃષ્ટિ, અમુક સ્થિતિએ પહોંચ્યા અગાઉ, સ્વતંત્ર રીતિએ
ચરી શકતી નથી. મનુષ્ય જે લક્ષ્યબિંદુ રાખે છે તે પણ
ાવા પડદાઓ દ્વારાજ. આ કારણને લઇને વિવિધ લક્ષ્યબિંદુઓ
: દૃષ્ટિ સ્થાપી વિવિધ પ્રવૃત્તિઓમાં માનવી મચે છે, અને તેમાંજ
પી રહે છે. આવી કોઈ દર્શન શક્તિ કે જેનો વિકાસ અમુક મ-
ાામાં છે પણ અમર્યાદ નથી તે વડે જે કંઇ જોવાયલું-સ્હમજા-
ું છે, તે અહિં યથા શક્તિ બતાવાયું છે. આમાં કાંઈ મતભેદ,
ચિત્રતા, દોષ, અપૂર્ણતા જણાયતો દૃષ્ટિદોષને કારણરૂપે માની
યકે ઉદાર ભાવ રાખવો, અને સારરૂપ હોય તે ગ્રહણ કરવું.

વિજ્ઞાનભિક્ષુ.

એક યાચના.

પ્રિય વાચક, આ પુલની છાબ ત્હારી પાસે સપ્રેમ મૂકી છે. પુલ ચૂંટવામાં તેમ ગોઠવવામાં ચૂંટનાર અને ગોઠવનારની ત્હારાથી સર્વાંશે એક નહિ તેવી રસવૃત્તિ, સંસ્કાર, અનુભવ, પ્રકૃતિ, મૂળ-કારણરૂપે હોય એ સર્વથા ત્હને પસંદ પડવાં જ જોઈએ એવો આગ્રહ છે નહિ. સઘળા ગ્રાહક એક સરખા હોતા નથી. કોઇને કેવળ બહારનાં રૂપ રંગ ઉપર મોહ હોય છે, તો કોઇની પ્રીતિ કાન્તિ ઉપર ન ઠરતાં સુગન્ધી ઉપર ઠરે છે; જ્યારે કોઈ રસિક જનોને તો કાન્તિ અને સુગન્ધી બંને જોઈએ છીએ. ત્હને જે રૂચે તે ગ્રહણ કરજે. ગોઠવણીની ખામી અને અપૂર્ણતા માટે ક્ષમાવૃત્તિ રાખી ઉદાર ભાવે સૂચના આપજે; તેનો સ્વીકાર થશે.

સંગ્રહ કર્તા.

સુમન સંચય.

જ્ઞાન-અજ્ઞાન.

(૧) અજ્ઞાનનિદ્રામાંથી ઊઠો, જાગ્રત થાઓ, યોગ્ય સત્પુરૂષોની સોબતમાં આવી જ્ઞાન પામો.

(૨) અંધપુરૂષને જેમ જગત્ અન્ધકારમય ભાસે છે અને દેખતાને પ્રકાશમય લાગે છે, તેમ અજ્ઞાનીને આ જગત્ દુઃખથી ભરેલું ભાસે છે-જ્ઞાનીને આનન્દમય ભાસે છે.

(૩) અજ્ઞાન મારક છે. જ્ઞાન તારક છે. અજ્ઞાન એ ઇશ્વરનો શાપ છે. જ્ઞાન એ દિવ્ય પાંખ છે, કે જે વડે આપણે સ્વર્ગપ્રતિ ઉડી શકીએ છીએ.

(૪) જ્ઞાનજેવી પવિત્ર વસ્તુ અહિં બીજી કોઈ નથી. જ્ઞાન-રૂપી વહાણ વડેજ સંસારસાગર તરી જવાય છે.

(૫) મુશ્કેલી, પ્રતિબંધ, દુઃખ, સંકટ, ભય, ચિંતા, પરાધીનતા, અશુદ્ધિ અને પાપના ઢગલાને જ્ઞાનનો અગ્નિ બાળી નાંખે છે.

(૬) જડ મહાલયો, સૈનિકો, અઢળક દ્રવ્ય, એ સર્વની શક્તિ કરતાં જ્ઞાનની શક્તિ અનન્તગણી છે.

(૭) રાત્રિના અન્ધકારમાં ચોર અને હિંસક પ્રાણીને ઉપદ્રવ વધે છે, તેમ અજ્ઞાનકાળમાં અનેક ઉપદ્રવો વધી પડે છે. જ્ઞાનરૂપી સૂર્યને ઉદય થયે અજ્ઞાન, અન્ધકાર અને તેને પરિણામે થતા અનર્થો અળપાઇ જાય છે.

(૮) આકાશને જો ચામડાંની પેઠે વીંટાળી શકાતું હોય તો જ જ્ઞાન પામ્યા વગર દુઃખને અંત લાવી શકાય.

(૯) જ્ઞાનરહિત ત્યાગ, તપ કે ધાર્મિક ક્રિયાઓથી ખરૂં ફળ પ્રકટ થતું નથી.

(૧૦) જ્ઞાન શાને કહેવું અને કયું જ્ઞાન સર્વોત્તમ, એ પ્રશ્ન વારંવાર ચર્ચાય છે. ગાન ગાતાં શીખવું અથવા શરીરે શણગાર ધરતાં શીખવું એ પણ જ્ઞાનજ છે, તથાપિ તે હલકા પ્રકારનું છે. મનમાં દરેક વાત સ્હમજવી, ને તે વિષે વિચાર કરી વિવેકબુદ્ધિથી વ્યવહાર કરવો, એ વિષયનું જ્ઞાન ગાનતાન અને ટાપટીપનાં જ્ઞાન-કરતાં ઉચ્ચ પ્રકારનું છે. વિવેકબુદ્ધિને પ્રકાશ પમાડી ખરે માર્ગે ચાલવાની ટેવ પાડવી તથા નિરંતર નીતિમાં રહેવું, એ જ્ઞાન તેથી, વધારે ઉંચા પ્રકારનું છે. છેવટ વિચારતાં જેથી કરીને ખરો આનંદ મળે અને પરમાત્માનું સ્વરૂપ સ્હમજાય એ જ્ઞાન સર્વથી ઉત્કૃષ્ટ છે.

(૧૧) શરીર સંબંધી, મન સંબંધી, નીતિ–વ્યવહાર સંબંધી અને ધર્મ સંબંધી એવાં ચાર પ્રકારનાં જ્ઞાન થઇ શકે છે. અને ઉત્તરોત્તર એક એકથી વધારે જરૂરનાં છે.

(૧૨) જ્ઞાન પામવાનો હેતુ એ છે કે સંસારવ્યવહારમાં કુશળ-તાથી સત્ય પક્ષે ઉતરી પરમ પદને પામવું.

(૧૩) જેમ જેમ નીચા દરજ્જાનાં જ્ઞાન પ્રાપ્ત થતા બંધ થાય છે, તેમ તેમ ઉંચા દરજ્જાનાં જ્ઞાન પ્રકટ થતાં જાય છે. વચ્ચેજ અટ-

કાને તેટલામાંજ આનન્દ માની, કૃતાર્થ થયા સમજી લે, તો વિશેષ જ્ઞાનનું છેવટનું ફળ કદાપિ મળતું નથી.

(૧૪) શબ્દરાશી એ ખરૂં જ્ઞાન નથી. કેવળ પોકળ શબ્દોનો આડંબર એ પણ જ્ઞાન નથી. વાક્ચાતુરી, આડંબર, સવાસન–વાસનાયુક્ત મૌન, મિથ્યાચાર–અંતરમાં રાગ અને બહારથી ત્યાગ એમાં જ્ઞાન સમાતું નથી.

(૧૫) ચમત્કાર, ભવિષ્ય દર્શન. અને પાંડિત્ય તેમજ અમુક ઉપાધિ–ડીગ્રી,–અધિકાર–સત્તા અને અમુક સંપ્રદાયનાં બાહ્ય ચિન્હો-વેષ એ જ્યાં હોય ત્યાં પરમાર્થ જ્ઞાન હોયજ એવો અબાધિત નિયમ નથી. ખરેખરા પરમાર્થ જ્ઞાનનો પ્રત્યક્ષ અનુભવ કરનાર મહાત્મા વિરલ હોય છે.

(૧૬) દેશ, કાલ અને પરિસ્થિતિને અંગે ઉભી થતી જવાબદા-રીઓ સ્હમજવાની ઇચ્છા અને શક્તિ તથા તે જવાબદારીઓ બરાબર રીતે અદા કરવાનું સામર્થ્ય જેથી મળે, એવું જ્ઞાન માણસે અવશ્ય લેવું જોઈએ.

(૧૭) વ્યવહાર તેમ પરમાર્થ બંનેનું જ્ઞાન મેળવવાયોગ્ય છે. વ્યવહારનું જ્ઞાન પામી વ્યવહારમાં કુશળતાથી પોતાનું કામ બજાવવું, વિવિધ કર્તવ્યોનું જ્ઞાન પામી તે યથાર્થ રીતે બજાવવાં પણ લક્ષ્યબિંદુ પરમાર્થજ્ઞાનને રાખવું. અનેકવિધ પ્રવૃત્તિમાં પડવું પણ એ નિશાન કદી ન ચૂકવું; કારણકે શાસ્ત્રો અને સત્પુરૂષો જે જ્ઞાનની બહુ પ્રશંસા કરે છે તે એ જ જ્ઞાન છે.

જ્ઞાન પ્રાપ્તિનાં સાધન.

(૧૮) સત્ય જ્ઞાનની પ્રાપ્તિ સદ્‌ગુરૂ વિના થતી નથી. એમ સર્વ દેશમાં અને સર્વ કાળમાં મનાયું છે.

(૧૯) વ્યવહારનું જ્ઞાન આપે તે ગુરૂ અને પરમાર્થનું જ્ઞાન આપે તે સદ્‌ગુરૂ. ગુરૂ મેળવવા જેટલા સુલભ છે, તેટલા સદ્‌ગુરૂ મેળવવા સુલભ નથી. સારા ભાગ્યનો યોગ થાય તો જ સદ્‌ગુરૂ, સત્‌શિષ્ય અને સત્‌શાસ્ત્રનો યોગ થાય છે.

(૨૦) પરમાર્થનું જ્ઞાન કંઈ જે તે આપી કે લઈ શકે એમ નથી. યોગ્ય સદ્‌ગુરૂ અને સાધન સંપન્ન શિષ્યનો સુઘટિત યોગ થાય ત્યારેજ એ જ્ઞાન પમાય.

(૨૧) જે સદ્‌ગુરૂ હોય છે તેને તૃષ્ણા અને લોભજેવા દુર્વિકારો હોતા નથી, સંકોચ–સ્વાર્થ અને કૃપણતાનો લેશ પણ અંશ તેમાં હોતો નથી, બહારના આડંબર, ટાપટીપ, વ્યર્થ વાર્તાલાપ, અસત્ પ્રવૃત્તિ કે અપ્રવૃત્તિને તેઓ ચહાતા નથી. જાણવાયોગ્ય એવું સર્વ તેમણે જાણ્યું હોય છે, કરવા યોગ્ય તેઓ કરી ચૂકયા હોય છે, પામવા યોગ્ય પામી ચૂકયા હોય છે, કૃતાર્થ થયા હોય છે. તેમને પોતાના માટે કંઇ જાણવાનું, કરવાનું કે પામવાનું રહ્યું હોતું નથી. કેવળ દયાભાવથી લોકકલ્યાણને લક્ષમાં રાખી પ્રવૃત્તિ કરે છે. તેમની રતિ પ્રીતિ અને તૃપ્તિ કેવળ પરમાત્મામાંજ હોય છે.

(૨૨) બહારના આડંબર–ડોળ–પ્રપંચ રમવાની નવી નવી યુક્તિઓ, સ્વાર્થ સાધવાની જાળ: એ સર્વનો વિસ્તાર હાલ ઘણો છે

માટે રૂપ, રંગ કે વાતચિતના આડંબરથી લેવાઇ ન જતાં યોગ્ય સદ્‌ગુરુ કેવા હોય છે તેનું જ્ઞાન પામી પરીક્ષકવૃત્તિ રાખી વિચારથી કામ લેવું.

(૨૩) સદ્‌ગુરૂ કહેવડાવનારા જો કામનાવાળા, રાગી, આડંબરી, શબ્દપંડિત, બહુ વાતોડીઆ, પ્રપંચી, ધર્માંધ, પૂજા અર્ચાની તરખટમાં પડનારા હોય તો તેવાથી દૂર રહેવું—ઠગાઈ ફસાવું નહિ.

(૨૪) વ્યવહારજ્ઞાન આપનાર ગુરૂઓ સુશિક્ષિત, સચ્ચારિત્રશીળ યોગ્ય હોય તો જ તેમની પાસેથી જ્ઞાન મળી શકે છે. અન્યથા નહિ.

(૨૫) સારાં પુસ્તકો, ધર્મગ્રંથો, કાવ્ય સાહિત્યના ગ્રંથો, અને વિવિધ વિદ્યાના પ્રતિપાદક ગ્રંથોનાં વાંચન ઉપર વિચાર કરી જ્ઞાનવૃદ્ધિ કરવી—ચારિત્રશુદ્ધિ સાધવી.

(૨૬) જે પુરૂષો આપણા કરતાં વિશેષ બુદ્ધિશાળી, અનુભવી અને જ્ઞાની હોય તથા સદાચરણે ચાલનાર હોય તેમના સહવાસમાં નિરંતર રહેવું. તેવા ન મળે તો એકલા રહેવું પરંતુ ખરાબ સોબતમાં તો ન જ પડવું.

(૨૭) ખરાબ સોબત એટલે જેથી આપણી વૃત્તિઓ બગડે, મનમાં મલિન—અનીતિ ભર્યા વિક્ષેપકર વિચારો ઘુસે, દુરાચાર અને દુર્વ્યસનમાં પડવાનું મન થાય, સત્પુરૂષોમાં નિન્દા થાય, ધર્મ અને શાસ્ત્રના ઉપદેશથી વિરૂદ્ધ આચાર તરફ વળાય. તેવાં પુસ્તકોનું વાંચન અને તેવા પુરૂષોની સોબત ખરાબ સમજવી.

(૨૮) સત્સંગ એ હરકોઇ પ્રકારનાં શુભ જ્ઞાન પામવાનું દ્વાર છે. એથી બુદ્ધિની જડતા દૂર થાય છે—જ્ઞાનપ્રાપ્તિ થાય છે. આચાર શુદ્ધ થાય છે, પાપ દૂર થાય છે. એનાં બહુ બહુ વખાણ સર્વ ધર્મમાં—સર્વ શાસ્ત્રમાં કરેલાં છે.

(૨૯) શિક્ષણનો ક્રમ એ તો એક પ્રકારની વ્યવસ્થા માત્ર છે. જ્ઞાન પામવામાં શિષ્યની બુદ્ધિજ મુખ્ય કારણ છે.

(૩૦) જ્ઞાન એ ઉપદેશકો, ગુરુઓ, પુસ્તકો, વિદ્વાનોનો સમાગમ, વિદ્વાનોની ચર્ચા, સૂચના, અભિપ્રાય–મતઃ એ સહાય વડેજ મળી શકે છે, એ કલ્પના પણ સર્વથા ખરી હોય એમ નથી. એ સર્વથી મનુષ્યને જાગ્રતિ મળે, પ્રોત્સાહન–અનુમોદન મળે અનેમાર્ગ ખુલ્લો થાય, એ ખરૂં પણ પ્રવૃત્તિ કરવી, માર્ગ પસંદ કરી મુસાફરી કરવી એતો પોતાની બુદ્ધિ ઉપર આધાર રાખે છે.

(૩૧) શાસ્ત્રો અને ગુરૂઓ તો તટસ્થ રહીને બોધ આપે છે. તરવાનું કામ તો મનુષ્યની પોતાની બુદ્ધિનુંજ છે. પોતાની બુદ્ધિ-વડેજ તરી શકાય.

(૩૨) સત્સંગવડે ખીલવેલી પોતાની બુદ્ધિથી અને પોતાનાજ પ્રયાસથી જો જ્ઞાન પ્રાપ્ત કરવામાં ન આવે તો જ્ઞાનપ્રાપ્તિનો અન્ય કોઈ ઉપાય છે નહિ.

(૩૩) ગુરૂ, શાસ્ત્ર કે પુણ્યથી તે જ્ઞાન પામી શકાતું નથી કે જે સાધુસમાગમમાં આવવાથી ઉત્પન્ન થતા વિચારોવડે વિશુદ્ધ અને વિકસિત થએલી બુદ્ધિથી પામી શકાય છે.

(૩૪) વ્યાધિનું નિવારણ કરવામાં યોગ્ય વૈદ્દે આપેલી ઔષધિનાં યથાવિધિ સેવન અને પથ્યનું પાલન એ બે મુખ્ય ઉપાય છે અને તે સાથેજ હોવા જોઇએ. તેમ યોગ્ય ગુરૂએ આપેલ બોધ અને તદનુસાર વર્તન એ બંને સાથે હોય તોજ જ્ઞાન પામી શકાય.

(૩૫) પોતામાં તેમ ગુરૂ શાસ્ત્રાદિમાં શ્રદ્ધા, તત્પરતા અને સંયમ એ જ્ઞાન પામવાનાં સાધન છે. આ સાધનોની પ્રાપ્તિ પણ બુદ્ધિની અમુક પ્રકારની સ્થિતિમાં થવી સંભવે છે.

(૩) જમીન નીચે દાટેલો ખજાનો મેળવવામાં જેમ તેની માહિતી આપનાર, મળેલી માહિતી પ્રમાણે પ્રયાસ, અને માટી, કાંકરા, ધુળ વગેરે દૂર કરી તે ખજાનો મળે ત્યાં સુધી અવિરત ઉદ્યોગ એ સર્વની જરૂર છે. તેમ જ્ઞાનપ્રાપ્તિ થવામાં યોગ્ય ગુરુ, તેના ઉપદેશ અનુસાર વર્તન અને જ્ઞાન પ્રાપ્ત થતાં લગી અવિશ્રાન્ત ઉદ્યોગની જરૂર છે.

(૩૭) બુદ્ધિની મન્દતા, વિષયાસક્તિ, આળસ, પ્રમાદ, અનુકૂળ યોગ્ય સામગ્રીનો અભાવ, આત્મશક્તિમાં અવિશ્વાસ, સંશય અને અશ્રદ્ધા એ જ્ઞાનપ્રાપ્તિના અંતરાય છે.

(૩૮) જ્યાં સુધી માણસ દુરાચારથી દૂર રહે નહિ, શાન્ત અને સ્વસ્થ ચિત્તવાળો થાય નહિ, ઈન્દ્રિયો-વૃત્તિઓ અને જુસ્સાઓ ઉપર કાબુ મેળવે નહિ, સર્વ પ્રકારે યોગ્ય થાય નહિ ત્યાં સુધી કેવળ શાસ્ત્રજ્ઞાન, બુદ્ધિવિભવ, વાક્ચાતુર્ય કે બાહ્ય આડંબર-વેષ-ઉપાધિથી પરમાર્થ તત્ત્વનું જ્ઞાન મળી શકતું નથી.

(૩૯) બુદ્ધિમાંથી મોહ જતો રહે, સંપૂર્ણ શુદ્ધ વિરાગભાવનો ઉદય થાય, અસ્વસ્થ-અસ્વચ્છ-અસ્થિર ચિત્ત સ્વસ્થ, સ્વચ્છ, નિશ્ચળ અને અચલ થાય, ઇન્દ્રિયોનો ખોટે માર્ગે વહ્યો જતો વેગ અટકે અને ખરી જીજ્ઞાસા જાગે ત્યારે પરમાર્થ જ્ઞાન માટે યોગ્ય થવાય.

(૪૦) જ્ઞાનની મ્હોટી મ્હોટી વાતો કરવામાં, ભાષણ અને વ્યાખ્યાન આપવામાં કુશળ પણ તે જ્ઞાન અનુસાર વર્તન નહિ રાખનાર પણ અજ્ઞાનીજ છે. જે ક્રિયાવાન છે તે પંડિત છે.

(૪૧) સર્વ દુઃખની નિવૃત્તિ અને પરમ આનંદની પ્રાપ્તિ એ જ્ઞાનનું ફળ છે. જેણે એ સિદ્ધ નથી કર્યું, તે જ્ઞાનની વાર્તા ગમે

તેટલી કરતો હોય તોપણ તે નથી જ્ઞાની કે નથી ધર્મી.

(૪૨) દૃષ્ટ દુઃખથી ઉદ્વેગ ન થવો અને મનક્ષોભથી મુક્ત રહેવું એ જ્ઞાનનું દૃશ્ય ફળ છે. એવું સાદું ફળ પણ જેણે નથી મેળવ્યું તેનું જ્ઞાન શા કામનું ?

(૪૩) જ્ઞાન સંપાદન કરવાના જે જે પ્રસંગો મળે તે ખોવા નહિ. તેનો બને તેટલો સદુપયોગ કરવો કે જેથી પાછળથી પસ્તાવું ન પડે.

(૪૪) વ્યવહારસંબંધી જ્ઞાનનું ફળ એ છે કે નીતિ અને ન્યાયને રસ્તે આયુષ્ય, આરોગ્ય, આબરૂ અને આનન્દને મેળવતે રહી પોતાના દરજ્જાને શોભાવે તેવા યોગ્ય વૈભવ અને ધનની પ્રાપ્તિ કરી બદલાતી જતી જવાબદારીઓ કુશળતાથી અદા કરવી. ટુંકમાં કહીએ તો જેથી પરમાર્થ પણ ધરાવતે રહેવાય અને ઉચ્ચ આચાર–વ્યવહાર રાખી શકાય તેવી વ્યવહારકુશળતા એ વ્યવહારજ્ઞાનનું ફળ છે.

(૪૫) વ્યવહાર કે પરમાર્થ ગમે તે જ્ઞાનનું આચારશુદ્ધિએ ફળ અવશ્ય હોવું જોઇએ. આચારશુદ્ધિ ન સધાય ત્યાં સુધી જ્ઞાનની કિમ્મત કંઇજ નથી.

(૪૬) પ્રકૃતિ–સ્વભાવ અને જ્ઞાન એ બેમાંથી કાર્યમાત્રની પ્રયોજક પ્રકૃતિ છે. જ્ઞાનીના આચાર પણ પ્રકૃતિથીજ નિયમાય છે.

(૪૭) પ્રકૃતિને વિશુદ્ધ કરનાર જે જ્ઞાન છે તે પ્રાપ્ત કરવું જોઇએ. જ્ઞાનથી પ્રકૃતિ સુધરતાં આચાર શુદ્ધ થાય છે. જ્ઞાનનું મુખ્ય ફળ એજ છે.

(૪૮) ઘણાં શાસ્ત્રો વિચાર્યા, લાંબા કાળ સુધી તેના પર મનન કર્યું, તો એજ સિદ્ધ થયું છે કે વાસનાની અત્યંત નિવૃત્તિ જેથી

થાય, તેજ જ્ઞાન છે; નિર્વાસન મૌન એજ પરમ પદ પામવાનું જ્ઞાન છે. અખંડ શાન્તિમાં જેથી રહેવાય તેજ જ્ઞાન છે.

(૪૯) ઐહિક સમૃદ્ધિ વધારતાં છતાં પણ શોક મોહાદિ અનર્થ જાળનો વિસ્તાર થતો ન હોય, દુષ્ટ કર્મોનાં બંધન થતાં ન હોય એવો માર્ગ દર્શાવનારૂં જ્ઞાન કયું હોઇ શકે?

(૫૦) માણસે પ્રથમ વ્યવહારજ્ઞાન મેળવી વ્યવહારકુશળ થવું, તે મેળવતાં પરમાર્થજ્ઞાન માટે પણ યોગ્ય થતા રહેવું; વચ્ચમાં અટકી ન રહેવું. ક્ષુદ્ર આનન્દ આપનારાં જ્ઞાન માટે બહુ વળખાં-ફાંફાં ન મારતાં જેથી અન્ય સર્વ લાભ તુચ્છ મનાય છે તે અવર્ણ્ય આનન્દને આપનાર જ્ઞાન જ્યાં સુધી પ્રત્યક્ષ અનુભવથી સિદ્ધ ન થાય ત્યાં સુધી આગળ અને આગળ વધ્યા જવું. કદી હઠી ન જવું.

યાદ રાખો કે જ્ઞાન એજ ખરૂં સુખ, આનન્દ, શક્તિ, સામર્થ્ય બળ, વીર્ય, અને પરાક્રમ છે. એ મળ્યાથીજ વ્યવહારસિદ્ધિ, શાન્તિ, મુક્તિ-સ્વર્ગ, સિદ્ધશિલા, જિનત-બેહસ્તની પ્રાપ્તિ થાય છે. અજ્ઞાનથી તો અંધારૂં, અથડામણ, દુઃખ, વિપત્તિ, નરક-દોજખજ છે.

પાપ-પુણ્ય.

(૧) પાપ-પુણ્યની સર્વમાન્ય વ્યાખ્યા બની શકતી નથી. સર્વમાન્ય-સર્વ સાધારણ એવાં પાપ-પુણ્યનાં જે ધોરણ ઠરેલાં છે, તેમાં પણ એકરૂપતા રહી શકતી નથી.

(૨) દેશ કાલ પરિસ્થિતિ, લોકોની રૂચિ શક્તિ સ્થિતિને અંગે તે તે દેશકાલમાં રચાયલા ધર્મગ્રંથોના વિચારો સર્વથા એકરૂપ હોઈ શકે નહિં. આજ કારણથી પાપ પુણ્યની ભાવનાનું સ્વરૂપ એક રૂપે રહ્યું નથી.

(૩) અમુક કૃત્ય અમુક કાળે, અમુક સંયોગવશતામાં એકને માટે પાપરૂપ હોય. તેજ બીજાને માટે તેવીજ સ્થિતિમાં પુણ્યરૂપ પણ હોય છે. કર્તવ્ય, નીતિ, પાપ પુણ્ય એ સર્વની ભાવના માટે આમ જ સમજી લેવું.

(૪) પાપકર્મથી દૂર રહેવા, અને પુણ્યકર્મ આદરવાનો ઉપદેશ સર્વ કાલમાં, સર્વ ધર્મમાં, સર્વ પરિસ્થિતિમાં અપાય છે. કારણકે સર્વને મનગમતો વિષય જે સુખ તે પુણ્યકર્મથી જ મળે છે, એવી માન્યતા સર્વત્ર છે.

(૫) પરપીડા તે પાપ, પરોપકાર તે પુણ્ય અથવા તો પોતપોતાના વર્ણ અને આશ્રમનાં શાસ્ત્રે બતાવેલાં કર્મોનું પાલન તે પુણ્ય; અને તેથી વિપરીત વર્તન તે પાપ અને એમ વ્યવસ્થા કરી શકાય.

(૬) દુઃખ અથવા પાપની ઉત્પત્તિનો વિચાર ચલાવવાના ઉદ્દેશથી શાસ્ત્રમાત્રનો ઉદ્ભવ છે, છતાં પાપ અને તજ્જન્ય દુઃખનો

ઉદ્દ્ભવ કેમ થાય છે એ સમજવું બહુ મુશ્કેલ છે.

(૭) માણુસ જેવું કરે છે—જેવું આચરે છે તેવો થાય છે. પુણ્યકર્મથી પુણ્યવાન અને પાપકર્મથી પાપવાન થવાય છે.

(૮) દુર્બુદ્ધિ, અજ્ઞાન, કૃપણુતા, દુઃખ અને અશાન્તિ એ સર્વ પાપનાં પરિણામ છે. સદ્દ્બુદ્ધિ, જ્ઞાન, ઉદારભાવ, સુખશાન્તિ અને ઐશ્વર્ય એ પુણ્યનાં પરિણામ છે.

(૯) પાપકર્મોનો નાશ થાય ત્યારેજ ખરૂં જ્ઞાન અને તજ્જન્ય આનન્દની પ્રાપ્તિ થઇ શકે છે.

(૧૦) પોતપોતાનાં ધર્મકર્મો બરાબર રીતે બજાવવાથી, ધર્મ-ગ્રંથોના નિત્ય અભ્યાસથી, સત્સમાગમથી અને ઇશ્વરકૃપાથી પાપનો કચરો ધોવાય છે.

(૧૧) ઇચ્છા ન છતાં મનુષ્ય પાપકર્મમાં દોરાઇ જાય છે, તેનું કારણ કામ અને ક્રોધ છે. તેજ અનર્થ અને કુકર્મ કરાવી તેનાં ફળરૂપ અનેક અનર્થ પરંપરામાં અટવાવે છે.

(૧૨) કામ એટલે જેને સ્ત્રીભોગની ઇચ્છા–મનસિજ કહે છે તે અને તેનાં કાર્ય એટલોજ અર્થ નથી. કામ એટલે કામના, ઈચ્છા, તૃષ્ણા, આશા એ અર્થ લક્ષમાં રાખતાં સહજ સમજાશે કે ભય, શંકા અને સંકોચ વિના બીજાં કોઇ કારણથી કામનો સંભવ નથી. અને અજ્ઞાન વિના ભય–શંકા–સંકોચનો સંભવ નથી.

(૧૩) પાપ કે પુણ્ય એવો કોઈ પદાર્થ વિશ્વરચનામાં સ્વતઃ સિદ્ધ નથી, કે કોઇ તટસ્થ ઈશ્વરથી કે તેના પ્રતિપક્ષી સેતાન કે અહ્‌મિાનથી ઘડાએલો નથી.

(૧૪) કૃપણુતા એટલે પૈસો ન વાપરવારૂપ કૃપણુતા નહિ

પણ ન વાપરવા દેવાની વૃત્તિ ઉપજાવનારૂં હૃદયનું સાંકડાપણું. સ્વાર્થ-બુદ્ધિએ પ્રેરેલાં ભય-શંકા તે કૃપણતા એમ સમજવું.

(૧૫) જે અજ્ઞાની છે, જે અવિચારી છે તેજ કૃપણ છે, અને જે કૃપણ છે તેજ પાપી છે. પાપનું મૂળ અજ્ઞાનજન્ય કામના-પ્રેરિત કૃપણતાજ છે.

(૧૬) જ્ઞાન અને વિચારથી કામ એટલે તૃષ્ણાનો નાશ થતાં પાપનો સંભવ ન રહે એમ લાગે છે. વિચાર એટલે આ લેખ વાંચતાં મનમાં વિચાર ચાલે તે અથવા વ્યવહારનાં કાર્ય માત્ર જે વિચાર વિના થઈ શકતાં નથી તે વિચાર એમ ન સમજવું. વિચાર એટલે જીવ, શિવ, જગત્ એ ત્રણનાં સ્વરૂપ અને સંબંધનો વિચાર જેને જ્ઞાન પણ કહેવાય છે તે.

(૧૭) અવિચારથી—અજ્ઞાનથી, ખોટા મોહાવેશથી લીધેલા ત્યાગ માત્રથી પાપ દૂર થાય છે એમ નથી. કામ માત્રના મૂળ રૂપ જે કૃપણતા—અજ્ઞાન તેનો નાશ થયા વિના પાપથી છુટી શકાતું નથી. જ્ઞાન પ્રાપ્ત કરવાનું હોય તે કરતાં કૃપણતા—અજ્ઞાનનો વિનાશ કરવો એ મુખ્ય વાત છે.

(૧૮) પ્રભુ કોઈનું પુણ્ય કે પાપ લેતો નથી. અજ્ઞાનથી માણસો મોહમાં પડે છે અને પાપ પુણ્યનો પોટલો પ્રભુને માથે ચડાવે છે.

(૧૯) અપવિત્રતા, મલિનતા, અસ્વચ્છતા, અવ્યવસ્થા એ પણ પાપનાં ઉત્પાદક કારણો છે.

(૨૦) સદ્વાસનાની વૃદ્ધિ થાય અને દુર્વાસનાઓ બળી જાય એવાં કાયિક, વાચિક અને માનસિક કર્મો કરવાં જોઇએ કે જેથી પાપ ઘટે અને પૂણ્યનો જમાવ થાય.

(૨૧) આ વિશ્વની યોજનામાં ધર્મ, અધર્મનો વિનાશ કરે છે તેમ અધર્મ પણ અધર્મને ખાઇ જાય છે. અર્થાત્ પાપે પોતે પોતાથી પણ બ્હીવાનું છે.

(૨૨) મનુષ્યને ઉન્નત કરવાની કુદરતની એ પણ એક ગહન યોજના છે કે જગતમાં અનેક લાલચો પાથરી મુકી છે અને એ લાલચો અસર કરે એવું મનુષ્યના મનનું સ્વરૂપ ઘડેલું છે. પાપ કરવાના રસ્તા મોકળા હોય છે–પુણ્યના રસ્તા સાંકડા હોય છે. અને એ ઉન્નતિની કસોટી છે.

(૨૩) મનુષ્યને ઉન્નત કરવાની ગહન યોજનાને અંગે પ્રભુએ સર્વત્ર પ્રલોભનો પાથરી મૂકયાં છે. અને એ વડે પ્રતિક્ષણે તે મનુષ્યને કસ્યાં કરે છે.

(૨૪) પાપમાં પડવાની સર્વ રીતે અનુકૂળતા હોય, છતાં જે દૃઢ મનથી–પ્રૌઢ ઇચ્છા શક્તિથી મનને કબજે રાખે છે, લાલચોમાં લપટાઇ પાપમાં ફસાતો નથી, તેને ધન્ય છે.

(૨૫) પાપની કસોટીમાંથી સહીસલામત નીકળી જવાય તેવી શક્તિ–રક્ષણની યોજના જેને મનોગુપ્તિ, વાગ્ગુપ્તિ, કાયગુપ્તિ કહેવાય છે તે સર્વાંશે હોય, પુણ્ય પરિણામ હોયતોજ મળી શકે છે.

સુખ-દુઃખ.

(૧) જીવનનાં સુખ સંબંધી જગતમાં અનેક વાતો વાતો ચાલે છે; પણ થોડામાં થોડું સમજવામાં આવે છે.

(૨) સુખ અને દુઃખ એ કદી જુદું ન પડે તેવું એક જોડું છે. એક હોય ત્યાં બીજું પણ હોયજ.

(૩) કોઇને સુખ આપવાનું અને કોઇને દુઃખ આપવાનું કામ લઇને ઇશ્વર બેઠો નથી. ઈશ્વર એવી ખટપટમાં ઉતરતો નથી.

(૪) સુખની ઇચ્છા સર્વેને હોય છે, પ્રવૃત્તિ માત્ર સુખ પ્રાપ્તિ અર્થે થાય છે; દુઃખને કોઈ ઇચ્છતું નથી. તેનો પરિહાર કરવાને અનેક ઉપાયો લેવાય છે છતાં ઇચ્છિત સુખ મળતું નથી, અને ઇચ્છા ન છતાં દુઃખનો તો નિત્ય અનુભવ થાય છે.

(૫) સુખ-દુઃખનો આપનાર કોઇ ઈશ્વર છે કે તેથી અન્ય કોઇ છે એમ નથી. પોતાનીજ બુદ્ધિવડે બધું થઈ શકે છે, એ પણ મિથ્યા અભિમાન છે; ખરી વાત એ છે કે પોતાનાં અહિં કરેલાં કે પૂર્વ જન્મોમાં કરેલાં સારાં નરસાં કર્મોનાં ફળરૂપ એ સુખ અને દુઃખ છે.

(૬) કર્મની ઘટના અનાદિ છે, તે અટકતી નથી. કરણી તેવી પાર ઉતરણી–જેવું કરવું તેવું પામવું; આજ, કાલ, આ જન્મે કે તે જન્મે.

(૭) કર્મની જાળ એવી અટપટી છે, કે તે સમજીને ઉકેલી શકાય નહિ. ઇષ્ટ સુખ, અનિષ્ટ દુઃખ અને મિશ્ર સુખ–દુઃખ એ કર્મનાં ત્રણ પ્રકારનાં ફળ છે.

(૮) પ્રયત્ન પ્રમાણે ફળ નથી મળતું તો તેમાં ગતજન્મનું કર્મબાધક હશે, વા હવે પછી ભવિષ્યમાં તે ભોગવવામાં આવનાર હશે એમ માની સંતોષ પકડવો અને ધૈર્યપૂર્વક શુભ પ્રયત્નમાં આગળ વધ્યા જવું.

(૯) જે પરતંત્ર, અનિત્ય, વિકારી, પ્રયોજ્ય છે, તે દુઃખરૂપ છે. જે સ્વતંત્ર, નિત્ય, નિર્વિકાર, પ્રયોકતા છે તે સુખરૂપ છે.

(૧૦) સુખનો અનુભવ બે પ્રકારે થાય છેઃ-(૧) ઇન્દ્રિ અને વિષયનો અનુકૂલ સંયોગ થતાં સુખ થાય છે. (૨) એવા સંયોગ વિનાજ કેવળ બુદ્ધિવડે સુખ અનુભવાય છે. આમાં ઇન્દ્રિયથી ગ્રહણ થતાં સુખ કરતાં બુદ્ધિગ્રાહ્ય સુખ વધારે ઉત્કૃષ્ટ છે. કારણકે એ સુખ સૂક્ષ્મ, સદા એકરૂપે રહેનારૂં, અપરિણામી, ભય-ચિંતા-શોક-મોહથી રહિત, નિરંકુશ તૃપ્તિ આપનાર અમર્યાદ છે.

(૧૧) વિષય ઇન્દ્રિયના અનુકૂળ સંયોગથી થતાં સુખ એ દુઃખના વિકારરૂપ છે-ક્ષણિક સુખાભાસ દેખાડી દુઃખના ખાડામાં પાડનાર છે, આદિ અન્તવાળાં છે, અનિત્ય વિકારી અતૃપ્તિપ્રદ છે.

(૧૨) ખરૂં સુખ શું અને તે શામાં છે, એ માટે બહુ મતભેદ છે. બુદ્ધિ અને રૂચિની વિચિત્રતાને લીધે પરંતુ સૂક્ષ્મવિચાર કરનારા, ઉત્તમ બુદ્ધિ વિભવવાળા અને તત્ત્વ શોધનમાં તત્પર રહેનારા એવા મહાપુરૂષોના જે મત હોય તે વિચારતે રહેવા, તેમના મત પ્રમાણે જે સુખરૂપ મનાતું હોય તેને સાધવા પ્રયત્નશીલ રહેવું.

(૧૩) જેમ જેમ મનુષ્યનું મન ઉચ્ચ સંસ્કાર પામતું જાય છે, બુદ્ધિ વધારે નિર્મળ થતી જાય છે, તેમ તેમ તેની સુખ સંબંધીની કલ્પઓ પણ ઉચ્ચ થતી જાય છે.

(૧૪) કોઇના સુખનું માપ બહારના ભપકા, ઠાઠમાઠ, વૈભવ, સ્ત્રી પુત્રાદિ પરિવાર, અધિકાર, ઉચ્ચ કુળ કે એવાંજ બીજાં બહારનાં સુખરૂપ મનાતાં સાધનો ઉપરથી નહિ પણ તેના આન્તરિક ગુણો, સુખ સંગ્રાહક શક્તિ અને વર્તમાન આચાર ઉપરથી કરવું. ઘણીવાર એવું બને છે કે લોકો જેને સુખી ધારેછે તે ઘણામાં ઘણા દુઃખી હોય છે. અથવાતો ભાવી દુઃખની ભૂમિકા રચતા હોય છે.

(૧૫) એકનો એક પદાર્થ કોઇને સુખકર તો કોઈને દુઃખકર જણાય છે, તેથી સિદ્ધ થાય છે કે સુખ દુઃખ એ પદાર્થગત ધર્મ નથી, પણ એ પદાર્થોમાં માણસના મને કરેલી કલ્પનાજ છે.

(૧૬) જેવો આરોપ જે પદાર્થ ઉપર કરવામાં આવે છે, તેવે રૂપે તે જણાય છે. આરોપ કરનાર મનની સ્થિતિ ઉપર સુખ દુઃખનો આધાર રહે છે.

(૧૭) ખરી વાત તો એ છે કે સુખ અને દુઃખ એ મનની કલ્પનાજ છે—કેવળ મનોભાવ માત્રનો ખેલ છે. પોતાનો પુત્ર વિદેશમાં કુશળ હોય છતાં કોઈ તેના મરણની વાત કહેતો રડવું આવે છે, ને તેનું મરણ થયા છતાં કુશળતા જણાવે તો સંતોષ થાય છે. એ વસ્તુસિદ્ધ પુત્રના સંબંધમાં થતું નથી. પણ આપણા મનથી કલ્પાએલા પુત્ર સંબંધે થાય છે.

(૧૮) હું અને મ્હારૂં એ રૂપી જે મન બંધાયું છે, તેજ સર્વ દુઃખનું નિદાન છે; તેને જીતી શકાય તો સુખ દુઃખ ઉભયથી વિલક્ષણ પરમ આનન્દ પમાય છે.

(૧૯) એકાન્ત સુખ કે એકાન્ત દુઃખ કોઇને પણ મળતું નથી. ગાડાંનાં પૈડાંની પેઠે સુખ–દુઃખ દશા નિરંતર ફરતી રહે છે.

(૨૦) જે દુઃખો ટાળી શકાય એવાં ન હોય, તે દુઃખોને ખેદ

પામ્યા વગર ધૈર્યથી સહી લેવાં; પણ તેથી દબાઇ જઇને પુરૂષાર્થ કર્યા વગર બાયલા બની બેસી ન રહેવું.

(૨૧) સુખનો યોગ થયો હોય ત્યારે ગર્વિષ્ટ–ઉદ્ધત–ભ્રાન્ત બની ન જવું, પોતાની સ્થિતિ અને કર્તવ્ય વિસરી ન જવાં,એ ચાર દહાડાનાં ચાંદરણામાં જે કાંઈ સત્કાર્ય થઈ શકે તે કરી લેવાં.

(૨૨) સંપત્તિ અને વિપત્તિમાં ચિત્તને એક સરખું રાખવાનું કામ મહાત્માઓ કરી શકે. આપણને તે યત્ન સાધ્ય છે.

(૨૩) દુઃખ પછી જે સુખ મળે છે તે વધારે રસ આપે છે. દુઃખ વગર સુખની કિમતજ કેમ થાય ?

(૨૪) દુઃખ, મુશ્કેલી, વિટંબણા, સંકટ એ સર્વની પણ જગતમાં જરૂર છે, માટેજ તે આવે છે. એથીજ માણસ સ્વાશ્રયી, શોધક, વિદ્યા કળામાં પારગામી થાય છે. એ ન હોય તો સદ્‌ગુણ, શક્તિ, શોધ, વિદ્યા, કળા આદિનો અવકાશજ નથી.

(૨૫) જે સુખ સગવડ આજની દુનિયા ભોગવે છે, તે સુખ અને સગવડની પછવાડે શું હતું ? એની ઉત્પત્તિ પૂર્વે શું હતું ? દુઃખ, જરૂરીઆત અડચણ–મુશ્કેલી, પ્રતિબંધ એ હતાં તો જ એનો પરિહાર કરવાને મનુષ્ય પ્રવૃત્ત થયાં, અને છે તેવી સ્થિતિ પ્રાપ્ત કરી.

(૨૬) દુઃખથી અકળાવું નહિ. એ દુઃખ ઉચ્ચ પ્રકારનું અનુભવ-સિદ્ધ શિક્ષણ આપવાને, આપણા સ્વભાવગુણ કેળવવાને, મનોબળને કસવાને, દઢ ધૈર્યવાળા સહનશીળ બનાવવાને, પડી ન રહેતાં આગળ અને આગળ વધવાનું ઉત્તેજન આપવાને, અજ્ઞાન નિદ્રામાંથી જગાડવાને, અને ઉન્નતિએ પ્હોંચવાની સૂચના આપવાને આવે છે; એમ સ્હમજી તેનો પણ અવિકળભાવે ઉપયોગ કરી લેવો.

(૨૭) સ્ત્રીરૂપ અંતરાય ન હોત તો સંસાર તરીજવો કંઈ

મુશ્કેલ નથી, એમ કહેનાર શ્રીમદ્ ભર્તૃહરિ આ વાત ભૂલી જતા જણાય છે કે સંસારને તરી જવાની, તેનાં સુખોમાંજ રચી પચી ન રહેતાં એથી પાર રહેલાં અખંડ સુખ મેળવવાની બુદ્ધિ સૂઝાડનારી પણ એ સ્ત્રીજ હતી. જો સંસારમાં દુઃખ હોતજ નહિ, તો સુખનો ભોગ કેટલો બધો આનન્દ આપત ? એમ કહેનાર ભૂલી જાય છે કે સુખનો ભોગ ભોગવવાની–આનન્દ પામવાની બુદ્ધિ સુઝાડનાર એ દુઃખ જ છે. અર્થાત્ દુઃખ છે તોજ સુખ ભોગવવાથી ઇચ્છા જાગે છે અને પુરૂપાર્થ કરવા માણસ પ્રેરાય છે અને સુખની કીમત સમજે છે.

(૨૮) સુખની સુખરૂપતા પણ દુઃખ વડેજ સમજાય છે. દુઃખનો જેને અનુભવ થયો નથી, તેને બીજાની દૃષ્ટિએ લાગતાં સુખમાં કંઈ માલ જણાતો નથી.

(૨૯) દુઃખ હોત જ નહિ, તો પરમાનન્દ રૂપ મોક્ષ મેળવવાની ઇચ્છા જ કેમ જાગત ? દુઃખનું અસ્તિત્વ જોઇને જ મોક્ષ પ્રતિપાદક ગ્રંથો રચાયા, વિવિધ ધર્મ શાસ્ત્રો વિસ્તર્યાં, અનેક તર્ક કુશળ વાદવિવાદ થયા, શોધ થયા, જાગ્રતિ આવી અને ઝબકી ઉઠયા.

(૩૦) કોઇવાર માણસ નિદ્રામાંથી અચાનક ભયંકર સ્વપ્ન જોઈને જાગી ઉઠે છે, તેમ અજ્ઞાનમાંથી જગાડનાર–ખરી સ્થિતિનું ભાન કરાવનાર આ દુઃખરૂપી ભયંકર સ્વપ્ન છે. એ હોય નહિ તો અજ્ઞાન અને અન્ધકાર, અથડામણ અને વિપત્તિ જ રહે. આત્મવિસ્તાર વૃદ્ધિ અને ઉન્નતિ એથી જ થાય છે.

(૩૧) દુઃખ એ જરૂરનું છે, એ આવે છે તે સારાને માટે જ આવવું જોઇએ માટે આવે છે. એના ભોગથી કર્મનો ક્ષય થાય છે એમ સમજવું અને આવી પડેલાં દુઃખથી અકળાઇ–મુંઝાઈ ન જતાં નકામો બબડાટ–ફફડાટ ન કરતાં, રોઇ બેસી ન રહેતાં, જ્યાં ત્યાં

દુઃખનાં રોદણાં રડયાં ન કરતાં ધીરજ અને સંતોષ પકડી ધર્મ ઉપર શ્રદ્ધા રાખી પોતાને ઉચિત એવાં કર્મોમાં લાગ્યા રહેવું. અને ફરી એવાં દુઃખોનો અનુભવ થાય નહિ તેવે પ્રકારે વર્તવું–તેવાં કર્મ બાંધવાં એ ઉપદેશ અનુસરવા જેવો છે.

(૩૨) નીતિને માર્ગે ચાલતાં ઘણીવાર દુઃખ વેઠવું પડે છે. દુઃખ સહીને પણ જે ન્યાય અને નીતિના માર્ગ ઉપરથી ચળતા નથી તેઓજ અંતે ખરૂં સુખ મેળવી શકે છે.

(૩૩) પરમ સુખ એ છે કે મનઃ ક્ષોભથી વિમુક્ત રહેવું, ઈશ્વર અને મનુષ્ય પ્રતિ આપણા જે ધર્મો હોય તે પાળવા, ભવિષ્યની ચિંતા અને આશાવિના વર્તમાનનો ઉપભોગ લેવો, આશા, ભય, ચિંતા કે શંકાથી આત્માને ન રમાડવો, પણ સત્પ્રયત્ન કરતાં જે મળે તેથી સંતુષ્ટ રહેવું અને સન્માર્ગે પ્રયાસ ચાલુ રાખવો.

(૩૪) વિષય તૃષ્ણામાં સુખની ગન્ધ પણ હોતી નથી. તૃષ્ણા નિવૃત્તિમાં જ સુખ છે.

(૩૫) ખરેખરો દુઃખી છે તે કે જેની તૃષ્ણા બહુ મ્હોટી હોય, પછી ભલે તેની પાસે લોક દૃષ્ટિએ મનાતાં સુખનાં સાધનો હોય. જેની તૃષ્ણા બહુ સ્વલ્પ છે, જેની જરૂરીઆતો ઓછી છે, જે પૂર્ણ જ્ઞાની છે, તે સુખી છે. પછી ભલે તેની પાસે સુખોત્પાદક મનાતી સામગ્રીઓ ન હોય.

(૩૬) દુઃખ એ અયોગ્ય કર્મનું ફળ છે. અયોગ્ય કર્મ નાસભાગ કરવાથી કે આપઘાતથી નાશ પામતાં નથી પણ સત્કર્મથી નાશ પામે છે.

ઉપદેશ વાકયો.

(૧) ઉપદેશ આપનાર ન્હાના મ્હોટા ગ્રંથો અને મહાપુરૂષોની આજના જમાનામાં ખોટ નથી. ઉપદેશ પામવાની ઇચ્છાવાળા પણ તેટલાજ ઉભરાઈ નીકળ્યા છે. પરંતુ આ સર્વ ભ્રમણા છે. ઘણા ઉપદેશો જાણવાની કે કહેવાની કેવળ ઇચ્છા રાખ્યા કરતાં થોડાક સદુપદેશો ધ્યાનમાં રાખી તે પ્રમાણે આચાર રાખવો એ ઉત્તમ છે.

(૨) બહુ ઉપદેશોની જાળમાં નહિ ફસાતાં, પોતાની પ્રકૃતિ તપાસી, અધિકાર જોઈ તે પ્રમાણે કર્તવ્ય યોજના કરી લેવી.

(૩) શું કરવું અને શું ન કરવું એવા ઉપદેશો પામવાની ધડ-મથલમાં જીવન ખોઈ દેવું એ મૂર્ખાઈ છે. અમુક ધોરણ નક્કી કરી તે મુજબ પોતાનું લક્ષ્યબિંદુ ઠેરવી તેને પામવા પ્રયાસ કરવો.

(૪) યાદ રાખવું જોઇએ કે આપણા કામની વ્યવસ્થા આપણે કેવી રીતે કરવી તે વાર્તા આપણા અંતર્યામી ઇશ્વરને જેવી જ્ઞાત છે તેવી અન્યને હોવી સંભવતી નથી.

(૫)દરેક કામમાં સામાની સલાહ–ઉપદેશ–સૂચના ઉપર આધાર રાખી બેસી રહેવાની ટેવ રાખનારને ઘડીઘડીએ પારવિનાની મુંઝ-વણ થાય છે. બુદ્ધિમાનનું એ કર્તવ્ય છે કે પરાધીનતા તજવી અને સ્વતંત્રતા પ્રાપ્ત કરવી.

(૬) આત્મબળ ઉપર આધાર રાખી પ્રત્યેક પ્રસંગે કેમ વર્તવું ? તેનું જ્ઞાન પોતામાંથીજ મેળવવાનો પ્રયત્ન સેવવો. વખતે બીજાના લાંબા અનુભવ અને બુદ્ધિ તથા જ્ઞાનને પણ માન આપવું, પણ સર્વથા પારકાઉપર વાતવાતમાં આધાર રાખવો એ ઠીક નથી.

(૭) જેમ તમે અને હું બે ભિન્ન વ્યક્તિઓ છીએ, તેમ આ જગતનાં સર્વ મનુષ્યો પણ પ્રત્યેક ભિન્ન ભિન્ન વ્યક્તિ છે. પ્રત્યેકનું મન અને પ્રત્યેકને પ્રાપ્ત જે જે સામગ્રી છે, તેમાં ભેદ છે. અને તેથી પ્રત્યેકને પોતાનું કલ્યાણ સિદ્ધ કરવાના માર્ગમાં પણ ભેદજ હોય છે. મારા વિચાર, મારી મનોવૃત્તિ અને મારા ઉદ્દેશ સર્વ ભિન્ન છે. તમારા વિચાર, તમારી મનોવૃત્તિ, તમારા ઉદ્દેશો, એ સર્વ મારાથી ભિન્ન છે, તેઓ સર્વાંશે એક હોઇ શકેજ નહિ. આમ હોવાથી હું જે સલાહ આપવાનો તે મારાં દૃષ્ટિબિંદુથી આપવાનો.

(૮) તમારા પોતામાં જે ચૈતન્ય છે, અને જે પ્રત્યેક પ્રાણીમાં તથા અણુઅણુમાં વ્યાપક છે તેજ ખરેખરો ઉપદેશક, ખરો બંધુ, ખરો સલાહકાર છે, તેનું જ્ઞાન એજ સર્વોત્તમ જ્ઞાન છે, તેનો આશ્રય એજ સર્વોત્તમ આશ્રય છે. એના ઉપદેશને, સહાયને, સલાહને માગો, તે ગ્રહણ કરવાને યોગ્ય થાઓ, પછી તમારે પોથાં ઉથલાવવાની કે અહિંતહિં દોડવાની જરૂર રહેશે નહિ.

(૯) બહુ ઉપદેશો સાંભળવાથી, મ્હોએ કરી લેવાથી, કોઇને કહી સંભળાવવાથી, લખી કે છપાવી પ્રસિદ્ધ કરવાથી પોતાને કંઇ ખરો લાભ મળતો નથી. એમતો જડપુસ્તકોમાં જેમ વિચારો ગોઠવાયા છે, તેમ તમારા મગજમાંએ વિચારો ભર્યા છે. બોલવાનો પટપટારો ફોનોગ્રાફની જડ તાવડીઓ-થાળીઓ (Record) પણ કરે છે. એથી કંઈ વિશેષ મહત્ત્વ નથી. તમને લાભ ત્યારે થાય, કે જો તમારી પ્રકૃતિને ઓળખો, તેમાંથી નઠારા અંશ દૂર કરી સારા અંશોથી તેને પરિપૂર્ણ કરો, સદુચ્ચાર, સદ્વિચાર, સદાચાર રાખો.

(૧૦) બહુ બોલે-લખે કે ઉપદેશક બની બેસે, તે પંડિત નથી. જે ક્રિયાવાન છે, જે પોતાનાં કર્તવ્યો બરાબર બજાવે છે, બોલી

લખીને નહિ પણ પોતાનાં વર્તનવડેજ સદુપદેશ આપે છે અને ઉંચું દૃષ્ટાન્ત ખડું કરે છે, તે પંડિત છે–તેજ ખરો જ્ઞાની–મહાપુરૂષ છે.

(૧૧) માણસનું વર્તન દેશકાળની સીમાવાળું છે, તેનાં વર્તનથી થોડાનેજ લાભ મળે છે, માટેજ સદુપદેશના લેખ, વિચાર આદિને પ્રસરાવવામાં આવે છે. કાંઈ પંડિતાઇ બતાવવાને નહિ.

(૧૨) બહુ બુદ્ધિવાદ કરનારો ઉત્તમ લેખક કે ઉપદેશક હોય તે પોતે તેવોજ ઉત્તમ હોય એવો નિયમ નથી.

(૧૩) કોઈ ઉત્તમ લેખક, વક્તા, ઉપદેશક કે ધર્મગુરૂ તરીકે લોકોમાં પ્રસિદ્ધિ પામે તેથી તે કંઈ સચ્ચારિત્રશીળ હોયજ એમ ન સમજવું. આચાર અને વિચારની એકતા રાખનાર કોઇકજ હોય છે.

(૧૪) સદ્‌વર્તન એ પંડિતાઇનું નહિ, પણ સત્સંકાર સત્કર્મ ઈશ્વિર કૃપાનું ફળ છે. એ શીખાવ્યું આવતું નથી, તેમ પંડિતાઈ–અધિકાર, શુષ્ક જ્ઞાન કે કેવળ બાહ્ય ઉપાધિઓથી પણ આવતું નથી.

(૧૫) પોતાના વર્ણ અને આશ્રમને ઉચિત કાર્યો પોતાની સ્થિતિને અંગે ઉભા થતી જવાબદારીઓ સ્હમજી તે બરાબર બજાવાય તો વ્યવહારમાં વિજયી નીવડાય છે.

(૧૬) ભમરો જેમ પુષ્પના રૂપ રંગ કે ઝાડના ગુણની દરકાર નહિ કરતાં કેવળ પુષ્પના સાર–મધને ચૂસી લેછે, તેમ માણસે પોતાને ઉપયોગી થાય તેવો સાર લેવો તેમ કરતાં બહારના રૂપરંગ કે ગુણઉપર જોવું નહિ, ભૂલવું નહિ.

(૧૭) હમેશાં સારગ્રાહી દૃષ્ટિ રાખવી. અસારમાંથી પણ સાર ખેંચવો એ બુદ્ધિમાનનું કર્તવ્ય છે.

(૧૮) જુદા જુદા પંથો અને ધર્મોની હયાતીજ તેમની જરૂર

બતાવી દેછે. કોઇપણ મત–પંથની અગત્ય, વાસ્તવિકતાનો વિવેક હાલ તે જે રૂપમાં–જે સ્થિતિમાં છે તે ઉપરથી નહિ પણ તેની ઉત્પત્તિના સમય ઉપર તથા તેનાં મૂળ સ્વરૂપ ઉપરથી કરવો.

(૧૯) ભીલનો ખોરાક અને એક વિદ્વાન્ પંડિતનો ખોરાક એકજ પ્રકારનો અને એકજ પ્રમાણમાં હોઈ શકે નહિ. એક બીજાના ખોરાકથી એકબીજાનું પોષણ થાય નહિ; ઉલટું વિપરીત પરિણામ આવે. જુદા જુદા ધર્મો માટે પણ એમજ સ્હમજવું.

(૨૦) પોતપોતાનો જે સંપ્રદાય કે ધર્મ હોય તેને પૂર્ણ શ્રદ્ધાથી પાળવો અને બીજાના ધર્મનો વિદ્વેષ ન કરવો એજ ખરી ધાર્મિકતાછે.

(૨૧) આખા દેશની ઉન્નતિ કોઇપણ દિવસે થવાની હોયતોતે આખ્યા દેશના અંતઃકરણનું ઐક્ય થયા વિના થવાની નથી અને તેવું ઐક્ય ધર્મભાવનાની ઉન્નતિવિના આવવાનું નથી.

(૨૨) ધર્મ એ આત્માનો ખોરાક છે. જેમ જેમ આત્મિક-ઉન્નતિ તેમ તેમ ધર્મનાં સ્વરૂપની ઉચ્ચતા. જીવાત્માના અધ્યાત્મ જીવનનો જેમ જેમ વિકાસ થાય છે, તેમ તેમ પ્રથમની ધર્મભાવના પલટાતી ચાલે છે અને તેનું સ્થાન ચઢીઆતી ભાવના લેછે.

(૨૩) માણસનું અંતઃકરણ આંબા જેવું છે. એ કાચું હોયતો બહુ દોષનાં કારણરૂપ થઇ પડેછે અને પાકેલું હોયતો તૃપ્તિ–સતોષ આપેછે. માટે અંતઃકરણને જ્ઞાન, અનુભવવડે પરિપકવ કરવું. કાચું ન રાખવું.

(૨૪) પોતાને બુઢાપો આવનાર નથી અને મરણ પીડનાર નથી એમ માનીને વિદ્યા અને પૈસો મેળવવામાં મચ્યા રહેવું, તેમ કરતાં અધર્મ તરફ વૃત્તિ દોડે તો તરત યાદ કરવું કે 'મોતના પંજામાં સપડાયા છીએ, શા જીવ્યા અર્થે આમ કરવું' આવા વિચારથી અધર્મમાં પડતા બચવું.

(૨૫) પોતે શું કર્યું, શું કરવું જોઇતું હતું, ક્યાં કેવી ભૂલ થઇ, ભૂલ કેમ સુધરે, હવેથી કેમ વર્તવું, ભૂલ કરવાના પ્રસંગોમાં કેવી સાવધાનતા રાખવી એવા વિચાર પળેપળે કરતા રહેવા. એ આત્મ-પરીક્ષણ, આત્મશિક્ષણ અને આત્મસંયમની ટેવ પડવાથી આપણામાં ઘણો સુધારો થાયછે.

(૨૬) એકવાર થયેલી ભૂલ જેટલું નુકશાન નથી કરતી, તેટલું નુકશાન ભૂલ થયા પછીનું ભૂલભરેલું વર્તન કરે છે. ભૂલ થઈ તો તે પછીનું વર્તન શુદ્ધ રાખવું, કે જેથી ફરી ભૂલ ન થાય.

(૨૭) સંપૂર્ણતા અને નિર્દોષતા માણસના ભાગ્યમાં લખાઇ નથી, પરંતુ તે મેળવવાની શક્તિ તેમાં છે. પ્રયાસ કરે તો તે સંપૂર્ણ નિર્દોષ થઈ શકે પણ તે માનવદેહમાં નહિ.

(૨૮) કોઇના પણ પ્રાણ હરવા નહિ, પારકું ધન તાકવું નહિ, સાચું બોલવું, સાચું કરવું, પ્રસંગે યથાશક્તિ દાન આપવું, પરસ્ત્રીની વાત સરખી ન કરવી, બહુ તૃષ્ણા ન રાખવી, ગુરૂજન વડીલ વર્ગ સાથે વિનયથી વર્તવું, પ્રાણીમાત્ર ઉપર સમભાવ રાખવો એજ કલ્યાણનો રસ્તો છે. એમ શાસ્ત્ર માત્રનો ઉપદેશ છે એ ઉપદેશમાં મતભેદ નથી.

(૨૯) ઘર વ્યવહારમાં પ્રત્યેક જણ પોતાની સ્વચ્છંદી ઇચ્છા પ્રમાણે વર્તે. પોતાનાજ લાભ અને સ્વાર્થને મુખ્યતા આપે, જીભઉપર કાબુ ન રાખે તો ગૃહશાન્તિ ભાગ્યેજ જળવાય. આત્મસંયમ અને આત્માર્પણ ઘરમાંથીજ શરૂ થવાં જોઇએ.

(૩૦) વ્યવહારમાં બહુ ચોકખા રહેવું, લેવડદેવડનું કામ સફાઈ વાળું રાખવું, ખોટી લાજમાં લૂટાવું નહિ, બેદરકારીથી માર ખાવો નહિ.

(૩૧) વ્યવહાર ધંધામાં પોતાનું જે નક્કી થએલું કામકાજ હોય તે પૂર્ણ લક્ષ રાખી બરાબર બજાવવું. એમાંજ માન-મુરતબો, શોભા, મહત્તા અને લાભ છે.

(૩૨) બહુ બોલા ન થવું. બહુ બોલવામાં અસત્ય અને મિથ્યા ભાષણ થાય છે. અતિશયોક્તિ ભર્યાં વાકયોથી કદાચ આનન્દ મળશે પણ તે આનન્દ કેવો ક્ષુદ્ર, કેવો ક્ષણિક, કેવા દોષોનો ઉદ્ભાવક છે તેનો પણ ખ્યાલ રાખવો.

(૩૩) પૂછ્યા વિના જ કોઇને માટે અભિપ્રાય આપવો નહિ. અન્યાયથી હરાવવાના-હલકા પાડવાના હેતુથી કાંઈ પૂછાય તો પણ જવાબ આપવો નહિ. જોઇએ તેટલું, સમયને યોગ્ય હોય તે બોલવું; અને તે પણ પુખ્ત વિચારથી આજુબાજુના સંયોગો જોઈને જ. બોલવાથી જેટલા ગેરલાભ થાય છે, તેટલા ન બોલવાથી થતા નથી.

(૩૪) સત્ય, પ્રિય અને હિતકર વાણી બોલવી, હૃદયમાં વ્યથા ઉપજાવે એવા શબ્દો કોઇ પણ અવસ્થામાં કાઢવા નહિ.

(૩૫) જ્યાં સત્ય નથી, જ્યાં અનુભવ અને જ્ઞાનથી વૃદ્ધ થએલાં માણસો નથી ત્યાં બીજા ગમે તેટલા માણસો એકઠા થયા હોય તો પણ તેને સભા ન કહી શકાય.

(૩૬) સભાઓ, મંડલીઓ, ભાષણો અને લખાણોનો આ જમાનો છે. શુભ ઉદ્દેશથી થતી આ પ્રવૃત્તિઓ વખાણવા યોગ્ય છે, પણ એ સર્વની નીચે એ સર્વની સહાયથી ઢાંક પીછોડો જેના ઉપર કરવામાં આવે છે એવી અનીતિ, દુરાચાર કે અધર્મ હોય તો તેથી તો દૂરજ રહેવું.

(૩૭) મિથ્યા અભિમાન ન કરવું. આપણામાં ખરી રીતે જે ન હોય, આપણે ખરી રીતે જેવા ન હોઈએ તે આપણામાં છે, આ-

આપણે તેવા છીએ એમ બતાવવાનો ખાલી ડોળ કરવો નહિ. જેવા દેખાવાની ઇચ્છા થતી હોય તેવા ખરેખર થવાની કોશેશ કરો.

(૩૮) ઠાઠમાઠમાં, વૈભવમાં, મ્હોટા નાત-વરા કરવામાં કે મ્હોટા વરઘોડા કાઢવામાં ખરી ગૃહસ્થાઇ નથી. શુભ પ્રસંગ હોય અને હાથ પહોંચતો હોય તો ભલે એ પ્રસંગને શોભાવવાના રસ્તા લ્યો, પણ એમાંજ ખરી ગૃહસ્થાઇ સમજવી એ ભૂલ છે.

(૩૯) જીવન વ્યવહાર અચોકસ-વારંવાર બદલાતો રહે છે, એક જ પ્રકારની સ્થિતિ હમેશાં ટકી રહેતી નથી એમ સમજી સાદી રીતે જીવન ગાળવું. જીવન ન ભાવવાને બ્હાને અનેક કૃત્રિમ જરૂરીઆતો ઉભી કરી તે પૂરી પાડવાનાં સાધનો મેળવવાની ખટપટમાં પડનાર, એવાં સાધનો એકઠાં કરનાર પાછળથી બહુ પસ્તાવામાં પડે છે. માટે પ્રથમથીજ સાદા રહેવું.

(૪૦) કરકસર કરવી પણ લોભીઆ ન થવું, પૈસા મેળવવા મથવું પણ તેની પાછળ ગાંડા થઇ ન જવું, ઉદાર થવું પણ ઉડાઉ થવું નહિ, બહાદુર થવું પણ ક્રૂર નહિ, નમ્ર થવું પણ ખુશામત ન કરવી, ખાવું-પીવું-ખર્ચવું પણ કરજ ન કરવું, ધર્મ દેશ અને જાતિનું અભિમાન રાખવું પણ ખોટું ઝનુન ન ધરાવવું, ધર્મ અને ગુરૂ ઉપર ભાવ રાખવો પણ ધર્મ ઘેલા કે ગુરૂ ઘેલા ન બની જવું.

(૪૧) વ્યવહારમાં મચ્યા રહેવું પણ પરમાર્થને વીસારવો નહિ, જગતની મ્હોટાઇ મેળવવા મથવું, કવિ, પંડિત, શાસ્ત્રી, વ્યાપારી, શોધક થવાના પ્રયાસકરવા પણ ખરાઆત્મકલ્યાણનો માર્ગ ન મૂકવો, જ્ઞાની થવું પણ જ્ઞાનઅંધુ જ્ઞાનનો ડોળ બતાવનાર કે શુષ્ક જ્ઞાની ન થવું.

(૪૨) પોતાની આવકના પ્રમાણમાં ખરચ રાખવું; અને તે

પણ લગ્ન જેવા શુભ પ્રસંગ, મંદવાડ, વૃદ્ધ અવસ્થા અને અણધારેલી વિપત્તિ માટે ત્રેવડ રાખીને.

(૪૩) કરજ કરીને નાત-વરા નજ કરવા, લોકનિન્દાથી ડરવું-નહિ અને ખોટા વહેમ રાખવા નહિ.

(૪૪) ખોટે માર્ગે ધન ખરચવું નહિ, ખોટા માર્ગ કયા તે વિષે વિવેક વિચાર કરતા રહેવું.

(૪૫) સામાન્ય રીતે એમ કહી શકાય કે જેથાં કોઈને પણ સ્થાયી લાભ ન મળી શકતો હોય, ખોટી રીતે કોઇનો અધમ સ્વાર્થ સરતો હોય, આળસ, પ્રમાદ, નિરૂદ્યમ જેવા દુર્ગુણોને પોષણ મળતું હોય, જેથી માણસ પરાશ્રયી દીન હીન બની જતા હોય તેવે માર્ગે ધન વાપરવું તે ખોટા માર્ગ છે; પછી તો જેનું જેવું દૃષ્ટિબંદુ.

(૪૬) પોતાની કન્યાને પૈસા લેઇ વેચવી નહિ. કન્યા નિમિત્તે સામાવાળા પાસેથી પાણી સરખું લેવામાં પણ પાપ છે.

(૪૭) કન્યાવિક્રય, વૃદ્ધવિવાહ અને બાળલગ્નની રૂઢી કાંઈ શાસ્ત્રે કે ધર્મે ફરમાવેલી નથી. એ રૂઢીને વળગી રહેવામાં પાપછે, વિધવા વધે છે, તેમજ લોકો આળસુ, પરાશ્રયી, દુર્ગુણી અને મતિભ્રષ્ટ થાય છે.

(૪૮) પૂર્વ કર્મે જેમની સાથે આપણો નિકટનો સમ્બન્ધ બાંધ્યો હોય, તેમની સાથે પ્રેમ, ન્યાય, નમ્રતા અને ઉદારતાથી વર્તવું જોઇએ.

(૪૯) જેઓ આપણામાં શ્રદ્ધા અને માનબુદ્ધિ રાખે છે, તેઓ કાંઈ પૂછે તો તેમને ઉપદેશ, સલાહ અને સૂચના આપવી યોગ્ય છે. એવા વ્યવહારથી પરસ્પરને લાભ છે, પણ જેની પાસે આપણે કાંઈ વીસાતમાં ગણાતા નથી તેમને કાંઈ કહેવું એ જંગલમાં રડવા જેવું છે. શ્રદ્ધાવાન જિજ્ઞાસુ હોય તેજ ઉપદેશને યોગ્ય છે. જેવા તેવાને ઉપદેશ આપ્યા કરવામાં લાભ કાંઈ નથી-હાનિ સ્પષ્ટ છે.

(૫૦) માતાપિતાને સર્વદા તન મન ધનથી સંતુષ્ટ રાખવાં. જે પોતાનાં માબાપને પ્રસન્ન રાખેછે, કદાપિ કડવું વચન કહેતો નથી, તેને અનુકૂળ રહીને વર્તે છે, તેજ ખરો સુપુત્ર છે.

(૫૧) માતાપિતા દેખતાં મશ્કરી ઠઠ્ઠાના શબ્દો ઉચ્ચારવા નહિ, તેમની સાથે માન મર્યાદાથી વર્તવું.

(૫૨) પોતનાં માતા પિતા, સ્ત્રી, પુત્ર અને સાધનહીન જનને ક્ષુધાતુર, તૃષાતુર અને વસ્ત્રહીન રાખીને પોતે એકલાએજ ખાનપાન અને વસ્ત્રનો ઉપભોગ લેવામાં પાપ સ્હમજી તેમનાં હિતમાટે અનેક પ્રકારના પરિશ્રમો વેઠવાં.

(૫૩) પોતાની સ્ત્રીને વારંવાર ધમકાવવી નહિ, તેની વ્યાજબી હાજતો-જરૂરીઆતો યથાશક્તિ પૂરી પાડવી, તેનું પાલનપોષણ કરવું, સન્માન રાખવું, અત્યંત આપત્તિમાં હોવા છતાં પત્નીપર ક્રોધ ન કરવો. એ ઘરની લક્ષ્મી છે, ઘરની દેવી છે, તે ઘરનો રાજાછે, ત્હમારો સલાહકાર પ્રધાનછે, શિષ્યછે, ઘરની શોભાછે, સ્ત્રીરૂપી કિલ્લામાં રહીનેજ કામરૂપી દુર્જય શત્રુને ગૃહસ્થો જીતી શકેછે.

(૫૪) સંસારનું સુખ સ્ત્રીને આધીનછે, તેની પ્રસન્નતા-સંતોષમાં સુખ છે. જ્યાં સ્ત્રીઓનું યોગ્ય સન્માન છે, તેમને માટે કાળજી છે, ત્યાં આનન્દ છે. જ્યાં સ્ત્રીવર્ગ અજ્ઞાન, રડતો-કજીઆ કરતો હોય છે ત્યાં દુઃખ છે.

(૫૫) સ્ત્રીને ધર્મ,નીતિ અને વ્યવહારની કેળવણી આપવી, તેને યોગ્ય બનાવવી. જેથી તે સ્વચ્છંદી બને એવી કેળવણી ન આપવી.

(૫૬) દરેક ગૃહસ્થે પોતાની સ્ત્રીને ઉંચી કોટીએ લઈ જવા પ્રયાસ કરવો કેવળ આપસ્વાર્થી ન થવું..

(૫૭) સ્ત્રીને નિત્ય ધન, વસ્ત્ર, પ્રેમ, શ્રદ્ધા અને મૃદુમિષ્ટભાષ-

ણુથી તુષ્ટ રાખવી. જેથી તે અસંતુષ્ટ કે શોકાતુર થાય, એવું કોઇ પણ કૃત્ય ન કરવું.

(૫૮) સ્ત્રી ઘેલા ન થવું, સ્ત્રી જીત ન થવું, ગાઢ આસક્તિથી સ્થૂલ વિષય ભોગવવાના મોહથી સ્ત્રીને વશ ન બની જવું.

(૫૯) જે પુરૂષ પોતાની ધર્મપત્ની સિવાય અન્ય કોઈ પણ સ્ત્રી વિષે વિચાર લાવે છે, મનથી પણ તેનો સ્પર્શ કરે છે, તો તે મહા ઘોર નરકમાં પડે છે. એકાન્તમાં પણ બીજી સ્ત્રીનો કે તેનાં વસ્ત્રનો સ્પર્શ ન કરવો. એક પત્ની વ્રતનો દૃઢ સંકલ્પ બાંધો અને એ સંકલ્પ પાળવાની અનુકૂળતા--શક્તિ આપવાનું પ્રભુ પાસે માગો.

(૬૦) ગૃહસ્થ પોતાની સ્ત્રીથી સંતોષ રાખે અને પરસ્ત્રીને માતા અને બ્હેન જેવી લેખે તો તે પણ બ્રહ્મચર્ય છે. આ એક ગુણ જો બરાબર પાળી શકાય તો સ્વર્ગ મળે. વિષયના કીડા ન બનો.

(૬૧) પોતાનાં પુત્ર પુત્રીનું સારી રીતે લાલન પાલન કરવું, પછી શિક્ષણ આપવું. પુત્ર વીસ વર્ષનો થાય ત્યારે તેને બાળક ધારવાના વિચાર છોડી દેવા. પુત્રીને બહુ ધ્યાનથી ભણાવવી. તે યોગ્ય પત્ની અને માતા થાય એવી પદ્ધતિથી તેને કેળવવી, અને લાયક વરને સોંપવી. સાસરે જાય ત્યારે ધન વસ્ત્ર આપવાં અને સાથે જ્ઞાનનું ભાથું તો અવશ્ય આપવું.

(૬૨) પરણીને સાસરે ગએલી પુત્રી પોતાનાં અજ્ઞાન--અયોગ્ય-વર્તનથી કે સાસરાની સ્થિતિથી દુઃખી થાય તો તેનું પાપ માબાપને શિરછે.

(૬૩) સાધનહીન ભાઈ બ્હેન, સગાં સંબંધી, મિત્રો અને દીન જનોને બનતી મદદ કરવી. આમ ન કરનાર લાગણી વિનાનો માણસ પેટભરાં પશુ જેવોજ છે. સંસારવ્યવહારમાં એક બીજાની ગરજ

રાખવી,એકબીજાની સગવડસાચવવી અને પરસ્પર સમભાવનાથી વર્તવું.

(૬૪) કેવળ પોતાનાંજ ખાનપાન, વસ્ત્ર, આભુષણ અને સ્વાર્થ તેમજ રાત દિવસ શરીરને સુંદર બનાવવાની ક્રિયાઃ એમાંજ લાગ્યા ન રહેવું. પ્રત્યેક ગૃહસ્થે હૃદયને પવિત્ર અને શરીરને સ્વચ્છ રાખવું, સદા--સર્વદા કર્તવ્યો સ્હમજી તે બજાવવા તત્પર રહેવું.

(૬૫) નામર્દાઇભર્યા વિચારોને દૂર રાખવા, શત્રુ સમક્ષ વીરતાથી વર્તવું, શત્રુથી દબાઈ જઇ ખુણામાં બેસી રહેવું નહિ. પોતાનાં સગાંવહાલાં અને મિત્રો આગળ ગરીબ ગાયની પેઠે વર્તવું.

(૬૬) નીચ મનુષ્યો સાથે સંબંધ ન રાખવો, તેમને માન ન આપવું. માન આપવા યોગ્ય પુરૂષોને ઘટતું માન આપવું. મિત્રતા બાંધવામાં ઉતાવળ ન કરવી.

(૬૭) ઘસવાથી, કાપવાથી, તપાવવાથી, ટીપવાથી જેમ સોનાંની પરીક્ષા થઈ શકે છે તેમ ત્યાગવૃત્તિથી, શીલસ્વભાવથી, ગુણોથી અને કર્મોથી માણસની પરીક્ષા થઈ શકે છે.

(૬૮) જેનાં શીળ અને વ્યસન આપણાથી છેક ભિન્ન હોય--સમાન ન હોય, તેની સાથે મિત્રતા બાંધવી નહિ. સહુ સાથે હળી મળી રહેવું પણ મિત્ર પદવીથી ભૂષિત તો તેનેજ કરવો કે જેનું અંતઃકરણ આપણા સાથે એક હોય, જેનામાં સન્મિત્રનાં લક્ષણ હોય.

(૬૯) પોતાની નિર્બળતા જણાવવી નહિ, થએલી ભૂલો અને તેથી વેઠવું પડેલું નુકસાન કોઇને જણાવવાં નહિ. હું ધનહીનછું-કંગાલ છું એમ ન કહેવું;તેમ હું ધનવાન-શક્તિમાન છું એમ પણ ન કહેવું.

(૭૦) પોતાની મ્હોટાઈ બતાવવાનો કદી પ્રયાસ ન લેવો,ખોટી ખુશામતથી ભૂલ ખાઇને પોતામાં હોય, તે કરતાં વધારે મ્હોટાઈમાની મિથ્યાઅભિમાની ન થવું. ઠોકર ન ખાવી. પોતાની યોગ્યતા

બરાબર રીતે સમજતે રહેવી.

(૭૧) વ્યાપારમાં પ્રમાણિક રહેવું, ખોટાં તોલ–માપ, જૂઠાણું, વિશ્વાસઘાત–દગાઈ, ખોટા દસ્તાવેજ, ખોટી સાક્ષી, ખોટા ઝઘડા, પ્રપંચ: એ સર્વથી દૂર રહેવું.

(૭૨) વૈદ અને વકીલની પૂરતી પરીક્ષા કરીને જ તેમનાથી કામ પાડવું. બરાબર નહિ શીખેલો, લોભી, ક્રૂર, ખટપટી, સ્વાર્થીની સલાહ લેવી નહિ. તેનાથી કામ પાડવું નહિ.

(૭૩) અયોગ્ય વૈદથી જેમ શરીરહાનિ અને ધનહાનિ થાય છે, તેમ અયોગ્ય વકીલથી ધનહાનિ અને આબરૂહાનિ થાય છે. વૈદ અને વકીલથી બહુ સાવધ રહેજો. એકના હાથમાં તમારૂં જીવન અને બીજાના હાથમાં તમારૂં ઘર અને તમારી આબરૂ છે.

(૭૪) "જે ચડે દરબાર તેનાં જાય ઘરબાર"–એ કહેવત બહુ બહુ રીતે સમજવી. ટુંકેથી પતતું હોય તો લાંબાંમાં ન પડવું, ખોટી હુંસાતુંસી કરવી નહિ, જરા જરા વાતમાં વઢી પડીને કોઇને હેરાન કરવાના ઇરાદાથી ખોટા પ્રપંચમાં ન પડવું.

(૭૫) કોઈનાં તન, મન અને ધનને હાનિ પ્હોંચે, માન પ્રતિષ્ઠા ઘટે, વિનાકારણ સ્વાર્થ બગડે, એવાં કામ મન, વચન અને કાયાથી કરવાં નહિ–કરાવવાં નહિ–કરનારને અનુમોદન–ઉત્તેજન આપવું નહિ.

(૭૬) શરીર વડેજ સઘળું પમાય છે, માટે શરીરનું આરોગ્ય જાળવવા ઉપર લક્ષ રાખવું. નિયમિત હિતકારક લેવાતું ભોજન, કસરત, સ્વચ્છ હવા, નીતિમય જીવન અને શાન્ત મન: એથી આરોગ્યતા જળવાય છે.

(૭૭) સંસારના પદાર્થો માટે વ્યગ્રતા વિનાની યોગ્ય ચિંતા રાખવી.

(૭૮) માણસ પોતેજ પોતાના નશીબનો બાંધનાર છે. ભવિષ્ય

સુધારવું હોયતો વર્તમાન જીવન શુદ્ધ રાખો અને સત્કર્મો કરો.

(૭૯) વર્તમાન સાધનોનો જેવો ઉપયોગ થાય છે, જેવાં આચરણ કર્મ થાય છે તેવું ભવિષ્ય બંધાય છે.

(૮૦) શાન્ત અન્તઃકરણ, પ્રામાણિક વિચારો, નીતિમય વર્તન, અકસ્માત્ આવી પડતા પ્રસંગોમાં ઉદાસીનતા એ સુખ અનન્ત અપરિમિત છે.

(૮૧) સંસારમાં સારૂં–સુખી–ઉત્તમ કોને કહેવું, એનો સર્વ માન્ય સ્પષ્ટ નિર્ણય અનન્તકાળ થયાં તકરારો ચાલ્યા કરે છે તોપણ થયો નથી. છતાં આટલી વાત આગળ આવેલી છે કે કૃત્રિમ સ્થિતિ–રીતિમાં સુખ માનવા કરતાં સ્વાભાવિક વિશ્વ નિયમાનુસાર સ્થિતિ--રીતિમાં અધિક અને નિત્યસુખ છે.

(૮૨) માણસ કોઇ બીજાના સ્વભાવનું ચિત્ર આલેખે છે, બીજા માટે અભિપ્રાય આપે છે, કે બીજાના આચાર વિચાર ઉપર ટીકા કરે છે, ત્યારે સાથે સાથે અજાણતાંજ પોતાનાજ સંસ્કાર પ્રકૃતિ–હૃદયનેજ ખુલ્લાં કરતો જાય છે

(૮૩) માણસને કામ થકવતું નથી, પણ કામ કરવાની પદ્ધતિ થકવે છે. કામ કરવાની રીતિ નિયમ અને ધોરણસર રાખી હોય, વ્યવસ્થાની આગળથી ગોઠવણ હોય, તો માણસ ઘણું કામ કરી શકેછે.

(૮૪) જે જે વસ્તુમાં માણસ પોતાપણું આરોપે છે તે તે વસ્તુ તેને અતિ રમ્ય લાગે છે, અને આ માની લીધેલી રમ્યતાને લીધે તે તેને પ્રિય પણ લાગે છે. જે રમ્ય છે, જે પ્રિય છે, જે આશ્રિત છે, તેના ગુણ દોષનું નિરૂપણ પોતાથી બરાબર થઇશકતું નથી.

(૮૫) સદ્દગુણો પાળવાના પ્રસંગ હોય ત્યારે તે પાળી શકનાર

ખરો સદ્ગુણી છે. નીતિના પાઠ કરનાર, કે નીતિબોધ આપનાર પોતે સદ્ગુણીજ હોય છે, એવો કાંઈ નિયમ નથી.

(૮૬) સદ્ગુણથી ચલિત થવાનાં કારણ હોય, છતાં જે ટકી રહે તેનેજ ધન્ય છે. બાકી અમુક વખત સુધી ડોળઘાલુ સદ્વર્તન રાખવાથી શું ફળ છે ? આ ડોળઘાલુથી બહુ સાવચેત રહેવાનું છે.

(૮૭) જેણે આપણા ઉપર ઉપકાર કર્યો હોય, જેના પાસેથી બદલો મળવાની આશા હોય, તેનાપર ઉપકાર કરવો એમાં શું? પણ જેણે આપણને નુકસાન કર્યું હોય, જેની પાસેથી કોઈ પણ પ્રકારના બદલાની આશા નથી, તેવા અપરિચિત જન ઉપર ઉપકાર કરવો એમાં ખરી સાધુતા છે-મહત્તા છે.

(૮૮) આગનું છમકલું જલદીથી બુઝાવી શકાયછે. પણ જયારે તેજ આગ ભયંકર રૂપ ધારણ કરે છે ત્યારે પુષ્કળ પાણી રેડયા છતાં પણ ઓલવાતી નથી. તેવીજ રીતે કોઈ પણ નઠારી ટેવને જો પ્રથમથીજ સુધારવામાં આવે છે, તો જલદીથી સુધારી શકાય છે. પણ જયારે તેનાં મૂળ ઉંડાં જાય છે-તે ખરાબ ટેવ દૃઢ થઇ જાય છે ત્યારે સુધારી શકાતી નથી.

(૮૯) જે મનુષ્યના સંસર્ગમાં આવો, તેનામાં શું સારૂં અને શું શિખામણ લેવા યોગ્ય છે-અનુકરણીય છે તે જુઓ. તે સદ્ગુણોને માન આપો. ખુશી થાઓ અને તમે તેવા થવાનો પ્રયાસ કરો.

(૯૦) કોઇ પણ માણસ કેવળ ગુણવાન, નિર્દોષ કે સંપૂર્ણ હોતો નથી, તેમ કેવળ ગુણહીન, દોષિત કે અપૂર્ણ હોતો નથી. ગુણ, દોષ ઉભયનું મિશ્રણ હોય છે. ગુણ ઉપર દૃષ્ટિ રાખી સમદર્શી થવું.

(૯૧) કોઈ માણસનો દ્વેષ કરતા નહિ. તેના દુર્ગુણોનો દ્વેષ કરજો પણ તેના આત્માનો કરશો નહિ.

(૯૨) બીજાં પુરૂષોની કેવી ફરજો હોવી જોઇએ, તે કેમ બજાવવી જોઇએ, તેની ખટપટમાં પડવા કરતાં પોતાની ફરજો શી હોવી જોઇએ, તે બરાબર બજાવાય છે કે નહિ, કયાં ભૂલ છે તે જોતે રહેવું એ અધિક લાભપ્રદ છે.

(૯૩) આપણને જેમ બીજાઓ તરફ ફરજ બજાવવાની હોય-છે, તેમ બીજાઓને પણ આપણા તરફ ફરજ બજાવવાની હોય છે. સામો માણસ આપણા તરફની તેની ફરજ ન બજાવતો હોય, માટેજ આપણે આપણી ફરજને ન બજાવવી એ ક્ષુદ્રતા છે-હલકાઇ છે.

(૯૪) બીજાઓને અમુક રીતે વર્તવાની ફરજ પાડવાનો આપણને હક નથી, પણ આપણે પોતે અમુક પ્રમાણે વર્તવું એ તો આપણા હાથમાંજ છે. સામાના આચરણની ઉપેક્ષા કરીને પોતાને અવશ્ય બજાવવાનાં કર્તવ્ય બજાવવામાં દૃઢ રહેવું, એમાં મહત્તા છે-સાધુતા છે. પરંતુ એ કામ, બીજાં કામો જેવું સહેલું નથી.

(૯૫) હિંસા શબ્દનો અર્થ ફક્ત કોઇનો જીવ લેવો એટલોજ થતો નથી, પણ કોઇનું મન દુભવવું, શરીરને હાનિ પહોંચાડવી, માનપ્રતિષ્ઠાનો ભંગ કરવો, કોઇ પણ પ્રકારે કોઈનું અનિષ્ટ ચિંતવવુ કે કરવું એ સર્વમાં પ્રેરક કે અનુમન્તારૂપે રહેવું એ પણ એક જાતની હિંસાજ છે. પુત્રી ઉપર પૈસા લઇ જેવા તેવા અયોગ્ય વરને સોંપી તેના નિસાસા લેનાર, તેનાં અનેક વિધ પાપનાં અનાચાર-દુરાચારનાં કારણરૂપ માબાપ મહા હિંસક છે. એ પોતાનીજ દીકરીની ઘોરમાં ઘોર હિંસા છે. એથી મ્હોટું પાપ બીજું કયું હોઈ શકે વારૂ?

(૯૬) સ્વાર્થલંપટ લોભી પુરૂષો પાપમાં પડતાજ જાય છે, પોતાનાં પાપને જોઈ શકતા નથી, અને અંતે પોતેજ પોતાનો વિનાશ

કરેછે. પાપમાંજ સ્વઘાતક તત્ત્વ રહેલું છે. પાપ પોતેજ પોતાનો વિનાશ કરી લેછે.

(૯૭) ધર્મહાનિ, ધનહાનિ, શરીરહાનિ, સત્પ્રવૃત્તિમાં પ્રતિબંધ, આળસ, અવ્યવસ્થા, દારિદ્રય વધે એવા આચારવિચારનું સેવન જેથી પોષાતું હોય તેવા વ્યવહાર, રીવાજ-રૂઢીને ત્યાગવા.

(૯૮) જેનો કંઈ ઉપાયજ ન હોય, જ્યાં કોઈ યુક્તિ ચાલી શક્તી ન હોય તેવી બાબત માટે ચિંતા, વિલાપ કે શોક કર્યા કરવામાં મૂર્ખાઇ છે.

(૯૯) ત્હમે પોતે જાતે સુધરો એટલે બીજાને સુધારી શકશો. પોતે સુધર્યા વિના બીજાને સુધારવાના પ્રયાસ ઘણીવાર હાસ્યને પાત્ર થાય છે.

(૧૦૦) પ્રત્યેક પ્રસંગે કેમ વર્તવું અને કેમ બોલવું એ જ્ઞાન શીખવ્યું શીખવાતું નથી. કારણકે પ્રત્યેક મનુષ્યને બોલવાના અને વર્તવાના ભિન્નભિન્ન પ્રસંગો આવે છે, માટે તેમાં તો પ્રત્યેકે પોત-પોતાની બુદ્ધિનો ઉપયોગ કરવો.

(૧૦૧) સ્હામો શું કરેછે અને શું નથી કરતો તે તરફ લક્ષ આપવા કરતાં મ્હારે શું કરવું તેનો વિચાર કરવો અને તે પ્રમાણે વર્તવું.

(૧૦૨) વિદ્યા એક શસ્ત્ર જેવી છે. સુપાત્રને હાથે આવેતો તે રક્ષણ કરેછે અને કુપાત્રને હાથે જાય તો ભક્ષણ કરેછે.

(૧૦૩) જો તમારે પોતાનું અને પરનું કલ્યાણ સાધવું હોય, અને શાન્તિવાળું-સુખમય જીવન ગાળવું હોય, તો કોઈની સાથે વ્યર્થ ચર્ચામાં, વાદવિવાદમાં કે ખંડનમંડનમાં કદી ઉતરતા નહિ.

(૧૦૪) ઘણાં વર્ષ જીવવાથી મનુષ્ય જીવ્યો ગણાતો નથી, પરંતુ ઘણાં ઉપયોગી કાર્યો કરવાથીજ તેનાં જીવનની સફ-

ળીતાછે. ઘણા શ્વાસ લેવા તથા મૂકવા, એ જીવનનું ચિન્હ નથી. ધમણ પણ તેમ કરેછે, પણ ઉપયોગી વિચારો સેવવા એ જીવનનું ચિન્હ છે.

(૧૦૫) વગર વિચાર્યે કોઈ પણ વસ્તુ અથવા વિષય ઉપર એકદમ અભિપ્રાય બાંધવો અથવા તેનાપર ટીકા કરવી એ એક જાતની માનસિક અવ્યવસ્થા છે.

(૧૦૬) અભિપ્રાય બાંધવામાં અને આપવામાં પ્રજાવર્ગ બહુ ઉદાર રહે છે અને અભિપ્રાયની જાતિમાં અતિ કૃપણ છે.

(૧૦૭) અભિપ્રાય આપવામાં મનુષ્યની કૃતિ માત્ર જોવાની હોતી નથી, પણ તે કૃતિને પ્રેરનાર જે અંતર આશય તેજ જોવાનો હોયછે. કારણકે એકનીએક કૃતિ ભિન્નભિન્ન આશયોથી કરાયછે અથવા થઇ શકેછે. પ્રજાવર્ગ સપાટીપર જોનાર હોયછે, તેને સૂક્ષ્મ તપાસ કરવાનો સ્વભાવ નથી, અવકાશ નથી. તેથી તે કૃતિમાત્ર તરફ લક્ષ કરી વ્યાવહારિક અભિપ્રાય આપી દેછે.

(૧૦૮) ભિન્ન ભિન્ન મનુષ્યોની ભૂમિકા અવશ્ય ભિન્ન ભિન્ન હોયછે. એક ભૂમિકામાં રહી કરેલી કૃતિ, બીજી ભૂમિકામાં વિચરનાર પોતાની ભૂમિકામાં રહી કરેલી જુએછે અને તેથી તેને વિપરીત જ્ઞાન થાયછે. ભિખારી પોતે મહાત્માની ભૂમિકામાં મનવડે પણ ચઢી શકતો નથી તેથી તે મહાત્માને પોતાની ભૂમિકામાં લાવીને એની કૃતિના આશયોનું જ્ઞાન મેળવવા પોતાની પ્રાપ્ત ભૂમિકાનાં ચસમા પહેરેછે અને એ કાચથી તેનું નિરીક્ષણ કરવા મથેછે. અને તેનાં પરિણામમાં સ્વાભાવિક છે કે તેને તે મહાત્માની કૃતિના આશયોનુંજ ભાન થાયછે. અભિપ્રાય બાંધવો અને આપવો એમાં બહુ જોખમદારી છે.

•

મનન વાક્યો.

(૧) સત્ એક છે; ઉપાધિને લીધે અનેકવત્ ભાસે છે.

(૨) સત્‌ની જિજ્ઞાસા સર્વને હોય, પણ સત્યને પોતાનુંજ કરી લેવાનો અધિકાર કોઈને નથી.

(૩) સત્‌ને મર્યાદા નથી, દેશ કાળનાં બંધન નથી, તે અમુક સ્થળે હોય અને અમુક સ્થળે ન હોય, એમ સંભવતું નથી.

(૪) બહુ શાસ્ત્રોની જાળમાં અટવાવું નહિ. એથી ચિત્તને ભ્રમ થાય છે, વીર્ય અને શક્તિનો ક્ષય થાય છે. એક સત્ તત્ત્વને જાણવું.

(૫) સૌ સૌને સ્થાને શ્રેષ્ઠ છે.

(૬) માણસ પોતેજ પોતાનો શત્રુ અને પોતેજ પોતાનો બન્ધુછે.

(૭) જેમ છે તેમ હોવું જોઈએ માટે છે. જે જેવું છે તે તેવું બરાબર છે: જે છે અને જેવું છે તે અને તેવું અનુભવમાં આવવું મુશ્કેલ છે.

(૮) વિશ્વોત્પત્તિ, કર્મ, ઈશ્વર, જીવ, પ્રકૃતિ, માયા, સ્વર્ગ નરકની ભાવના, ધર્મ અને સુધારો એ સર્વમાં મતભેદ તો રહેવાનોજ. મતભેદ સહન કરવો વ્યર્થ ઝઘડામાં પડવું નહિ.

(૯) લોકને વિચાર કરવા કરતાં માની લેવું વધારે ઠીક પડે છે.

(૧૦) કર્મ વડે પ્રાણી બંધાય છે અને વિદ્યા વડે મુક્ત થાયછે.

(૧૧) જ્યાં જેટલી અહંતા–મમતા ત્યાં તેટલું દુઃખ.

(૧૨) જેટલા જેટલા સંબંધ મનથી પ્રિય મનાય છે, તેટલા તેટલા શોકના ખીલા હૃદયમાં ઠોકાય છે.

(૧૩) મહા સમુદ્રમાં મોજાંના વેગથી તણાઈને જેમ લાકડાંઓ એકઠાં મળે છે, અને પાછાં તે મોજાંનાજ વેગને લીધે વિખુટાં પડી જાય છે, જેમ અદષ્ટરૂપી મોજાંના વેગ વડે અહિં સમ્બંધીઓ એકઠાં મળે છે અને તેનાજ ઝપાટાથી મળીને જુદાં થઈ જાય છે.

(૧૪) મરણ એજ દેહધારીની પ્રકૃતિ છે. એમાં જે વિકાર થાયછે-જે વિકૃતિ છે તે જીવન છે. ક્ષણભર જીવાય તોપણ ભાગ્ય સમજવું.

(૧૫) વૃદ્ધિને અંતે ક્ષય, ઉન્નતિને અંતે પતન, સંયોગને અંતે વિયોગ એમજ સંસારમાર્ગમાં સર્વની વ્યવસ્થા છે.

(૧૬) દમન કરો–ઇન્દ્રિયોના ખોટે માર્ગે વળ્યા જતા વેગને ખાળી તેને સન્માર્ગે ચલાવો–દાન આપો, દયા કરો. દમ, દાન અને દયા એ ત્રણને અવશ્ય શીખવાં.

(૧૭) યોગ્ય રીતે પ્રયોજેલા પુરૂષાર્થ વડેજ સર્વદા સર્વ વસ્તુ મળી શકે છે.

(૧૮) પ્રભુમાં દૃષ્ટિ સ્થાપી કર્મમાં મચ્યા રહેવું, અને પોતપોતાની પ્રકૃતિનો વિચાર કરી અધિકાર નિર્ણય કરવો.

(૧૯) આળસ, વિષાદ, ચિંતા, શંકા આદિ આત્મશોષક વૃત્તિઓને દૂર કરી ઉદ્યમ, ઉત્સાહ, આનન્દ, શ્રદ્ધા આદિ આત્મપોષક વૃત્તિઓને સેવવી.

(૨૦) માત્ર કર્મ કરવાં માંડી વાળવાથી માણસ નિષ્કર્મ થતો નથી.

(૨૧) ત્યાગ તે માત્ર બહારના આડંબરખાતે નહિ પણ છેક હૃદયની અંદરથી કરવાની પ્રવૃત્તિ કરવી જોઇએ. જ્ઞાનશૂન્ય ત્યાગ, વિવેક વિરાગથી રહિત એવો ત્યાગ, લાભને બદલે હાનિ કરે છે.

(૨૨) પહેલાં યોગ્ય થાઓ પછી ઇચ્છા કરો અને કાર્ય

આરંભો. યોગ્યતા સંપાદન કર્યા વિના કોઈ પણ મ્હોટું કામ હાથમાં લેતા નહિ.

(૨૩) આપણે તો માત્ર આપણું કરવાનું કરવું; પણ ફળનો વિચાર કરવો નહિ.

(૨૪) પોતપોતાને કરવાનાં કામમાં જે બરાબર મચ્યા રહે છે તે વિજયી નીવડે છે.

(૨૫) જ્ઞાનીને પણ પ્રકૃતિતો હોય છે જ. પ્રકૃતિ એ કાર્યમાત્રની નિયામક હોઈ જ્ઞાનીનો આચાર પણ જ્ઞાનઅનુસાર નહિ પણ પ્રકૃતિઅનુસાર થાય છે (પ્રકૃતિ એટલે પૂર્વે કરેલાં શુભ અશુભ કર્મનો આ જન્મમાં પ્રગટ થએલો સંસ્કારસમૂહ)

(૨૬) વિદ્યા અને પ્રકૃતિ એ બે જુદીજ વાત છે. વિદ્વાનને પણ દુર્જનથી દૂર રહેવાનો ઉપદેશ એટલા માટે અપાય છે.

(૨૭) માણસ કંઇ દેવ નથી. મહત્તા અને સંપૂર્ણતા એ બે વચ્ચે ઘણું તથા ન ઓળંગી શકાય તેવું અંતર છે. દોષ ઉપર નહિ, પણ ગુણ ઉપર દૃષ્ટિ રાખવી.

(૨૮) આપણા પોતામાંથીજ જે સુખ આપણને મળે છે, જે સુખ આપણી આસપાસના વિષયોમાંથી મળે છે તે સુખ કરતાં વધારે ઉત્તમ છે.

(૨૯) વિલાસપ્રિયતા, વિષયાંધતા, અથવા ભોગલોલુપતાજ હરકોઇ પ્રજા કે વ્યક્તિની પડતીનું મૂળ કારણ છે.

(૩૦) તમે ગમે તે સમયે, ગમે તે પ્રસંગમાં અને ગમે તેવી સંગતિમાં હો પરંતુ ઇન્દ્રિય, મન, હૃદય અને બુદ્ધિ ઉપરથી તમારો કાબુ ખોઈ દેશો નહિ.

(૩૧) જેનો આહાર શુદ્ધ તેનું સત્ત્વ શુદ્ધ, અને જેનું સત્ત્વ શુદ્ધ હોય છે તેજ મુક્તિપદ માટે યોગ્ય છે.

(૩૨) નિરૂપયોગી વિચારો અને ક્રિયાઓ મનુષ્યનું સત્ત્વબળ અસાધારણ પ્રમાણમાં હરી લે છે.

(૩૩) શોક–ઉદ્વેગ ચિંતા–સર્વને કાઢી નાંખી પ્રસન્નતાને સેવો અને વર્તમાનકાળને ઉત્તમ પ્રયત્ન વડે શોભાવો.

(૩૪) પ્રયત્ન કરો. વર્તમાન પ્રયત્ન ભવિષ્યમાં સાહાય્ય આપશે જ.

(૩૫) જેવું ધ્યાન તેવા વિચાર, જેવા વિચાર તેવી વાણી, જેવી વાણી તેવું વર્તન અને જેવું વર્તન તેવું ફળ.

(૩૬) આપણે ઉપકાર કરીએ છીએ તે આપણા પોતા ઉપ-રજ કરીએ છીએ–જગત્ ઉપર નહિ.

(૩૭) સદા–સર્વદા કર્મ કરતા રહો પણ જગત્‌ની વસ્તુમાં લીંપાશો નહિ. જે કામ કરવું તે માલિક થઇને કરવું ગુલામ થઇ-ને નહિ.

(૩૮) જગત્ કાંઇ આપણી નિત્ય રહેવાની ભૂમી નથી, એક વિશ્રામસ્થાન છે.

(૩૯) માણસોના મન તથા હૃદય એક સરખાં હોય તથાપિ જુદા જુદા પ્રદેશોમાં મૂકાયાથી તે કાંઇ જુદા જુદા ભાસ આપે છે.

(૪૦) આપણને જે પ્રતિકૂળતા છે તે સર્વનું કારણ આપણે પોતેજ છીએ. એ પ્રસંગો જેવા હોય તેવા સ્વીકારી લઇ તેમાં પ્રતિકૂળતા લાગતી હોય તેવી પ્રતિકૂળતા ન રહે એવા સંયોગો ભવિષ્યને માટે ઉપજાવવા એ આપણા હાથમાં છે.

(૪૧) માણસ ખરેખરો કેવો છે તે કરતાં આપણે તેને

કેવો ધારી લીધોછે તે ઉપરજ માણસો વિષેના આપણા અભિપ્રાયનું ધોરણ રહે છે.

(૪૨) ધારેલે સમયે ધારેલા વિચારનું સેવન કરવું. કરેલા શુભ નિશ્ચયને ફેરવવો નહિ.

(૪૩) પ્રતિક્ષણ નિશ્ચય અને પ્રયત્નદ્વારા આગળ વધવું.

(૪૪) જીવનની ઉચ્ચ સ્થિતિ કરવાથી થાયછે. ઘણી વાતોનો મગજમાં ખીચડો કરવાથી નહિ. જે કાંઇ કરવાનું પ્રાપ્ત થયું હોય તે વિચારપૂર્વક કરો.

(૪૫) મગજની અભરાઇ–છાજલી ઉપર ગોઠવેલ શાસ્ત્રીય બુદ્ધિવિભવનો ભાર તે કાંઇ જ્ઞાન નથી.

(૪૬) કેવળ ખબર મેળવવા માટે, પ્રખ્યાત થવા માટે, કે પૈસા કમાવા માટે નહિ, પણ પોતાને તેમ બીજાને ઊંચી કોટીએ લઈ જવા માટે જ્ઞાનની જિજ્ઞાસા કરવી.

(૪૭) થોડું પણ પાકું વાંચવું. જે વાંચવું તે એકદમ વગર વિચારે માની લેવુંનહિ. માહિતી કે ગમત મેળવવા માટે નહિ, પણ વિચારવડે મનને કેળવી પાકું બનાવવા માટે વાંચવું એ મુખ્ય હેતુ છે.

(૪૮) બહુ શીખવાનો લોભ ન રાખવો, પરંતુ વિચારશીળ થવાને ઉત્સુક રહેવું જેથી બુદ્ધિ આરોગ્ય પ્રબળ અને તેજસ્વી થાય.

(૪૯) સદભિમાન, મનસ્વિતા–ધીરજ અને તેને અંગે જોઇતા ગુણો–ઉંચા પદઉપર પ્રીતિ, તે પદ સંપાદન કરવાની ઇચ્છા અને આત્મપ્રયત્ન એ ઉન્નતિની સામગ્રી છે.

(૫૦) જે હકીકત ખરી રીતે બનેછે તેનાં વર્ણનમાં, માત્ર તે ફરીફરીને બોલવાથી, એક બીજાને વાત કરવાથી અવશ્ય ફેર પડી જાયછે, મૂળનું સત્યસ્વરૂપ બદલાઇ જાયછે. મનુષ્યવિચારની મનુ-

ષ્યની અશક્તિઓની દુષ્ટ ગંધ એ મૂળ હકીકતને લાગી જાયછે, અને મૂળનાં શુદ્ધ સ્વરૂપને બગાડી નાંખેછે.

(૫૧) એકતામાં આનન્દ, અનેકતા–પરતામાં દુઃખ છે. સંપ ત્યાં જંપ. માટે ભેદતાનો–કુસંપનો ધિક્કાર અને અભેદનો–ઐક્યનો–સંપનો સ્વીકાર કર્તવ્યછે.

(૫૨) અંતરમાં અનુભવ હોવા વિના અન્યના પરમાર્થ ચમત્કારને અન્ય જાણી શકે નહિ.

(૫૩) ઋણ, રોગ અને શત્રુ એ ત્રણને શેષ ન રાખવાં.

(૫૪) સ્ત્રી, ધન અને પુસ્તક એ ત્રણ વસ્તુને પરાધીન કરવી નહિ.

(૫૫) ક્ષણવડે વિદ્યાને સાધવી, અને કણવડે દ્રવ્ય એકઠું કરવું.

(૫૬) આત્મપરીક્ષા પ્રથમ કરજે કે પરપરીક્ષા શુદ્ધ થાય.

(૫૭) જેની ભાવના દુષ્ટ છે તે કદી પણ પવિત્ર થતો નથી.

(૫૮) યતના વગર કોઇપણ કામ સારૂં થતું નથી.

(૫૯) પૂર્વજોએ કરેલાં સત્કાર્ય કરવામાં સ્વધર્મ છે, ન કરવામાં દોષ છે.

(૬૦) નવું એટલું સારૂં અને જુનું એટલું ખરાબ, એમ નથી. તેમજ નવું એટલું ખરાબ અને જુનું એટલું સારૂં એમ પણ નથી. બેમાંથી એકનો વિવેક–વિચારપૂર્વક પરીક્ષા કરીને સ્વીકાર કરવો. પારકી બુદ્ધિએ દોરાવું નહિ.

(૬૧) અભ્યાસથી, ધર્મથી, સત્યથી, આપણું જેમાં શ્રેય હોય એવાં કર્મથી પ્રમાદ ન કરવો. પ્રમાદ અને અજ્ઞાન એજ મૃત્યુ છે.

(૬૨) શિષ્ટાચારરૂપ અનિંદિત આચરણ હોય તે સેવન કરવા યોગ્ય છે, અન્ય નહિ.

(૬૩) સહજવૃત્તિઓને સુધાર, કારણકે તું સર્વત્ર બુદ્ધિને બોલાવી શકીશ નહિ અને કદાચ બોલાવી શકીશ તો તેનો ઉપયોગ કરી શકીશ નહિ.

(૬૪) પ્રથમ વયમાં–જીવનના આરંભકાળમાં તમારાં સૂક્ષ્મ શરીરને એવું પોષણ આપો કે જીંદગીભર સુખી અને શાન્ત જીવન ગાળી શકાય.

(૬૫) નિરાશાને સ્વતંત્રતા અસ્તિત્વ નથી. નિરાશા એટલે નિશ્ચયની નિર્બળતા અને અશ્રદ્ધા. નિશ્ચયી અને શ્રદ્ધાળુ અંતઃકરણના માર્ગમાં નિષ્ફળતા નથી.

(૬૬) હોકાયંત્રની માફક ગમે તે વ્યવહારમાં ફરવું પડે અથવા ગમે તે સંગમાં રહેવું પડે, તોપણ દૃષ્ટિરૂપી કાંટાને જ્ઞાનરૂપી ઉત્તરધ્રુવ તરફજ સ્થિર રાખજો.

(૬૭) પ્રારબ્ધકર્મ કૂતરો છે. એ સ્થૂલ શરીરને ગમે તેમ ચૂંથે તોપણ વૃતિને શ્રી વીતરાગ પ્રભુમાંજ નિશ્ચલ રાખવી.

(૬૮) હૃદયમાં તીવ્રતાથી જેની ઝંખના થાય છે, તે જરૂર મળેછે.

(૬૯) મનુષ્યમાત્રના હૃદયમાં જોકે એકજ અંતરાત્મા રહેલો છે, એજ સર્વનો શાસ્તા છે, ગુરૂ છે, બન્ધુ છે, તથાપિ એનાં શાસનનો, એના ઉપદેશનો, એની સલાહનો દરેક મનુષ્ય પોતપોતાની ભાવના પ્રમાણે અર્થ કરેછે.

(૭૦) ગૃહજીવન પ્રભુવિનાનું ન રાખો. નાસ્તિકતા અને પ્રમાદને દૂર કરો.

(૭૧) જે જેને જેવી રીતે ભજે, તે તેને તેવી રીતે ભજે. સ્હામો માણસ આપણી તરફ સારી રીતે વર્તે એવી જો આપણી ઇચ્છા હોયતો આપણેજ પ્રથમ તેની તરફ સારી રીતે વર્તવું.

(૭૨) સંસારમાં એવી કોઇ સ્થિતિ નથી કે જેમાં રહી માણસ પૂર્ણ સંતોષ માની લે.

(૭૩) બાહ્ય પદાર્થોમાં રૂપ, રંગ, વિસ્તાર કે સુખદુઃખ આપવાપણું જે જોવામાં આવેછે તે તે વસ્તુઓના ધર્મ નથી પણ આપણે તેઓના ઉપર તે તે–ધર્મોનું આરોપણ કરેલું છે.

(૭૪) મોહન મારણ મંત્ર, જંત્ર, દોરા ધાગા–મૂઠ, ભખીઓ ઉતારવો એને નામે ઢોંગ ઘણા ચાલે છે. માટે તેનાથી દૂર રહેવું

(૭૫) સ્વત્વ જાળવવું પણ મિથ્યાભિમાની ન થવું. બહાદુર થવું, પણ ઉદ્ધત ન બનવું.

(૭૬) પ્રકૃતિ અને બુદ્ધિનો ભેદ છે માટે જાતિભેદ કદી જવાના નથી.

(૭૭) ડીગ્રી, ભાષા, વસ્ત્ર, વાચાળતા, ટાપટીપ, આડંબર, એવી એવી બાહ્ય ઉપાધિઓ ઉપરથીજ સાધારણ માણસો સ્હામાની પરીક્ષા કરે છે. બુદ્ધિવિભવ અને અનુભવને લક્ષમાં રાખી કેટલાક લોકો પરીક્ષા કરે છે. કોઈ વિરલ મહાત્માજ માણસના અંતરમાં પેસી તેના સંસ્કાર, ભાવના, પ્રકૃતિનું સ્વરૂપ નિરખી તે પરથી પરીક્ષા કરે છે.

(૭૮) બહારની ટાપટીપ અને અંદરથી સ્વાર્થ સાધવાની યુક્તિ એમાં વિદ્વાનોની વિદ્યાનો ઉપયોગ થવો ન જોઇએ.

(૭૯) નિન્દાનો ઉત્તમ પ્રતિકાર એ છેકે તે તે દોષો પોતામાં નથી, એવી વિશુદ્ધ વર્તનવડે ખાત્રી કરી આપવી.

(૮૦) જે માણસ મિથ્યાવચન બોલે છે તેનો સમૂલ નાશ થાય છે.

(૮૧) ભય સામું જોવાથી ભય પુષ્ટ થાયછે.

(૮૨) માણસ જેવું આગ્રહપૂર્વક ચિંતન કરેછે, તેવોજ થાયછે.

(૮૩) નીતિનાં પુસ્તક વાંચવાં, તે સ્હમજવાં અને તદનુસાર વર્તવું એ ત્રણે જુદી વાત છે.

(૮૪) ખાનપાન માટે, ધંધારોજગાર માટે, પૈસોજ એકઠો કરવા માટે, રંગરાગ ઉડાવવા માટે, સ્ત્રીપુત્રાદિની પ્રાપ્તિમાટેજ આ જીવન છે એમ નથી. આત્મવિકાસવૃદ્ધિ અને વિસ્તાર આત્મકલ્યાણ એને માટે જીવન છે. જે સાધન છે તેનેજ સાધ્ય માની લઈ તેની પ્રાપ્તિ માટે વળખાં મારતા રહેવું કે તે પ્રાપ્ત કરી કૃતાર્થતા માની લેવી એમાં ખરી માણસાઈ નથી.

(૮૫) આત્માનાં વૃદ્ધિ વિસ્તાર કલ્યાણ વિકાસ પણ કેવળ સ્વાર્થ માટે નથી, પણ એ સિદ્ધ થયા પછી જનસેવામાં તત્પર રહેવાનું છે. નિઃસ્વાર્થ હેતુથી એવી સ્થિતિ પ્રથમ મેળવવી એવો ઉપદેશ છે.

(૮૬) સ્વતંત્રતાને સ્થાને સ્વચ્છંદતા શ્રદ્ધાને સ્થાને વહેમ અને પ્રેમને સ્થાને આસક્તિ ન આવે એમાટે સાવધ રહેવું.

(૮૭) બીજા મનુષ્યના સ્વભાવ વર્ણનમાં માણસ જાણ્યે અજાણ્યે પોતાનાજ હૃદયભાવનું, મનોવિકારનું, સંસ્કારનું પ્રતિબિંબ પાડે છે. પોતાજ વિચારોનું પ્રત્યારોપણ કરેછે. અને સર્વ પ્રકારે પોતાના અનુભવનું મિશ્ર ચિત્ર આલેખેછે.

(૮૮) આંતરજીવન સુધારો કે જેથી બાહ્યજીવન સુધરશે.

(૮૯) જ્યાં કાંઈપણ અશુદ્ધિના ચેપનો સંભવ હોય ત્યાં ન જવું. જવા પછી શુદ્ધ રહેવું મુસ્કેલ થઈ પડેછે.

(૯૦) જવાબદારીનું સ્વરૂપ સ્હમજવાની ઇચ્છા થવી એ મુસ્કેલછે, ઇચ્છા થવા પછી તે સ્હમજવા જેટલી શક્તિ મુસ્કેલ, સ્હમજાયા પછી તે અદા કરવી મુસ્કેલ, અદા કર્યા પછી હૂંપદ અને ફળની આશાનો ત્યાગ મુસ્કેલ.

(૯૧) વાણી, ભાષા, વિદ્યા, આચારવિચાર એ સર્વ ભૂષણરૂપ

થાય એવાં રાખો, બાહ્ય જડ આભૂષણ ન હોય તો ચાલશે. તમારૂ ચારિત્ર સુધારો.

(૯૨) આત્મસન્માન, આત્મજ્ઞાન, અને આત્મસંયમ એ ત્રણથીજ મનુષ્યને શ્રેષ્ઠ સામર્થ્યની પ્રાપ્તિ થાય છે.

(૯૩) આત્મસન્માનની સાચી લાગણી હોય તો પરસન્માનની લાગણી પણ હોય. પરસન્માનની દરકાર રાખ્યા વગર કેવળ આત્મસન્માન જાળવનાર મિથ્યાભિમાની છે.

(૯૪) મનના વેગ તને ઉશ્કેરશે, તને પરાધીન કરી ખેંચી જશે, તે વખતે એટલું વિચારજે કે કઇ વૃત્તિ તને પ્રેરે છે. સ્વાર્થ-પરાયણ વૃત્તિ પ્રેરતી હોય તો સમજજે કે તે જ તારી ઉન્નતિમાં અટકાવ કરે છે.

(૯૫) ઇન્દ્રિયો ઉપર એટલો કાબુ રહેવો જોઇએ કે તેઓ સર્વ વાતે સ્હેલાઇથી આત્માને વશ રહે, થોડેથી સંતુષ્ટ રહે, સાદા જીવનમાં મગ્ન રહે, અને ગમે તે પ્રકારની અગવડા—અસંતોષનો ઉદ્‌ગાર કહ્વાડ્યા વિના સહન કરી શકે.

(૯૬) તમારાથી બને તેટલું, બને તેટલાં સાધનવડે, અને બને તેટલે માર્ગે, જે જે સ્થાને બની શકે ત્યાં, જે જે સમયે બને તે તે સમયે, જેટલાં મનુષ્યનું બની શકે તેટલાં મનુષ્યનું અને જ્યાં સુધી બની શકે ત્યાં સુધી હમેશ ભલું કરો.

(૯૭) વૃક્ષો જીવેછે, મૃગ પક્ષી આદિ પણ જીવેછે, પણ તે જીવેછે કે જેનું મન મનનથી જીવતું નથી.

(૯૮) અવિવેકને શાસ્ત્રભાર છે, રાગવાળાને જ્ઞાનભારછે, અશાન્તને મનભાર છે.

(૯૯) પ્રામાણિક, તત્ત્વજ્ઞ અને પૂછતાં યત્નથી કરનાર એવા-

ના વાક્ય પ્રમાણે જે ચાલતો નથી, તેના કરતાં અધમ નર બીજો કોઈ નથી.

(૧૦૦) બોધ આપતાં છતાં જેને કોઇ પણ પ્રકારે અનુભવ થતો નથી તેવા નરાકૃતિ માટોડાને શાસ્ત્ર શી રીતે બોધ કરે ?

(૧૦૧) મહાપુણ્યરૂપી ધન આપીને તેં આ કાયારૂપી વહાણ આ દુઃખના સમુદ્રની પાર જવા આણ્યુંછે. એ ભાંગી ન જાય ત્યાં સુધીમાં તરીલે.

(૧૦૨) અજ્ઞાન, અશ્રદ્ધા અને સંશય એ માણસનો વિનાશ કરેછે.

(૧૦૩) જળમય તીર્થો કે મૃત્તિકા અને શિલામય દેવો પાવન કરેતો પણ બહુ કાલે કરે છે. સાધુઓ દર્શન માત્રથીજ પાવન કરેછે.

(૧૦૪) મહાસત્ત્વગુણ યુક્ત, સમદ્રષ્ટિ, કોઇ અવર્ણ્ય કળવાળા જે ધીર પુરૂષોછે તે સાધુ કહેવાયછે.

(૧૦૫) ચંદનના ભારને વહેતો ખર ભાર માત્રનેજ જાણેછે, ચંદનને નહિ. તેમ બહુ શાસ્ત્રનો અભ્યાસ કર્યા પછી પણ સારને ન જાણનારો ખરની પેઠે ભારમાત્રજ ઉચક્યાં કરેછે.

(૧૦૬) જે ભાવિ નથી તે થવાનું નથી, જે ભાવિછે તે મટવાનું નથી. તો એવા ચિંતારૂપી વિષને હણનાર ઔષધ કેમ પીતો નથી.

(૧૦૭) સર્વ પ્રાણી મને મિત્રદ્રષ્ટિ એ જુઓ. હું સર્વ પ્રાણીઓને મિત્રદ્રષ્ટિ એ જોઉં. અમે કોઇ વિદ્વેષ કલહ કરીએ નહિ.

(૧૦૮) અહિ સર્વે સુખી થાઓ, સર્વે નીરોગી રહો, સર્વને કલ્યાણ પ્રાપ્તથાઓ, કોઇને દુઃખ થશો નહિ.

સ્ત્રી વાંચન વિભાગ.

(૧) જે ઘરમાં પોતાનાં માતાપિતા, ભાઈભાંડુ કે બીજાં સગાં-વહાલાં નથી, જ્યાં એક સુજ્ઞ પતિ સિવાય બીજા કોઇનો સ્વાર્થ નથી, તેવાં મુદ્દલ પરિચયમાં નહિ આવેલાં ઘરમાં જુદા જુદા વિચારવાળા, જુદી જુદી ટેવવાળા, જુદા જુદા સ્વભાવવાળા અજાણ્યા માણસો વચ્ચમાં રહીને નવવધુએ પરતંત્ર રીતે-પારકી બુદ્ધિએ કામ ચલાવવાનું હોય છે. આ સ્થિતિમાં શું કેળવણીની જરૂર નથી ?

(૨) જેમની રીતભાત, સ્વભાવ કે ટેવની જેવી તેવી પણ માહિતી નથી, તેવાની અનુકૂળતા-સગવડ જાણી લઇ તે સાચવવી, તેમને રાજી રાખવાં, પારકાંને પોતાનાં કરી લેવાં, પોતાની જાતનાં સુખદુ:ખની દરકાર નહિ કરતાં પોતાની મનોવૃત્તિઓને મારી નાંખી, પારકાંની મનોવૃત્તિઓને ઓળખી તેને અનુસરવું, કુદરતી લાગણીઓનું ખુન કરવું, બીજાના આશયો સમજી તે પ્રમાણે કામ બજાવવું. એ સર્વે કરવામાં કેટલી બધી દીનતા સહનશીલતા, બુદ્ધિ, વિચારશક્તિ અને જ્ઞાનની જરૂર છે વારૂ ?

(૩) બાળકોને ઉછેરવાં યોગ્ય કરવાં, ખોરાક પાણીની તજવીજ રાખવી, ઘરની વ્યવસ્થા રાખવી, આવકના પ્રમાણમાં ખર્ચ રાખવું, વધારે પડતું પગલું ન ભરવું, મર્યાદા સાચવવી, નવરાશના વખતનો સદુપયોગ કરવો. એ સર્વમાં બહુ ડહાપણ, વિવેક અને વિચારની જરૂર રહેછે.

(૪) બાળા, નવવધુ, ગૃહિણી, માતા, સાસુ એમ તમારા સંબંધ

ા સ્થિતિ ફરતાં રહે છે. અને તે સાથે તમારા ઉપર તે તે સંબંધ
ી સ્થિતિને લગતી જવાબદારીઓ ઉભી થાયછે.

(૫) તમારી સ્થિતિ અને તમારા ધર્મ-ફરજનો વિચાર કરં-
ાં આવે, તો તમારે કેળવણીની જરૂર અતિશય પ્રમાણમાં છે
ા કહેવુંજ પડશે.

(૬) આખા કુટુમ્બનું આરોગ્ય, સુખ-શાન્તિ કેવલ તેની
ય સ્ત્રીની વ્યવસ્થા ઉપર રહેછે.

(૭) પોતાનું કુટુમ્બ તજી પતિનાં કુટુમ્બમાં વસતા તે કુટુમ્બનાં
પુરૂષોને પોતાનાંજ ભાણ્ડુ જેવાં થઈ રહો, સ્ત્રી ધર્મ બજાવી શકો,
માટે તમને કેળવણીની બહુ જરૂર છે તેવા ગુણો પ્રાપ્ત થયા ન
ા ત્યાં સુધી રૂપનું, દ્રવ્યનું કે ગમે તે પ્રકારનું વશીકરણ વ્યર્થ સમજવું.

(૮) અવધૂત-બાવાઓએ બતાવેલાં વશીકરણ,દોરા-ધાગા, જંત-
ંતર સર્વ ફોકટ સમજવાં; એમાં ફસાવું નહિ.

(૯) પુખ્ત વિચારની ન થએલી એવી અશિક્ષિત બાળાને
સરે મૂકવી એમાં પાપછે.

(૧૦) તમારી પુત્રીને લાડકી બનાવશો નહિ, તેમાં અપલક્ષણ
ડશો નહિ, એને લાયક બનાવો એ લાયક બનશે. સાસરે સુખી
ા તો તમને આશીર્વાદ આપશે, નહિતર નિસાસા નાખશે અને
ં પાપ તમને પૂણી વળશે.

(૧૧) તમે નાનાં હો, પરણીને સાસરે ન ગયાં હો, ત્યાં સુધી
ની વ્યવસ્થા-ઘરનાં કામકાજ કરતાં શીખો, રહામાનું મન ઓળ-
તાં, લાગણીઓને કેળવતાં શીખો, ભરત, ગૂંથણ, અને શીવણ જેવી
ગ્રકળાઓનું જ્ઞાન મેળવો, સ્વચ્છતા, આરોગ્ય, કરકસર જેવી બાબતો

વિષે માહિતી મેળવો, તમને સાસરામાં કામ આવે એવાં સાધન તૈયાર કરો. યાદ રાખો કે સાધન વગર લડવા જનારો માણસ મરણ પામે છે.

(૧૨) તમારે માથે કેટલા અને કેવા જોખમો રહેલા છે, હિંદુ-સંસારમાં તમારી શી દશા છે તેનો વિચાર કરો. સાસરામાં સુખે રહેવાય, પોતાની ફરજો બજાવાય, નીતિ—ન્યાય પ્રમાણે ચાલી શકાય, જનસમાજને યોગ્ય, સુદૃઢ અને નીતિમાન પ્રજા સોંપી શકાય તે માટે કેળવણી લ્યો. બ્હેનો રમત ગમતમાં, અહિં તહિં રખડવામાં, નકામાં બેસી રહેવામાં કે ગપાટા હાંકવામાં ન્હાનપણનો વખત જવા દેશો તો સાસરામાં અપમાન વેઠવું પડશે; યોગ્ય સ્ત્રી તરીકેની ફરજો નહિ બજાવી શકો અને તેનાં પાપ ત્હમને લાગશે. માટે તમારે તો ખાસ સ્હાયના રાખી શીખવું, યોગ્ય થવું, બાળક અવસ્થા એળે જવા ન દેવી.

(૧૩) બ્હેનો તમે જાગો, તૈયાર થયા વિના સાસરે જનારીના શા હાલ છે તે જુઓ, એક નમુનેદાર ગૃહિણી, સુમાતા અને કુશળ કાર્યવાહક થવા માટે હમણાંથીજ કેળવણી લેવા માંડો.

(૧૪) સાસરે જાઓ ત્યારે બહુ સાવધાનીથી વર્તજો, ઉતાવળ સાહસ કે અધીરતા કરશો નહિ. સહનશીલ અને ધીરજવાળાં થજો, તમારૂં કામ બરાબર બજાવજો, કામ એજ મ્હોટું વશીકરણ છેઃ આમને નહિ પણ કામને સૌ ચાહેછે.

(૧૫) જે કામ કરે છે તે સૌને પ્રિય લાગે છે, અને જે સૌને પ્રિય લાગે છે તેના સઘળા અર્થ સરેછે.

(૧૬) ગુરૂજન અને તેનાં વહાલાં જે નણંદ, દીયર, જેઠ એમની સેવા સર્વ પ્રકારે કરજો. પતિનાં કુટુમ્બીજનોની એવી યોગ્ય સેવા

કરવી કે જેથી તેમને એમ વિચાર થઈ આવે કે " ખરે આ અમારી પોતાનીજ પુત્રી છે, અને એને હાથે અમે સર્વકાળમાં સુખમાં રહી દિવસ આનન્દમાં ગાળીશું."

(૧૭) મર્યાદામાં રહી જે વાત સાસરાના વડીલ વર્ગને રૂચતી હોય તે કરવી, ન રૂચતી હોયતો ન કરવી. એવો સરલ સ્વભાવ રાખવાથી કલ્યાણ થાયછે.

(૧૮) પતિનો શ્વાસોચ્છ્વાસ સ્હમજી તે મુજબ પોતાની રીતિ અને વૃત્તિ રાખવી. પતિસેવા હોંશથી–આનન્દયુક્ત મનથી કરવી. પતિસેવા કરતાં કદાપિ પતિ ક્રોધે ભરાઈ તરછોડે તો તે વખતે સાંભળી રહેવું અને પછી અનુકૂળ વખતે ખુલાસો આપવો, પણ કદાપિ તેની વૃત્તિથી વિરૂદ્ધ આચાર ન રાખવો.

(૧૯) રૂપનો, સાહેબીનો કે પૈસાનો કદી પણ ગર્વ ન કરવો.

(૨૦) કષ્ટમાં, કંકાસમાં, દુઃખમાં ક્લેશથી દિવસો પૂરા કરવા. હમેશાં બળ્યા જળ્યાં રહેવું એમાં તે શું સુખ સમાયું છે? એવા વ્યવહારમાં પડશો નહિ.

(૨૧) તમે ભણતાં નથી, વહેમ રાખોછો, કલહ કરોછો પણ તેથી તમને લાભ શો મળે છે? તમને ભૂગોળ, ઈતિહાસ, વ્યાકરણની જેટલી જરૂર નથી તેટલી–તેથી અત્યંત જરૂર પતિસેવા, ગુરૂસેવા, નમ્રતા અને ભક્તિની છે.

(૨૨) પ્રથમ જેથી કરીને શરીર રક્ષણ થાય એ જાણ્યા પછી એ જાણવું જોઇએ કે જેથી કરીને તારી અને તારા પતિની એકતા થાય તથા તારો ઘર સંસાર રૂડીરીતે ચાલે.

(૨૩) જે કુમારી અવસ્થામાં યોગ્ય કેળવણી પામી નથી,

સાસરામાં પણ કેવળ ગુલામગીરી કરીને જેમ તેમ જીવન ગાળે છે, જેનાં મન બુદ્ધિની શક્તિ ખીલવવાની સગવડ કે કાળજી રહેતી નથી, તે સ્ત્રી યોગ્ય માતા કયાંથીજ થાય ? એવી સ્ત્રીનાં બાળક બીકણ, કમતાકાત, વહેમી, નિસ્તેજ અને પરતંત્ર બને તેમાં આશ્ચર્ય નથી.

(૨૪) પોતાને પુત્ર અથવા પુત્રીરૂપ પ્રજાથાય તેમાટે તમે આતુરતો બહુ રહો છો, પરંતુ તેમાં કેટલી જોખમદારી અને જવાબદારી રહેલી છે તેનું તમને લેશ પણ જ્ઞાન કે ભાન હોતું નથી —કે જે હોવુંજ જોઈએ.

(૨૫) બાળકોને પ્રાપ્ત કરવાની ઇચ્છા રાખનાર સ્ત્રી પુરૂષોએ બાળકો, પોતાને—પોતાનાં સમ્બન્ધીઓને તથા દેશને સુખ આપનારાં થાય તેટલા માટે તેને કેમ કેળવવાં એ જાણવાની જરૂર છે.

(૨૬) અજ્ઞાનીસ્ત્રી પુરૂષોનો ગૃહસ્થાશ્રમ અધર્મ, અનર્થ, અસુખ તથા બંધનરૂપ કલેશોનોજ ઉપજાવનાર થઈ પડે છે.

(૨૭) ચૂલે મૂકેલી દાળ દુણાઈ જવામાં દોષ જેમ દાળનો નથી, પણ રાંધનારનોજ છે; તેમ બાળકોની સ્થિતિ બગડવામાં દોષ બાળકનો નથી પણ બાળકોને ઉછેરનાર માતા પિતાનો છે.

(૨૮) પોતાનાં બાળકનાં શરીર તથા મન કેમ કેળવવાં, તેમાં સદ્દગુણનાં બીજક કેવી રીતે નાંખી તેમની વૃદ્ધિ કરવી એવા વિષય જે ગ્રંથોમાં ચર્ચેલા હોય તે સંભાળ પૂર્વક વાંચવા અને યોગ્ય માતા થવાની યોગ્યતા મેળવવી. એવી યોગ્યતા મેળવ્યા પૂર્વે માતા થાઓછો તો તમને અત્યંત કલેશ અને દુઃખ થાય છે.

(૨૯) બાળકને સર્વોત્તમ કરવા ઇચ્છનારે પ્રથમ પોતે સર્વોત્તમ થવું. જે ઉત્તમ ગુણો બાળકોમાં સ્થાપવાની માબાપો ઇચ્છા કરે છે,

તે ઉત્તમ ગુણો માબાપે જો પોતામાં પ્રયત્નથી સ્થાપેલા નથી હોતા તો મારથી, ધાકથી કે ગમે તેવા ઉપદેશથી પણ માબાપો બાળકોમાં ઉત્તમ ગુણોનું સ્થાપન કરવા કદી પણ સમર્થ થઈ શકતા નથી.

(૩૦) જેવું બાળકને તમે કરવાઇચ્છતા હો, તેવાં તમે પોતે થાઓ.

(૩૧) અસંખ્ય પુણ્યોથી પણ ન મળે એવી માતાની પદવી પામીને તમારી જાતનો સુધારો કરતાં જરા પણ વ્યાકુલ થશો નહિ. આગ્રહ અને પ્રયત્નથી મંડયાંજ રહેજો.

(૩૨) બાળકોને ટોકટોક નકરશો, ગાળો ન દેશો, ખોટી ધાક કે દાબ રાખશો નહિ, તેમને અઘટતી સ્વતંત્રતા આપશો નહિ, વાતવાતમાં તમારૂં ડહાપણ ડોળશો નહિ, એનાં પૂર્વકૃતભાગ્યનો પણ વિચાર રાખજો.

(૩૩) મન, વચન અને કર્મથી તમે જાતે વિશુદ્ધ થશો, એટલે શિક્ષા, ટોકણી, ધમકીના પ્રસંગ કદી નહિ આવે.

(૩૪) બ્હેનો, મહાવીર જેવા અવતારી પુરૂષોને પારણાંમાં ઝુલાવનારી તમારા જેવીજ સ્ત્રીઓ હતી. તમેજ જગતને શૂરા, ધર્મશીલ, ભક્ત, પરાક્રમી નરરત્નો આપો છો. તમે નરકની નહિ પણ રત્નની ખાણછો. તમે યોગ્ય થાઓ, જવાબદારી સ્હમજી તે અદા કરો.

(૩૫) બાળકનાં શત્રુ નહિ પણ ખરે ખરા હિતેચ્છુ થાઓ. અજ્ઞાનને લીધે તમારાં ઘણાં વર્તન એવાં થાય છે કે જેથી બાળકનું અહિત થાય.

(૩૬) છોકરાંને જેમ તેમ ઉછેરી નાંખવાં, કનડે એટલે નિશાળમાં ગોંધી મૂકવાં, ઇચ્છા વિરૂદ્ધ વર્તેતો ટોકણી, ધમકી, શિક્ષા કરવી; ખોટાં લાડ લડાવવાં, ભણાવવાને બદલે પરણાવવાની ભાવના રાખવી; પોનામાં હજારો દોષો હોય, પોતાના નિશ્ચય અને વિચાર

ખોટા હોય છતાં તેવા દોષો અને નિર્ણય અનુસાર બાળકોને ચાલવા ફરજ પાડવી એ માતાના ધર્મ નથી.

(૩૭) જે માતા પોતાના સંતાનને યોગ્ય કેળવણી આપતી નથી, કેવળ પોતાના સાચાખોટા તુરંગ પ્રમાણે ચાલવા માટે સખ્તાઈ વાપરે છે, તેને સુધારવાના રસ્તા બંધ કરેછે તે માતા શત્રુ જેવી ગણાય છે.

(૩૮)ઉદ્ધત, અવિચારી, કલેશકારી, મિથ્યા વચનોનો ત્યાગ કરવો.

(૩૯) પતિની સ્થિતિ જોઈ ખર્ચ રાખવું, વસ્ત્ર આભૂષણનો મોહ ઓછો રાખવો, બહારની ટાપટીપમાં લોભ ન રાખવો.

(૪૦) જે સ્ત્રી પતિ સિવાય પરપુરૂષને ભાઈ સમાન લેખે છે, કુલમર્યાદા સાચવીને યોગ્ય રીતે વર્તે છે, પોતાની ફરજો અદા કરેછે તે સ્ત્રી ખરા ધર્મ માર્ગ ઉપર છે એમ જાણવું.

(૪૧) તમને જ્યારે સાસુની પદવી મળે ત્યારે નવી આવેલી વહુને ટોક ટોક કે ધમકાવ કરશો નહિ, સહવાસના અભાવે કે અજ્ઞાને તેની કંઇ ચૂક થઇ જાય તો તેની ખણખોદ કરશો નહિ, પુત્રીની જેમ તેનું પાલન કરજો.

(૪૨) પુત્ર અને તેની વહુ વચ્ચે ગાઢ સ્નેહ બંધાય, વહુ હૃદયના ખરા ઉમળકાથી ઘરકામ કરે એવી રીતે તમારે કામલેવું, વહુનો ભારબોજ ઘટાડવાને બદલે વધારવો, એ નીનિ સૂત્રોપદેશ છે.

(૪૩) પારકી કુથલી કરવી નહિ, નવરાશનો વખત સારા ઉદ્યમમાં ગાળવો. બહુ રખડવું નહિ, જેને તેને ગુરૂ કરી બેસવુંનહિ.

(૪૪) તમારે જીભને વશ રાખવી; સહુ સાથે સલાહ સંપથી-સમાધાનીથી હળી મળીને રહેવું. ઈર્ષા, દ્વેષ, ખાર, અભિમાન, કલહ એ સર્વને દૂરથી ત્યાગવાં.

(૪૫) સ્ત્રીઓમાં અવશ્ય હોવા જોઈએ. એવા સર્વ ગુણો હોય

તો કુલનો ઉદ્ધાર એથીજ છે, દેશોદય પણ એથી જ છે. બીજી રીતે હોયતો કુલ અને દેશની પડતી દશા થાય છે.

(૪૬) જરા જરા વાતમાં માઠું લગાડવું, જે તે વાત પોતા ઉપર ખેંચી લેવી અને કલહ કરવો એ ટેવ સારી નથી. તમારે હમેશાં પ્રસન્ન રહેવું, મ્હોટાં મનનાં અને મ્હોટાં પેટનાં થવું.

(૪૭) રૂપ, ઘરેણાં, શણગાર કે બહારની ટાપટીપ ઉપર નહિં પણ યોગ્ય સદ્ગુણો ઉપર તમારી મ્હોટાઈ અને શોભાનો આધારછે.

(૪૮) આ જીવન શું છે અને શામાટે તેનો ખ્યાલ કરજો. ઝઘડા, કલહ, કુસંપ, હાયવોય, રડાકૂટ એમાંજ જીવન ગુમાવશો નહિ.

(૪૯) સંસારની અસારતા, વિષય સુખોની ક્ષણિકતા, દુઃખકારકપણું, રૂપ યૌવન સુંદરતાની અસ્થિરતાનો વિચાર કરી નીતિ અને ધર્મના માર્ગે ચાલજો.

(૫૦) પોતાના આત્માનું કલ્યાણ જેથી થાય તે સ્હમજજો અને તે સાધવાનો પ્રયાસ લેજો, જગત્‌ની મ્હોટાઇ પાછળ ફાંફાં મારશો નહિ.

(૫૧) કોઈ પૂર્વનાં કર્મને સંજોગે તમે વિધવા થયાં હો તો તેથી હમેશાંજ રડતાં રહેશો નહિ. એવી સ્થિતિ પ્રાપ્ત થાય ત્યારે વિચાર કરજો કે ભોગવ્યાથીજ જેનો છુટકો થાય છે એવાં કર્મનો ક્ષય આવાં દુખો વેઠવાથી થાય છે.

(૫૨) વર્તમાન જીવન બગડયું તે સુધારવા તમે સમર્થ નથી પણ ભાવી જીવન સુધારવું, સારાં કર્મો બાંધવાં એતો તમારાજ હાથમાં છે. દુરાચારથી બચજો, એટલે કર્મો પોતે સુધરતાં જશે.

(૫૩) કર્મની વિચિત્ર ગતિને લીધે જે કાંઈ સ્થિતિ પ્રાપ્ત થાય તેમાં સંતોષથી ધીરજ રાખી રહેવું; અને તે સ્થિતિને અંગે જે ધર્મ હોય તે મુજબ વર્તવું.

(૫૪) તમારે તમારાં કુલનો, ઘરનો, ધર્મનો વિચાર રાખી એવી રીતે વર્તવું જોઇએ કે જેથી કુળની શોભાને એબ ન લાગે, અને ધર્મ ન વગોવાય.

(૫૫) જેથી મન પવિત્ર રહે, વૃત્તિઓના અવળા વેગ શમે અને ઉત્તમ કર્મ બંધાય તેવા આચાર વિચાર, આહાર વિહાર સંગતિ વાચન રાખવાં.

(૫૬) જેને તેને ગુરૂ કરવાથી, અહિં તહિં ભટકવાથી ધર્મ વૃદ્ધિ થાય છે એમ કદી પણ માનશો નહિ.

(૫૭) જગતમાં તમે જેને પોતાનું ગણી શકો એવું કંઇ નથી; શરીર પણ પોતાનું નથી તો બીજું તે શું હોય ? તમને હાલ જે મળ્યું છે તે પૂર્વે તમારૂં નહોતું, ભવિષ્યમાં તમારૂં થઈ રહેશે નહિ. માત્ર વર્તમાનમાં તમે તેને પોતાનું ભ્રમથી માની લ્યો છો, મમતા બાંધો છો અને પરિણામે દુઃખના અગ્નિમાં શેકાવું પડે છે.

(૫૮) દુનિયાદારીની લાલચો સામે ટકી રહેવા જેટલું બળ આપે એવી ધર્મની કેળવણી લેજો અને હૃદયને સારા સંસ્કારથી ભરજો.

(૫૯) વર્તમાન ક્ષણિક સુખ માટે ભાવીનું મ્હોટું દુઃખ વહોરી લેશો નહિ સુખના લ્હાવ લેવાને ઘડીક કસાવું પણ પડે.

(૬૦) બહોળા કુટુમ્બમાં પરતંત્રરૂપે તમને રહેવું પડે તો એવો સરળ સ્વભાવ રાખજો કે તમને કોઇ ભારરૂપ ન ગણે, તમને સૌ ઇચ્છે.

(૬૧) તમારી પાસે પૈસો હોય તો તેનો સદુપયોગ કરજો. ધર્મ ઢંગોથી ઠગાશો નહિ. અનાથ, માંદાં, અશક્તને મદદ કરજો, કેળવણીનાં કામમાં મદદ કરજો, પરોપકારનાં કામ કરજો.

(૬૨) અભિમાનને લીધે કે મ્હોટાપણાની ઇચ્છાને લીધે વર્ત

કદી પણ કરવું નહિ, પરંતુ તે કરવાથી મનની વૃત્તિઓપર જે સારૂં નરસું પરિણામ થવાનું છે તે પરિણામ ખાતર કરવું.

(૬૩) તમારી જાતને કદી પણ હલકા માનશો નહિ. પરમાર્થ સાધવાની તમને જેટલી અનુકુળતા છે તેટલી બીજાને નથી. સંસારની જંજાળ છુટયા પછી સુખપૂર્વક ધર્મધ્યાન પરાયણ ન થવાય તો એ કેટલી મ્હોટી ભૂલ ગણાય ?

(૬૪) આત્મ કલ્યાણ માટે પ્રથમ તમારા ચિત્તને શુદ્ધ કરવું જોઇએ, બુદ્ધિને મોહ રહિત કરવી જોઇએ. ચિત્ત શુદ્ધિનું સાધન સત્કર્મ, અને મોહને નાશ કરવાનું સાધન જ્ઞાન છે.

(૬૫) સત્કર્મને વારંવાર કરવાથી, જ્ઞાનના નિત્ય અભ્યાસથી, સંસારની અસારતા અને ભોગ વિલાસનાં સુખની ક્ષણિકતાના વિચારથી ચિત્ત શુદ્ધ થાય છે, દુર્વાસનાનો વેગ ઘટે છે, મોહ ટળે છે.

(૬૬) ન ત્યજી શકાય એવાં કર્મોને રાગદ્વેષ વગર અને ઇન્દ્રિયને તાબે થયા વગર યોગ્ય રીતે કરવામાં આવે તો શાન્તિ મળે છે.

(૬૭) કોઇની સોબતમાં આવવું નહિ અને આવવું તો સત્પુરૂષોની સોબતમાં. કામનાનો સર્વથા ત્યાગ કરવો, તે ન થઈ શકે તો મોક્ષની કામના રાખવી. સત્સંગ અને મોક્ષકામના એ બે સંસાર રોગની ઔષધિ છે.

(૬૮) જ્યાં સુધી ચિત્તમાં વાસનારૂપી પિશાચણીઓ થનથનાટ કરી રહી છે, ત્યાં સુધી પરમપદ દૂર છે એમ સ્હમજવું.

(૬૯) વાસના બે પ્રકારની છે. મલીન અને શુદ્ધ વિષયવાસના–સંસારવાસના મલિન છે અને પરમાર્થ વાસના શુદ્ધ છે શુદ્ધ વાસનાની વૃદ્ધિ અને મલિન વાસનાનો નાશ થાય તેવું જ્ઞાન મેળવવું. તેવા આચાર રાખવા.

(૭૦) વિદ્યા, ધન, ક્રોધ, રૂપ, યૌવન, પતિ, પુત્ર સંબંધી મલિન

વાસનાઓની નિવૃત્તિ વિવેક વડે કરવી.

(૭૧) વાસનાક્ષય જે રીતે સધાય તે રીતનો વ્યવહાર રાખવો. વાસનાનો નાશ કરવાને કંઈ દીક્ષા લેવી એજ ઉપાય નથી. દીક્ષાનો ધર્મ અનુસાર અધિકાર પ્રાપ્ત થાય તોજ તે ગ્રહણ કરવી. મોહવશ થઇને વગર વિચારે એમાં ઝંપલાવી ધર્મને કલંક ન લગાડવું. યાદ રાખવું કે ધર્મની શોભા જ્ઞાનરહિત અને તેથી પ્રપંચ અને ખટપટમાં ઉતરનારી દીક્ષિત સ્ત્રીઓથી નથી, પણ જ્ઞાનપૂર્ણ નિર્વાસન સ્થિતિને પ્રાપ્ત થએલ સુશિક્ષિત સ્ત્રીઓથી છે.

(૭૨) શુભકર્મોવડે જીવ દેવભાવને પામેછે, અને નિષિદ્ધ કર્મોવડે તે નારકી ગતિને પામેછે. એમાં બાહ્ય વેષ ધારણ કરવાથી કંઈ નથી વળતું. શુભકર્મો કરો અને તે કોઇપણ સ્થિતિમાં બની શકેછે,

(૭૩) તમને જ્ઞાન હોય, મનમાંથી મલિનવાસનાઓ ઓછી થતી હોય, દીક્ષાના કઠીણ ધર્મો બરાબર પાળી શકવા જેટલી શક્તિ હોય તોજ તેમાં પડજો. પરમાર્થ સાધવાની એ આશ્રમમાં જેટલી અનુકૂળતા છે-જેટલી સગવડછે તેટલાંજ તેમાં ભયસ્થાન પણ છે.

(૭૪) સત્સંગ, સત્શાસ્ત્ર શ્રવણ, સત્પુસ્તકોનો અભ્યાસ, વિવેક વિચાર એ સર્વથી તમારાં હૃદયઉપર ઉંચા સંસ્કાર પાડો, અને વારંવાર એમ કરવાથી તમારૂં વર્તન અને પ્રકૃતિ વિશુદ્ધ બનશે-સ્વતઃ દીક્ષા લઈ લેવાશે.

(૭૫) તમને સુખની અને શાન્તિની ઇચ્છા છે. સુખશાન્તિમાં વિક્ષેપ પાડનાર અજ્ઞાનજન્ય શોક અને મોહ છે, માનસ તાપ અને અંતઃકરણની વિષયો તરફ દોડવાની પ્રવૃત્તિનો હેતુ-મોહ એ બેની નિવૃત્તિ થાય તોજ સત્ય અખંડસુખ અને શાંતિ મળે. એ શોક-મોહની નિવૃત્તિ તેનાં ઉદ્ભાવકકારણ જે અજ્ઞાન તે નિઃશેષ ટળ્યા વગર થતી

નથી, ત્યારે અજ્ઞાન ટાળવું એજ કર્તવ્ય. અજ્ઞાન એટલે ખરી વસ્તુ સ્થિતિ જે હોય તેને બદલે બીજું કંઇ માનીલેવું તે-વસ્તુમાં અવસ્તુ નો આરોપજ. ગેરસમજણ—આવું અજ્ઞાન ટાળવું એ વાત સહેલી નથી. ત્હમે હાલ એ માટે કરી શકો તો તે એ છે કે ત્હમારે કામનાઓના અને સંકલ્પના અમર્યાદ પ્રદેશમાં ઓછું ભટકવું, નિરંતર મનને ઉંચા પવિત્ર વિચારોમાં રમાડવું, સ્વભાવ ગુણ કેળવવા અને વિશુદ્ધ વર્તન રાખવું: ઉપાધિ ઓછી કરવી, દુનિયાદારીના સુખનું સ્વરૂપ સ્હમજી તેના ઉપરનો મોહ ઘટાડવો. કામના અને સંકલ્પનો ત્યાગ કીધા વિના કોઇપણ ખરો ત્યાગી નથી, અને જે ખરો ત્યાગી નથી તેને સુખ નથી. કામના અને સંકલ્પના વિષયભૂત જે પદાર્થો હોય તે પદાર્થની ક્ષણિકતા, દુ:ખપ્રદતા, અતૃપ્તિપ્રદ સ્વભાવ, પરિણામ શીળતાનો વિચાર કરજો, અને તેના દેખાવામાત્રની રમણીયતાઉપર ભૂલ ખાશો નહિ. બ્હેનો! કહેવાનું ઘણું છે, તમે પ્રથમ એ સાંભળવાની ઇચ્છાને તેજ કરો, જિજ્ઞાસાને જગાવો એટલે એ તીવ્ર ઇચ્છા-ઉગ્ર જિજ્ઞાસા તમારા ઇચ્છાના વિષયને તમારી પાસે અવશ્ય ઘસડી લાવશે. ભલાં થાઓ, ભલાં કામ કરો, સદ્વિદ્યા પામો.

आर्या.

शिवमस्तु सर्व जगतः परहितनिरता भवन्तु भूतगणाः ।
दोषाः प्रयान्तु नाशं सर्वत्र सुखी भवन्तु लोकाः ॥

ભાવાર્થ:—સર્વ જગતનું કલ્યાણ થાઓ, સર્વ પ્રાણી સમૂહ પરહિત કરવા તત્પર થાઓ, દોષ માત્ર દૂર થાઓ, અને સહુ કોઇ સર્વત્ર સુખી થાઓ.

ॐ शान्तिः शान्तिः शान्तिः

અગાઉથી ગ્રાહક થનાર સદ્‌ગૃહસ્થનાં મુબારક નામ.

અંજાર-કચ્છ.

૫ રા. રા. મહીપતરામભાઈ અમરજી.
ન્યાયાધિશ સાહેબ.

૫ રા. રા. આત્મારામભાઈ કેશવજી.
ડૉકટર સાહેબ.

૫ રા. રા. શીવજીભાઇ પુરૂષોત્તમ.
કસ્ટમ દરોગા સાહેબ.

૫ અંજાર સનાતન ધર્માશ્રમ
હા. તુલશીરામ કૃપારામ પંડ્યા સેક્રેટરી.

૨ રા. રા. જાદવજીભાઇ મુરારજી.
ઓવરસીયર સાહેબ.

૧ ખરાશંકરભાઈ નવલરામ
જળવટના ધ્રુ.

૧ રા. મોહનલાલ શંભુલાલ અંતાણી
પગવટના ધ્રુ.

૧ રા. તુળશીરામ કૃપારામ પંડ્યા.
કશોટીના ધ્રુ.

૧ રા. દયારામ પરસોતમ જોશી.
જલવટ તારીજના ધ્રુ.

૧ રા. રણછોડ ઇંદિરજી એંગી કારકુન

૧ રા. દલપતરામ નરસીંહ
કપાણના ધ્રુ.

૨ માસ્તર. હરગોવીંદભાઈ પ્રિતાંબર
ત્રવાડિ.

૫ રા. શંકરલાલ ઘેલાભાઇ જેઠી.
અંજાર સ્ટેશન માસ્તર.

૧ રા. દુર્ગાશંકર નિરભયરામ
માપાંના ધ્રુ

૧ રા. ફુલશંકરભાઈ ભવાનીદાસ.
ડાયરી કારકુન.

૧ મહેતા. દેવજીભાઈ પુરૂષોત્તમ

૧ રા. વસ્તા પ્રાગજી કપાણી.

૧૦ શેઠ. ત્રીકમજી જીવણદાસ
હા. શેઠ રણછોડદાસભાઈ ત્રીકમજી

૧૦ ઠક્કર. વલ્લભદાસ ગોકળદાસ

૧૦ સંઘવી. વેણીદાસ કેશવજી
હા. ડોસાભાઇ જેરાજ

૧૦ મીસ્ત્રી. કરમશિંહ ખોડાભાઇ
હા. રતનશીભાઇ ખીમજી

૧૦ મીસ્ત્રી. લાલજી કચરાણી
હા. રઘુભાઈ લાલજી

૧૦ મીસ્ત્રી. રાજાભાઇ નારાણ
હા. નારણજીભાઇ રામજી ભાટ

૧૮ દોશી. ગલાલચંદ મુલજી.
હા. વછરાજભાઈ ગલાલચંદ

૧૦ દોશી. ભવાનજીભાઈ દામજી

૧૦ શાહ. નાથાભાઇ લવજી
શ્વે. કો. પ્રાંતિક સેક્રેટરિ

૧૦ શેઠ. શંભુલાલ જાદવજી

૧૦ શાહ. દેવશીભાઇ કાનજી
૧૦ શેઠ. પોપટભાઇ જીવરાજ
૭ ગુંસાઇ. હીરાગરજી ત્રિલોકગરજી
હા. દયાળભાઇ શિવજી.
૭ મહેતા. લક્ષ્મીચંદ મોતીચંદ
૫ પટેલ. રામજી લધાણી
૫ શેઠ. સોમચંદ ધારશી
૫ શાહ લાલજી અદેકરણ
૫ ભણશાલી. પ્રેમચંદ શિવજી
૫ ભણશાલી. હીરાચંદ નાનચંદ
૫ મી. દામજી પીતાંબર
૫ વોરા. નથુભાઇ વેલજી
૫ શેઠ વસનજી લાલચંદ કપાસના દલાલ
૫ ઠા. કચરા હીરજી ,,
૫ ઠા. માવજી વીશરામ
૨ ઠા. ગોકલદાસ રવજી
૫ ઠા. નારણ જુઠા
૨ ઠા. કરશનદાસ વીશનજી
૫ ઠા. ભાણજી વીશરામ
૫ શા. ઓધવજી પુરૂષોત્તમ
૫ મીસ્ત્રી. કુંવરજીભાઇ હીરજી
૫ ઠા. વિશરામ રામજી
વિલાયતિ દવા વેચનાર.
૫ મીસ્ત્રી. નાનજીભાઇ ડોસા
હા. કાનજીભાઇ
૫ મીસ્ત્રી. જીવાભાઈ વસ્તા
૫ માસ્તર. નથુભાઇ જસરાજ
૨ દોશી. બેચર મેરજી

૨ દોશી. પ્રાગચંદ બેચર
૨ દોશી. મોણસી હરખચંદ
૨ ગાંધી. જસરાજભાઇ ભવાનજી
૨ પારેખ. પુરૂષોત્તમ લાલચંદ
૨ શેઠ. ચુનીલાલ પાશવીર
૨ ઠા. દયાળ જુઠાણી
૨ ઠા. દ્વારકાંદાસ ડુંગરશી
૨ ઠા. કરશનદાસ ખીમજી
હા. જેઠાભાઇ કરશનદાસ
૨ ઠા. રણછોડદાસ કરશનદાસ
૨ દોશી. ભગવાનજી ઉકેડા
૨ દોશી. નાનચંદ પુરૂષોત્તમ
૨ ખડેર. કસ્તુર જુઠા
૨ ઠા. તેજપાલ મૂલજી
૨ ઠા. વીશનજી નરસી
૧ ઠા. મેઘજી કુંવરજી
૨ ઠા. લાલજી ઇભજી
૨ ઠા. હરિરામ આણંદજી
૨ ઠા. લધુ લાલજી.
૨ ઠા. હીરજી વાઘજી મોડવદરવાળા
૨ રા. કેશવજી મનજી પડાણાવાલા
૨ મા. માધવજી માણેકચંદ
અરીણવાલા.
૧ મહેતા. દેવજી રાજપાલ

અંજાર-કચ્છ.

૨ શેઠ. ગોકલદાસ જેઠાણી
૨ ઠા. તેજપાર મુરજી
૨ ઠા. મુરારજી અખે

૨ માં. જીવણ દેવકરણ.
૨ ઠા. લાલજી માવજી
૨ શેઠ. જેરામ ધેલા
૨ ઠા. હેમરાજ જેરામ
૨ શેઠ. જાદવજી દેવકરણ
૨ દાકટર. વલ્લભજીભાઈ હંશરાજ
૨ દાકટર. નરશીભાઈ દામોદર
૨ દાકટર. જેઠી ભગવાનજીભાઈ
૨ દાકટર. ધરમશીભાઇ ભીમરશી

ભુજ—કચ્છ.

૧૦ રા. રા. ભગવતીદાસભાઇ નર-
ભેરામ કષ્ટમ દરોગા સાહેબ
૫ રા. રા. લવજીભાઇ મોતીચંદ
લમ કોઠારના ઉપરી સાહેબ
૫ રા. રા. મુરારજીભાઇ ભગવાનજી
ભુજ અદાલતના શિરસ્તેદાર
૨ રા. રા. વાલજીભાઇ માવજીભાઇ
બાગ સુપ્રીન્ટેન્ડેન્ટ સાહેબ
૫ શેઠ. ઝવેરચંદ મોતીચંદ
હા. અમરતલાલ અફીણના ઈજારદાર
૨ માં. માધવજી તારાચંદ
૨ માં. હીરાચંદ ખેંગાર
૨ દોશી. જેઠાભાઈ વીશનજી

માંડવી બંદર—કચ્છ.

૨૫ દોશી જાદવજી ખોડીદાસના ટ્રસ્ટી
મુરારજીભાઇ હંસરાજ.
૫ શેઠ. નથુભાઇ ખેતસી
૨ શેઠ. વેલજી રૂપચંદ

તુણાબંદર—કચ્છ.

૫ રા. વીરજીભાઇ પ્રાગજી
તુણા કસ્ટમના મુખ્ય મુ.
૫ રા. મોતીચંદભાઇ રણછોડદાસ
બોમ્બે સ્ટીમ નેવીગેશન કંપ-
નીના એજન્ટ.
૨ ઠા. ધેલાભાઈ વીશરામ
૧ ઠા. ખીમજી નારાણ
૧ રાજગર. કારા મુરૂ
૨ છગનલાલભાઈ
તુંણા પોષ્ટ માસ્તર સાહેબ.
૧ જોશી હીરજી નારાણજી
૧ રા. લખમશી સુરજી
૧ ઠા. દેવજી હરજી
૧ ઠા. લધુ ભવાનજી

મુંદ્રાબંદર—કચ્છ.

૫ દેશાઇ. ડોસાભાઇ નરશિંહ
૧૦ શેઠ. ભાણજીભાઇ રામજીભાઈ
હા. દેવસીભાઇ ભાણજીભાઇ
૫ શેઠ. તારાચંદભાઇ લાલચંદ
૫ શેઠ. નાનચંદભાઇ મૂળચંદ
૫ દેશાઈ. ફતેચંદભાઇ પ્રતાપસિંહ
૨ રાજગોર નારાણજી પીતાંબર
મેલ ઓવરશીયર

વાંકી—કચ્છ.

૫ દેશાઇ. ગોપાલજીભાઇ કેશવજી.

મુંબાઈ બંદર.

૧૦ શેઠ. પુરૂષોત્તમભાઇ દેવજી હા.
રાઘવજીભાઈ પુરૂષોત્તમ

૨ શેઠ. ગોકલજી પાનાચંદ

વીરા–કચ્છ.

૨ કોઠારી. મોતીચંદ ભગવાનજી
૨ કોઠારી. ખેંગાર શેજપાર
૧ કોઠારી. દેવકરણ હીરાચંદ
૧ માં. ઝવેરલાલ શંભુ

લાકડીઆ–કચ્છ.

૨ કુબડીઆ. હીરાચંદ મેરાજ

રતાડીઆ–કચ્છ.

૨ શા. કુરપાર માંડણ

કચ્છ–ફરાદી.

૨ શા. ઘેલા હીરા
હા ભાઇ કાનજી ઘેલા

કચ્છ–નવાવાસ.

૨ શા. મેઘજી ખેરાજ

કચ્છ–શાંધાણ.

૧૦ શા. જીવરાજભાઇ નરશી મેશરી
૫ શા. વેલજીભાઇ આણંદજી મેશરી

જાહેર ખબર.

સ્વર્ગસ્થ પૂજ્ય શ્રી કર્મસિંહજી સ્વામી સ્મારક માળાના મણુકા નીચે પ્રમાણે બહાર પડી ગયા છેઃ-

(૧) સામાયિક સૂત્ર.

૨ જૈન સમાચાર ગદ્યાવલિ. ખંડ ૫—૬

૩ ,, ,, ૭—૮

૪ સુમન સંચય સ્તબક ૧ લો.

બીજા મણુકા તૈયાર થાય છે, તે અનુકુળતા પ્રમાણે બહાર પડશે. બીજા કોઇ વિદ્વાન્ તરફથી કોઇ ઉપયોગી પુસ્તક આપવામાં આવશે તો તે સ્વીકારી આ માળાના મણુકા તરીકે પ્રકટ કરવામાં આવશે.

દોશી સાકરચંદ મોતીચંદ.

અંજાર—કચ્છ.